

ચેમ્પિયન્સ લીગમાં રોનાલ્ડોનો વિક્રમી 136મો ગોલ

PAGE NO. 17

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH




બ્રિટનમાં ફ્યુઅલ સંકટ: પેટ્રોલ પંપ ઉપર ભીડ, બોટલ્સમાં ઈંધણ ભરવા મજબૂર

PAGE NO. 18

FRIDAY, 01 OCTOBER, 2021 Vol. 18, No. 40 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh. news Web : www. swadesh. news

નાણાકીય કૌભાંડો અને મજૂરોની સમસ્યાથી અનેક પ્રોજેક્ટ અટવાયા

# ચીનના BRI પ્રોજેક્ટથી ૪૨ દેશને માથે GDPના 10 ટકાથી વધુ દેવું

## પ્રોજેક્ટ સાથે સંકળાયેલા 165 દેશોનું દેવું 385 અબજ ડોલર થઇ ગયું છે : એઇડડેટા દ્વારા થયેલા અભ્યાસનું તારણ




**શાંઘાઈ**

ચીન દ્વારા તેનાં મહત્ત્વાકાંક્ષી બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ ફાઈનાન્સ પ્રોજેક્ટ માટે અમેરિકા તેમજ અન્ય મહત્ત્વનાં દેશોની સરખામણીમાં ૨: ૧ જેટલો એટલે કે, દર વર્ષે બમણો લગભગ ૮૫ અબજ ડોલરથી વધુનો ખર્ચ કરે છે. મહત્ત્વની વાત એ છે કે, તેનાં આ પ્રોજેક્ટને કારણે ૪૨ દેશો દેવાની જંગી જાળમાં ફસાઈ ગયા છે. આ ૪૨ દેશોનું દેવું જીડીપીના ૧૦ ટકા વધી ગયું છે. એઈડડેટા દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવાયું છે કે, ચીનનાં ૧૩,૪૨૭ પૈકી ૩૫ ટકા પ્રોજેક્ટ BRIને લગતા છે અને આ પ્રોજેક્ટ નાણાકીય કૌભાંડો તેમજ મજૂરોને લગતી સમસ્યાથી અટવાયો છે. લોકો તેનો વિરોધ કરી રહ્યા છે. પર્યાવરણીય સમસ્યા પણ તેને નડી રહી છે. ચીન આ પ્રોજેક્ટ નાણાકીય સહાયને બદલે સાથી દેશોને લોન આપીને ચલાવી રહ્યું છે જેમાં સાથી દેશો પરનો લોનનો બોજ સતત વધી રહ્યો છે. લોન કમ સહાયનું પ્રમાણ ૩૧:૧ નું છે. આ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા ૧૬૫ દેશોનું દેવું ૩૮૫ અબજ ડોલર થઈ ગયું છે.

# ઈક્વાડોરની જેલમાં ગેંગવોર, 116 કેદીનાં મોતઃ કટોકટી જાહેર કરાઈ

## હિંસામાં 80 કરતાં વધુ ઘાયલઃ 400 પોલીસ જવાનોને જેલમાં તૈનાત કરાયા

**ગ્વાયાક્વિલ**



ઈક્વાડોરમાં ગ્વાયાક્વિલમાં આવેલી જેલમાં કેદીઓની બે ગેંગ વચ્ચે અથડામણ થઈ હતી. એમાં ૧૧૬ કેદીનાં મોત અને ૮૦ કરતાં વધુને ઈજા પહોંચી હતી. જેલમાં પ્રભુત્વ સ્થાપવા માટે બે જૂથ વચ્ચે હિંસા થઈ હતી. આ હિંસા પછી ઈક્વાડોરના પ્રમુખે કટોકટી જાહેર કરી છે. ઈક્વાડોરમાં આંતરરાષ્ટ્રીય ડ્રગ્સનું રેકેટ ચલાવતા કેદીઓના બે જૂથો વચ્ચે પ્રભુત્વ જમાવવા માટે જેલમાં હિંસક અથડામણ થઈ હતી. આ જેલની હિંસક આગ અન્ય જેલોમાં ન પહોંચે તે માટે પ્રમુખે દેશમાં ઈમરજન્સી લાગુ કરીને જેલોમાં સૈનિકોની તૈનાતી કરી છે. જે જેલમાં હિંસા થઈ ત્યાં વધુ ૪૦૦ પોલીસ જવાનોનો કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો હતો. પ્રમુખ ગુલેર્મો લાસોએ જણાવ્યું હતું કે જેલમાં જે હિંસા થઈ તે દુખદ છે. જેલમાં જે ઘટના બની તેની તપાસ શરૃ કરવામાં આવી છે. જેલ પ્રશાસને કહ્યું હતું કે ઈક્વાડોરની જેલમાં અંદાજે ૪૦ હજાર કેદીઓ બંધ છે. એમાં મોટાભાગના હ્યુમન ટ્રાફિકિંગ અને ડ્રગ્સના ગુનેગારો છે.

# વીજળીની અછતથી ચીનના ગ્રોથનો અંદાજ ગોલ્ડમેન સાશે ઘટાડી 7.8% કર્યો

ચીનમાં વીજળીની તીવ્ર અછત સર્જાઈ છે. આને કારણે ગોલ્ડમેન સાશ દ્વારા ચાલુ વર્ષ માટે ચીનનો ગ્રોથનો અંદાજ ઘટાડીને ૭.૮ ટકા કરાયો છે. જે અગાઉ ૮.૨ ટકા નક્કી કરવામાં આવ્યો હતો. ચીનની રીઅલ એસ્ટેટ કંપની એવરગ્રાન્ડ ગંભીર નાણાકીય સંકટમાં સપડાઈને નાદારીનાં આરે આવીને ઊભી છે. જે ૨૦૦૮માં અમેરિકામાં લેહમેન દ્વારા સર્જાયેલા હાઉસિંગ કટોકટી જેવી સ્થિતિ સર્જી શકે છે. આની માઠી અસરો આખા વિશ્વનાં બજારો તેમજ ઈકોનોમી પર પડી શકે છે.



SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

Need mortgage financing? Look no further. Let me make it happen.
RBC Royal Bank®
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Serving Greater Toronto Region



Cell: 647-502-8069
Fax: 416-253-9461

ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું 2 પર
ABOWATH.COM

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker



#1
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Inderpendently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002



1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડામાં 2006 બાદ 2020માં સૌથી ઓછો જન્મદર

## 2019 કરતા પણ 2020માં 13000 ઓછા બાળકોનો જન્મ થયો, બે મહિનામાં ઘરોમાં બાળકોના જન્મનું પ્રમાણ 20% રહ્યું

**ટોરોન્ટો**

સ્ટેટિક્સ કેનેડાના એક અહેવાલ મુજબ 2020માં કેનેડાનો વાર્ષિક જન્મ દર 2006 કરતા ઘણો નીચો રહ્યો હતો. 2019 કરતા 13000 ઓછા બાળકોનો જન્મ થયો છે. ગયા વર્ષે દેશભરમાં 3,58,604 બાળકો જન્મ્યા હતા. જેમાં યુકોનનો સમાવેશ થતો નથી.

મંગળવારે બહાર પાડવામાં આવેલા આંકડા મુજબ સ્ટેટ કેન તરફથી જન્મ દર ઘટવા બાબતે જણાવ્યું હતું કે, 2016થી રાષ્ટ્રીય ધોરણે જન્મદરમાં ઘટાડો થઇ રહ્યો છે. આ વર્ષે 2019 કરતા નોંધપાત્ર ઘટાડો થયો હતો અને આશરે 3,72,000 બાળકોનો જન્મ થયો હતો.

આ સંસ્થાએ જણાવ્યું હતું કે, 2020માં જન્મદર ઘટવાના અનેક કારણો છે. કોવિડ-19ના રોગચાળાના કારણે આંતરરાષ્ટ્રીય વસાહતીઓનો ઘટાડો થયો હતો અને પ્રવાસ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. તેને પરિણામે નવા માતા-પિતાઓમાં જન્મનો દર નીચો રહ્યો હતો.



કોવિડ-19 રોગચાળા સિવાય શાળાઓ અને ડે-કેર બંધ રહેતા નોકરી ગુમાવનારાઓ આર્થિક અચોક્ક્સતામાં મુકાઈ ગયા હતા. તેના કારણે કેટલાક પરિવારોએ બાળકોને જન્મ આપવાનું મુલ્તવી રાખ્યું હતું અને તેથી જન્મ દર ઘટયો છે. કેનેડામાં છેલ્લા 20 વર્ષ દરમિયાન વર્ષ 2016માં જન્મનું પ્રમાણ સૌથી વધુ હતું અને આશરે 3,83,000 બાળકોનો જન્મ થયો હતો. બીજું એક નોંધપાત્ર પાસું એ છે કે, 2020માં હોસ્પિટલમાં પ્રસુતિ માટે આવનારાઓની સંખ્યામાં મોટો ઘટાડો થયો હતો.

હોસ્પિટલ સિવાય બાળકોને જન્મ આપવાનું પ્રમાણ વધીને 2.1% એટલે કે 7,606 થયું હતું. જે એક દાયકા કરતા પ્રમાણમાં ઘણો ઊંચો દર છે. રાજ્ય કક્ષાએ ઓન્ટેરિયો અને આલ્બર્ટામાં બાળકોને ખાનગીમાં જન્મ આપવાનું પ્રમાણ ભારે ઓછું રહ્યું હતું. કોવિડનો પ્રારંભ થતા સાથે જ હોસ્પિટલ સિવાય ખાનગીમાં મોટાપાયે બાળકોના જન્મ થયા હતા. સ્ટેટ કેને નોંધ્યું હતું કે એપ્રિલથી મે 2020 સુધી હોસ્પિટલ સિવાય ઘરોમાં 1526 બાળકોનો જન્મ થયો હતો.

# આલ્બર્ટા હેલ્થકેરે આઈસીયુમાં 312 દર્દીને દાખલ કરી નવો વિક્રમ સર્જ્યો

## દર્દીઓ દ્વારા અવાર-નવાર આઈસીયુની જગ્યા વધારવા માંગણી કરવામાં આવી હતી

**ઓન્ટેરિયો**

મહારોગચાળાની ચોથી લહેરમાં હેલ્થકેર વિભાગે વિક્રમજનક દર્દીઓને આઈસીયુમાં દાખલ કરી નવો વિક્રમ સર્જ્યો છે. આઈસીયુઈમાં દાખલ કરવામાં આવેલા 12 દર્દીઓ મોટાભાગે કોવિડથી પીડિત હતા એમ હેલ્થકેર સર્વિસના પ્રવક્તાએ સોમવારે સવારે એક નિવેદનમાં જણાવ્યું હતું.

નિવેદનમાં પ્રવક્તાએ કહ્યું હતું કે, દર્દીઓ દ્વારા અવાર-નવાર આઈસીયુની જગ્યા વધારવા માટે માંગણી કરવામાં આવી હતી. એએચએસે જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક સમયથી આઈસીયુમાં દર્દીઓની ટકાવારીમાં 11 ટકાનો વધારો થયો છે. હાલમાં આલ્બર્ટામાં 370 આઈસીયુ બેડ છે, એમાં હાલમાં 197નો વધારો કરવામાં આવ્યો છે. જેમાં સર્જિકલ બેડનો પણ સમાવેશ થાય છે. એએચએસ તરફથી જણાવવામાં આવ્યું હતું કે, કેલગેરી ઝોનમાં 67 વધારાના બેડના ઉમેરા સાથે આઈસીયુ બેડની સંખ્યા 133 થઈ હતી. એડમન્ટન ઝોનમાં 86 ટકા વધારાના બેડ સાથે કુલ 158 આઈસીયુબેડ થયા છે. આમ બેડની ક્ષમતામાં 87 ટકાનો વધારો થયો છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, અમે આલ્બર્ટામાં આરોગ્ય સેવાઓ પડી ભાંગે એવી સ્થિતિમાં પહોંચી ગયા હતા. મહત્વની આરોગ્ય સેવાઓમાં સ્પેશિયલાઈઝડ કર્મચારીઓની જરૂરિયાત હતી. પરંતુ તેના માટે ઘણી જહેમત ઉઠાવી પડી હતી અને વધતા જતા દર્દીઓની સાથે આઈસીયુની માંગ પણ વધતી જતી હતી. પરિણામે પ્રત્યેક દર્દી દીઠ એક નર્સનો વધારો કરવામાં આવ્યો હતો.

# ઓન્ટેરિયોમાં ઓક્ટોબર 2022થી લઘુતમ વેતનમાં વધારો થવાના સંકેત

**ટોરોન્ટો**

ઓક્ટોબર મહિનાની શરૂઆતમાં ઓન્ટેરિયો ખાતે કામ કરી રહેલા કામદારોના લઘુતમ વેતનમાં વધારો થશે. 2018-2020 દરમિયાન રોજગારીના દરમાં ઘટાડો કરવામાં આવ્યો હતો અને પ્રતિ કલાકે આપવામાં આવતા પગાર 14 ડોલર સુધી સીમિત કરવામાં આવ્યો હતો. જો કે, ઓક્ટોબરની પહેલી તારીખથી ઓન્ટેરિયોમાં લઘુતમ વેતનમાં 10 સેન્ટનો વધારો કરી 14.25થી 14.35 ડોલર કરવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીઓ અને લીકર સર્વર્સ બંનેને રાજ્યના લઘુતમ વેતન ધારા અંતર્ગત પગાર આપવામાં આવે છે. તેમને પણ 10 સેન્ટનો વધારો મળશે. વિદ્યાર્થીઓના રોજમાં 10 સેન્ટનો વધારો કરતા તે 13.40થી વધીને 13.50 ઉપર પહોંચશે. જયારે લિકર સર્વર્સના રોજમાં 10 સેન્ટનો વધારો થતા 12.45 થી 12.55 થશે. શિકાર, માછીમારી, વાઈલ્ડરનેસ ગાઈડના રોજીના દરમાં પ્રતિ કલાકે 25 સેન્ટનો વધારો કરવામાં આવશે. જે વધીને 71.75 પર પહોંચશે. એવા કર્મચારીઓ કે જેઓ ઘરમાં કામ કરે છે અને પગાર આપવામાં આવે છે તેમની રોજીમાં પણ 10 સેન્ટનો વધારો કરવામાં આવશે અને પ્રતિ કલાકે તેમને 15.80 ડોલર ચુકવવામાં આવશે.


કથા,હવન,ગાયત્રી યજ્ઞ,
વાસ્તુ પૂજન,ગ્રહશાંતિ,
જીટીએમાં દરેક જગ્યાએ
અમો સેવા આપીએ છીએ.



કાલસર્પ યોગ શાંતિ,નક્ષત્ર શાંતિ,
વગેરે ધાર્મિક કાર્યો અને લગ્ન,
બેબી શાવર, જેવા કાર્યો માટે
સંપર્ક કરો.
શશીકાંત ભટ્ટ
૯૦૫ ૪૫૬ ૭૬૨૨
Shashikant Bhatt
Home: 905-456-7622
Cell: 416-258-2750

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : DO YOU HAVE MORTGAGE / LINE OF CREDIT INSURANCE WITH BANK ?
A : COMPARE & SAVE UP TO 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE)
CANCER OR INSURANCE declined by other companies
★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

THINKING OF INVESTING?
INVEST AS LOW AS $50,000 IN REAL ESTATE
SECURED INVESTMENT with up to 8-12% Guaranteed Return
INVEST WITH Metrobuild Capital
Sharia'h Compliant
We have multiple avenues for investment in Residential Properties, Commercial Properties or Construction Projects plus your investment is secured against the assets.
રેસિડેન્શિયલ અને કોમર્શિયલ પ્રોપર્ટી અથવા કન્સ્ટ્રકશન પ્રોજેક્ટ્સ માં અમારી પાસે ઘણાં જુદા જુદા રોકાણોનો વિકલ્પ છે જ્યાં તમુને રોકાણ પર ૮-૧૨% સુધીનું વળતર અને તમારું રોકાણ સંપત્તિ સામે સુરક્ષિત હોય છે.
CALL 416 893 4585 TODAY!!!



આપના વિશ્વાસુ અને ભરોસાપાત્ર
અમારી રીયલ એસ્ટેટ અને ઇન્વેસ્ટમેન્ ની મફત સલાહ નો લાભ ઉઠાવવા માટે આજે જ સંપર્ક કરો.
Call us TODAY for all of your Real Estate Needs and get Honest, Reliable and Courteous Service you can count on.
Residential
New Construction
Investment
Commercial
MOHAMMAD ABOWATH SALES REPRESENTATIVE
MAAZ ABOWATH BROKER
IBRAHIM ABOWATH SALES REPRESENTATIVE
416 893 4585
ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
ABOWATH.COM
#1 RE/MAX
RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
#SellwithABOWATH your Local REALTOR
*Not intended to Solicit client under contract

# પ્રવાસન ક્ષેત્ર માટે ભંડોળ આપવાના નિર્ણયને આવકાર

## 100 મિલિયન ડોલર ફાળવાયા બાદ હવે અરજીઓ સ્વીકારાશે, પ્રવાસન ઉધોગને વર્ષ 2020-21 દરમિયાન 50 ટકા ખોટ ગઈ

**ઓન્ટેરિયો**

ટોરોન્ટોમાં બે સક્રિય સંગીત શાળાઓએ આ સમાચારોને આવકાર આપતા કહ્યું હતું કે, ઓન્ટેરિયોની સરકારે કોવિડ 19 રોગચાળાનો ભોગ બનનાર પ્રવાસન ઉધોગને રાહત આપવા માટે 100 મિલિયન ડોલરનું ભંડોળ જાહેર કર્યું છે. તે આ ઉધોગને મોટી રાહત પુરી પાડશે. કોહેને જણાવ્યું હતું કે, જે જાહેરાત કરવામાં આવી છે તે ખરેખર ઉત્સાહવર્ધક છે. કારણ કે, અમે પણ આ રોગચાળાનો ભોગ બન્યા છીએ અને લાંબા સમય સુધી અમારા ધંધા બંધ રાખવા પડ્યા હતા. ફરીથી વ્યવસાયની શરૂઆત કરનારે જણાવ્યું હતું કે, અમે હજુ પણ સેમી લોકડાઉનનો સામનો કરી રહ્યા છીએ. જેફ કોઈન કલેક્ટીવ કોન્સર્ટ અને લીઝ પેલેસ તથા હોસ શુ ટેવર્નના મલિક અને સંસ્થાના અધ્યક્ષે કહ્યુ હતું કે, કેન્દ્ર સરકાર અથવા શહેરની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તરફથી લાઈવ મ્યુઝિક કલબ સ્થળો, કલાકારો કે સંગીત અને મનોરંજન સાથે સંકળાયેલા લોકો અને ઉધોગોને ટોરોન્ટોમાં કોવિડ મહામારીને કારણે



અન્ય ક્ષેત્રોની જેમ ભારે નુકશાન થયું છે. રેસ્ટોરન્ટ્સ અને પ્રવાસનના સંચાલકોને જે નુકશાન થયું છે તેમને સરકારના આ નિર્ણયથી ઘણી રાહત થશે. જો કે, હકીકતે અમે એ જાણતા નથી કે, આ ભંડોળ કઈ રીતે મદદ કરશે. આ એક સખત સ્પર્ધા ધરાવતો ઉધોગ છે અને આ ભંડોળ બાબતે અમે બહુ ઝાઝું જાણતા નથી. આમ છતાં ઓન્ટેરિયોનું રાજ્ય હજુ પણ ત્રીજી લહેરનો સામનો કરી રહ્યો છે. ત્યારે સરકારી જાહેરાત અમારા માટે રાહતરૂપ નીવડશે. લોજ, પ્રવાસી બોટ, સ્કી સેન્ટર, લાઈવ પરફોર્મન્સ સ્થળો, સિનેમા ડ્રાઈવ, ઈન થિયેટર્સો તથા એમ્યુઝમેન્ટ અને વોટરપાર્કસ જેવા ઈંગ્લિશ પ્રવાસન ઉધોગોને પ્રાદેશિક ટેકો મળવો જરૂરી છે એમ મેક ઓડે જણાવ્યું હતુ અને કહ્યું હતું કે, આ ભંડોળથી પ્રાદેશિક પ્રવાસન ઉધોગને રાહત મળશે. પ્રવાસન ઉધોગને વર્ષ 2020-21 દરમિયાન 50 ટકા ખોટનો સામનો કરવો પડ્યો છે, જે વર્ષ 2019ની સરખામણી કરતા વધુ નુકસાન દર્શાવે છે. આ પ્રોગ્રામ માટે 13મી ઓક્ટોબરથી અરજીઓ સ્વીકારવામાં આવશે.

# ટોરોન્ટો પ્રાંતના રાઈડિંગ ડ્રાઈવરો માટે કાઉન્સિલ તાલીમ ફરજિયાત બનાવાશે

**ટોરોન્ટો**

ટોરન્ટો સ્ટોરોન્ટોના રાઈડ ડ્રાઈવરો માટે ટોરોન્ટો સિટીની કાઉન્સિલ ફરી વખત ફરજીયાત તાલીમ દાખલ કરશે. એક વર્ષ અગાઉ નવા ડ્રાઈવરો માટે વ્યક્તિગત તાલીમ જરૂરી હોવાનો એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. પરંતુ કોવિડના રોગચાળાને કારણે આ પ્રોગ્રામ આગળ વધી શક્યો ન હોતો. હજારો ડ્રાઈવરોને તાલીમ વિના લાઈસન્સ આપવામાં આવ્યા હતા. નિરિક્ષકોને આશા છે કે, આવતા સપ્તાહે મળનારી સીટી કાઉન્સિલમાં આ બાબતને નિર્ણાયક સ્વરૂપ આપવામાં આવશે.

એરલા ફિલિપ્સે કહ્યું હતું કે, મને લાગે છે કે, શહેરમાં આ બાબતે આગળ વધવાની જરૂરત છે અને અવાર-નવાર આ બાબતને મુલ્તવી રાખવી જોઈએ નહીં. તેણે ખુશી વ્યક્ત કરી હતી કે, ટોરોન્ટો શહેરની કાઉન્સિલ નવા વાહનો માટે ડ્રાઈવરોની તાલીમ ફરજીયાત બનાવી રહી છે અને 2019થી ટ્રાન્સપોર્ટેશન કંપનીના ડ્રાઈવરોને તાલીમ આપવાની શરૂઆત થઈ રહી છે. થોડા સમય પહેલા ટોરોન્ટો ઈન્ટરનેશનલ પિયરસન એરપોર્ટ પર સ્ત્રી મિત્ર સાથે જઈ રહેલા એક 28 વર્ષીય યુવાનનું ઉબેર કંપનીના ડ્રાઈવરથી એક અકસ્માતમાં મોત થયું હતું અને તે બદલ એક કેસ દાખલ કરવામાં આવ્યો હતો. ફરિયાદમાં જણાવાયું હતું કે, માર્યા ગયેલા કેમેરોનનું મોત ગાર્ડિનર ખાતે ઉબેરનો ડ્રાઈવર રોન્ગ સાઈડમાં વાહન ચલાવી રહ્યો હતો, તેને કારણે થતા ડ્રાઈવરને જવાબદાર ઠેરવવામાં આવ્યો હતો. ડ્રાઈવરોને વધુ જવાબદાર બનાવવા શિસ્ત અને તાલીમ વધુ આપવાની જરૂરત છે એમ ફિલિપ્સે જણાવ્યું હતું. આવતા સપ્તાહે કાઉન્સિલમાં કાઉન્સિલર ક્રિસ્ટિન વોન્ગ તરફથી એક દરખાસ્ત રજુ કરવામાં આવશે. જેમાં ટ્રેનીંગ પ્રોગ્રામ પૂરો ના કરવામાં આવે ત્યાં સુધી લાઈસન્સ ના આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવશે.

**સીટી કાઉન્સિલની બેઠકમાં નિર્ણય થવાની સંભાવના**

# કેનેડામાં 5G સુવિધા માટે હુવેઈની મદદનો નિર્ણય ટૂંક સમયમાં કરાશે : જસ્ટીન ટ્રુડો

**ટોરન્ટો**

ચાઈનીઝ ટેલિકોમ જાયન્ટ હુવેઈના એકઝીકયુટીવ મેન્ગ વાન્ઝોહુને મુકત કરાયા બાદ કેનેડીયન નાગરિકો મિશેલ સ્પાવર અને મિશેલ કોવરીગને મુકત કરાયા ન હોવાથી હવે કેનેડા અને ચીન વચ્ચેના સંબંધોમાં હુવેઈ અવરોધરૂપ બને એવી શકયતા છે. વિશ્વની સૌથી મોટી સ્માર્ટફોન પુરા પાડનારી કંપની છે જે કેનેડામાં પણ બિઝનેસ કરે છે અને દેશમાં ફાઈવ જીના વાયરલેસ નેટવર્ક માટે પ્રયાસરત છે. જો કે, કેનેડાની સરકારે હજુ સુધી ચાઈનીસ કંપની સાથે ફાઈવ જી નેટવર્ક માટે મંજુરી આપી નથી. મંગળવારે બપોરે વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ એમને પુછાયેલા હુવેઇ વિશેના પ્રશ્નના જવાબમાં કહ્યુ હતુ કે અમે જોયું છે કે, ઘણી કેનેડિયન ટેલીકોમ કંપનીઓએ હુવેઈ સાથે કામ કરવાનુ બંધ કર્યુ છે. અમે પણ બીજા વિકલ્પોની શોધમાં છીએ અને આવનારા થોડા અઠવાડિયામાં જ અમે એ વિશે સત્તાવાર જાહેરાત પણ કરીશું. યુનિર્વસિટી ઓફ ઓટાવાના સિનીયર ફેલો માર્ગારિટ મેકકુવેગ જોન્સને કહ્યું હતુ કે, કેનેડાએ હુવેઈ ઉપર પ્રતિબંધ જલ્દીથી મુકી દેવો જોઈએ. કેમ કે, હુવેઈ ચીનની સરકાર સાથે ગાઢ સંબંધો ધરાવે છે અને એટલે જ એને દૂર રાખવાનો નિર્ણય લેવામાં સરળતા પણ રહેશે.

# ગુજરાતી સિનિયર્સ સમાજ ઓફ મીસીસોગાનો ડોરસેટ કેમ્પ યોજાયો









**મિસીસાગા**

ગુજરાતી સિનિયર્સ સમાજ દ્વારા ડોરસેટ કેમ્પનું આયોજન કરાયું હતુ. કેમ્પને સફળ બનાવવા આયોજક શ્રીકાન્તભાઈ, ભારતી ગાંધી, મુકેશભાઈ, ભારતી ગજરીયા, વિરેન્દ્ર ભાઈ, સુધાબેન ભટ્ટ, જગદીશભાઈ, નીલાબેન શાહ, સુભાષ ભાઈ, પુષ્પાબેન પટેલ તથા કનુકાકાને અને સવિતા કાકી સક્રિય રહ્યા હતા. ૬ સપ્ટેમ્બરે વાતાવરણમાં ઉઘાડ નીકળતા સભ્યોનો આનંદ બેવડાયો હતો.

તમામ સભ્યો કોવિંડના નિયમોને અનુસરીને બસમાં સવાર થયા બાદ યાત્રા શરૂ થઈ હતી. જે બાદ Tim Hortonમાં સ્ટોપેજ થતાં ચા કોફી સાથે ભારતીબેન ગાંધી તથા મંજુબેન લાડવાએ બનાવેલી ફરસી પુરીનો સ્વાદ સૌએ માણ્યો હતો. ત્યારબાદ બસ ગંતવ્ય સ્થાને પહોંચી અને તે પછી હોલમાં સૌ ભેગા થયા હતા.

ત્યારબાદ મિત્રોએ બનાવેલા થેપલા તથા વટાણા બટેટાનું શાક કે જે ભારતીબેન ગજરીયા, પ્રફુલ્લાબેન દેસાઈ, અને સુધાબેન ભટ્ટે બનાવ્યું હતું. તેનો જમણવાર થયો હતો. બપોર બાદ સૌ તળાવ તરફ ફરવા ગયા. આ દરમિયાન સૌએ જૂના સંસ્મરણો વાગોળ્યા હતા. જે બાદ scavenger hunt રમત ભારતીબેન ગજરીયા અને હર્ષાબેન મહેતાએ બધાને રમાડી હતી. સભ્યોને word search Books અને પેન ભેટ આપવામાં આવી હતી.

આ ઉપરાંત ખાવાની સાધન સામગ્રી તથા રોકડા donationનો પણ સારો સહકાર મળ્યો હતો.

# ઓન્ટેરિયો ખાણ અકસ્માત: 4000 ફુટની ઉંડાઈએ કામદારો ફસાયા: 35ને બચાવાયા

**ઓન્ટેરિયો**

ટોટેઈન માઈન સડબરી ઓન્ટેરિયો ખાતે ખાણ અકસ્માતમાં ફસાયેલા 4 કામદારોને બહાર કાઢવા પ્રયત્નો ચાલી રહ્યા છે એમ વેલ કંપનીએ મંગળવારે બપોરે જણાવ્યું હતું. ખાણમાં 39 કામદારો સપડાયા હતા. તેમાંથી 35 ખાણ કામદારોને જુદી-જુદી ઉડાઈએથી બહાર કાઢવામાં સફળતા મળી છે.

આ કામદારો 3000-4000 ફૂટની ઊંડાઈએ સપડાયા હોવાનું વેલ કંપનીના પ્રવક્તાએ જણાવ્યું હતું. ડોક્ટરોની ટીમ ઘટનસ્થળે પહોંચી ગઈ હતી અને તેણે કામદારોને તપાસતા હળવી ઈજાઓ થઈ હોવાનું નિદાન થયુ હતું.

30 કામદારોનું પ્રતિનિધિત્વ કરી રહેલા યુનાઈટેડ સ્ટીલ વર્કર્સ તરફથી જણાવવામાં આવ્યું હતું કે, કામદારોને પીવાનું પાણી, ખાદ્ય સામગ્રી અને દવાઓ પહોંચાડવામાં આવી છે. આ એક જટિલ પરિસ્થિતિ હતી. કામદારોની સલામતી અને રક્ષણ માટે સાવધાનીના દરેક પગલાં લેવામાં આવ્યા હતા અને સપડાયેલા કામદારોને બહાર લઈ આવવા માટે ભારે પ્રયત્નો કરવામાં આવ્યા હતા એમ યુ.એસ. ડબલ્યુ.ના પ્રવક્તા નિક લાર્કોલીએ જણાવ્યું હતું.

મદદ પહોંચવાના પ્રયત્ન બાબતે બાકી રહેલા 4 કામદારોના પરિવારોને બદલાતી જતી પરિસ્થિતિથી વાકેફ રાખવામાં આવ્યા છે. સહાય ટુકડીમાં વેલ્સ કંપનીના 58 લોકોની એક ટીમ અને ઓન્ટેરિયો માઈન્સ રેસ્ક્યુ પણ આ પ્રયત્નોમાં મદદ કરી રહ્યા છે. હાલની ખાણમાં 1200 મીટરથી વધુ ઊંડાઈએ પહોંચવા માટે સંખ્યાબંધ સીડીઓ ચડવી પડી હતી.

# નોવા સ્કોસિયામાં કોવિડ-19ની અસર મંદ પડતા નોકરીની માંગમાં ઉછાળો

**ટોરન્ટો**

કોવિડ -19ને પહોંચી વળવા માટે લેવામાં આવેલા પગલાંને કારણે કામદારોની મૉટેપાયે છટણી કરવાની ફરજ પડી હતી. તેમાના કેટલાક ક્ષેત્રો બીજી વ્યવસ્થા કરવામાં સફળ રહ્યા હતા. કેનેડામાં એક સરકારી અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, જે ક્ષેત્રોમાં રોજગારીને અસર થઈ છે, તેમાં નોવા સ્કોસિયાનો પણ સમાવેશ થાય છે.

અનેક કેનેડીયનોએ પોતાની નોકરી ગુમાવી હતી અથવા તો કામના કલાકો ઘટાડવામાં આવ્યા હતા. તેના પરિણામે જાહેર આરોગ્ય સેવાઓમાં પણ કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો કરવામાં આવ્યો હતો. જે ક્ષેત્રોમાં રોજગારીને ભારે અસર પહોંચી હતી, તેમાં હોસ્પિટલ્સનો સમાવેશ થાય છે.

જો કે, કેટલીક જગ્યાએ નોકરીની માંગમાં ભારે વધારો થયો છે. જેમાં ફાયનાન્સિયલ ઓડિટર્સ અને એકાઉન્ટન્ટ્સ. એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, એડમિનિસ્ટ્રેટિવ આસિસ્ટન્ટ, જનરલ ઓફિસ સપોર્ટ વર્કર્સ જેવી જગ્યાઓ ખાલી છે. આ ઉપરાંત નેચરલ એન્ડ એપ્પલાઈડ સાયન્સિસને સબંધિત નોકરીઓ તથા કોમ્પ્યુટર અને ઈન્ફોર્મેશન સિસ્ટમની નોકરીઓમાં નોવા સ્કોસિયા ખાતે વધારો થઈ રહ્યો છે.

**કોરોનાને કારણે મોટાભાગના સેકટરમાં કર્મચારીની મોપાપાયે છટણી થઈ હતી**

તંત્રી સ્થાનેથી

# પંજાબમાં નવજોત સિદ્ધુના ત્રાગા સામે કોંગ્રેસ હાઈકમાન્ડ મક્કમ



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

પંજાબમાં કોંગ્રેસે નવજોત સિદ્ધુને પાર્ટીમાં સામેલ કર્યો ત્યારથી શરૂ થયેલા ડખા હજુ બંધ થવાનું નામ લેતા નથી. સિદ્ધુ કોંગ્રેસમાં કેપ્ટન અમરિન્દરસિંહની આંગળી પકડીને આવ્યા હતા. પરંતુ તે પછી કેપ્ટન સામે જ તેમણે મોરચો માંડવાની શરૂઆત કરી દીધી. અમરિન્દરસિંહ કેપ્ટનનો સિતારો આ સમયે બુલંદી ઉપર હોવાથી કોંગ્રેસ હાઈકમાન્ડે સિદ્ધુની ફરિયાદોને ઝાઝુ મહત્વ આપ્યુ ન હતુ. જેને કારણે સિદ્ધુ હાસિયામાં ધકેલાઈ ગયા. પરંતુ તે પછી આ ખેલાડી જાતે જ મેદાનમાં આવ્યો અને તેણે કેપ્ટનથી દુભાયેલા ધારાસભ્યોને ભેગા કરવા માંડ્યા. કેપ્ટનને સીએમ પદેને કાઢવા માટે સિદ્ધુએ જાતજાતના ધમપછાડા કર્યા હતા. આખરે સિદ્ધુને શાંત પાડવા કોંગ્રેસ હાઈકમાન્ડે તેને પ્રદેશ પ્રમુખ બનાવી દીધા. પરંતુ આમ છતાં સિદ્ધુએ કેપ્ટન સામેના ઉધામા ચાલુ જ રાખ્યા હતા. સિદ્ધુએ પંજાબ કોંગ્રેસમાં અસંતોષને એ હદે ભડકાવ્યો કે, કેપ્ટનને ના હટાવાય તો કોંગ્રેસમાં બળવો થઈ જાય એવી સ્થિતિ સર્જાઈ. હવે 2022માં પંજાબમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. આવા સમયે બળવો ના થાય એથી કોંગ્રેસ હાઈકમાન્ડે કેપ્ટન અમરિન્દરસિંહને રાજીનામુ આપવા આદેશ કરી ચરણજીતસિંહ ચન્નીને મુખ્યમંત્રીપદે બેસાડ્યા.

આ ઘટના પછી સિદ્ધુ શાંત થઈને બેસી જશે અને છ મહિના પછી યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને જીતાડવા પૂરી તાકાતથી લાગી જશે તેમ કોંગ્રેસ હાઈકમાન્ડ માનતુ હતુ. ચન્ની સિદ્ધુનો જ માણસ છે તેથી સિદ્ધુ હવે કોઈ ડખો નહીં કરે એવું સૌને લાગતું હતું. પરંતુ સ્થિતિ તેથી વિપરિત સર્જાઈ. મંગળવારે સિદ્ધુએ પંજાબ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખપદેથી જ રાજીનામું ધરી દઈ સૌને આંચકો આપી દીધો હતો. સિધ્ધુ ૧૮ જુલાઈએ પ્રદેશ પ્રમુખ બન્યા, એટલે કે બે મહિના અને દસ દિવસ કોંગ્રેસના પ્રમુખપદે રહ્યા. સામાન્ય રીતે રાજીનામું આપનારા પોતે અંગત કારણોસર રાજીનામું આપે છે એવો બે લીટીનો કાગળ લખીને પતાવી દેતા હોય છે.

પણ મોટી મોટી વાતો અને વિદ્વતાનો ડોળ એ નવજોત સિદ્ધુની ખાસિયત છે. સોનિયા ગાંધીને લખેલા પત્રમાં પણ તેણે એવું જ કર્યું છે. સિદ્ધુએ લખ્યું છે કે, કોઈ પણ માણસના ચારિત્રયનું પતન એ કઈ હદે સમાધાન કરે છે તેના કારણે શરૂ થયું હોય છે. હું પંજાબના ભવિષ્ય તથા પંજાબના વિકાસના એજન્ડા સાથે કદી સમાધાન ના કરી શકું. આ કારણે હું પ્રદેશ પ્રમુખપદેથી રાજીનામું આપું છું. પણ કોંગ્રેસની સેવા કરવાનું ચાલુ રાખીશ. સિદ્ધુના કહેવાનો મતલબ એવો હતો કે, પંજાબ સરકારના શાસનમાં પંજાબનું ભાવિ સારું લાગતું નથી અને પંજાબનો વિકાસ કરી શકે એવું લાગતું નથી. સિદ્ધુની વાત સાચી છે કે નહીં તેની ચર્ચાનો મતલબ નથી. કેમ કે, આ સિદ્ધુનો અંગત મત છે અને આ મત કેમ બંધાયો એ જગજાહેર છે. વાસ્તવમાં સિદ્ધુની હાલત દુ:ખે છે પેટ અને કૂટે છે માથું જેવી છે. સિદ્ધુ પંજાબના વિકાસ અને પંજાબના ભવિષ્યની ડાહી ડાહી વાતો ભલે કરે પણ વાસ્તવમાં મુખ્યમંત્રીપદે ના બેસવા મળ્યું તેના કારણે સિદ્ધુ દુ:ખી હતો.

નવજોત સિદ્ધુને એમ હતું કે, કેપ્ટન ઘરભેગા થશે એટલે પંજાબની ગાદી પર બેસવાની તક તેમને મળશે. પંજાબના ધારાસભ્યોમાં અસંતોષ ભડકાવીને કેપ્ટન તો ઠીક પણ કોંગ્રેસ હાઈકમાન્ડની ઊંઘ પણ તેણે હરામ કરી નાંખી હતી. પંજાબમાં ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં વિધાનસભાની ચૂંટણી છે. સામી ચૂંટણીએ કેપ્ટન સામે જોરદાર કકળાટ ઊભો કરીને સિદ્ધુએ પોતાની તાકાત બતાવી અને તેના કારણે કેપ્ટનને ઘરભેગા થવુ પડ્યુ. પરંતુ તે પછી સોનીયા ગાંધીએ સીએમ પદ માટે ચન્નીની પસંદગી કરીને સિદ્ધુનો ખેલ ઉંધો પાડી દીધો. ચન્નીને મુખ્યમંત્રી બનાવાયા તે વખતે વાંધો લે તો સિદ્ધુ સત્તાભૂખ્યો છે તેવુ જગજાહેર થઈ જાય. એટલે સિદ્ધુ ચૂપ થઈને બેસી રહ્યો. હાઈકમાન્ડે પ્રધાનોની પસંદગીમાં પણ સિદ્ધુને સાથે રાખ્યો એટલે સિદ્ધુથી એ વખતે પણ ન બોલાયુ. પરંતુ તે પછી ખાતાંની ફાળવણી વખતે તેને મોકો મળી ગયો. ચન્નીએ ખાતાંની ફાળવણીમાં પોતાને પૂછ્યું નથી એવો બળાપો કાઢીને મંગળવારે રાજીનામું ધરી દીધું. ભ્રષ્ટાચારના આરોપોનો સામનો કરી રહેલા કેપ્ટનના ખાસ માણસ રાણા ગુરજીતસિંહને કેબિનેટમાં લેવાયા તેની સામે તેને વાંધો હોવાનું કહેવાય છે.

પણ એ વખતે સિદ્ધુ બોલ્યો નહોતો તેથી આ વાત ગળે ઉતરે એવી નથી. સિદ્ધુ પંજાબના વિકાસ અને ભવિષ્યની જે વાતો કરે છે તેમાં દમ નથી. કમ સે કમ હાલના મુખ્યમંત્રી ચરણજીતસિંહના હાથમાં પંજાબનું ભવિષ્ય સલામત નથી એવું આળ તો મૂકી શકાય તેમ જ નથી. તેનું કારણ એ કે, ચન્ની મુખ્યમંત્રીપદે બેઠા એ વાતને હજુ જુમ્મા-જુમ્મા ચાર દિન થયા છે. હવે ચૂંટણીમાં કોંગ્રેસ જીતે તો સ્વાભાવિક રીતે જ ચન્નીને તેનો જશ મળે. જયારે કોંગ્રેસ હારી જાય તો પછી સિદ્ધુને તક મળવાનો સવાલ જ નથી. સિદ્ધુએ પાંચ વર્ષ મજૂરી કરીને કોંગ્રેસને ફરી બેઠી કરવી પડે અને એ પછી પણ ગાદી મળે તેની તો ગેરંટી નહીં. આ કારણે પણ સિદ્ધુની ધીરજ ખૂટી ગઈ હોય એ શક્ય છે. સિદ્ધુ પ્રદેશ પ્રમુખપદેથી રાજીનામું આપ્યા પછી કોંગ્રેસમાં રહેશે કે નહીં એ અંગે પણ અટકળો ચાલી રહી હતી. દરમિયાન ગુરુવારે સરકાર ચલાવવા ત્રણ સૂત્રીય ફોર્મ્યૂલા નક્કી કરવા સાથે સિદ્ધુ-ચન્ની વચ્ચે મડાગાંઠ ઉકેલાઈ હોવાના અહેવાલો હતા. બન્ને નેતા વચ્ચે બે કલાક બેઠક ચાલી હતી. પંજાબ સરકારની અનેક નિમણૂકોથી સિદ્ધુ નારાજ હતા. જેમાં એડવોકેટ જનરલની નિમણૂકનો મુદ્દે મુખ્ય હતો. કોંગ્રેસ હાઈકમાન્ડના આદેશ બાદ પંજાબ ભવનમાં ચન્ની અને સિદ્ધુ વચ્ચે બે કલાકની વાતચીત બાદ એક સમિતિની રચના કરવામાં આવી છે, જે સમગ્ર મામલા પર વિચાર-વિમર્શ કરશે. આ સમિતિમાં મુખ્યમંત્રી ચન્ની, નવજોત સિંહ સિદ્ધુ અને કોંગ્રેસ પાર્ટીના મહાસચિવનો સમાવેશ થશે. જે અધિકારીઓને લઈને વિવાદ છે અને સિદ્ધુને આપત્તિ છે તેમના પરર્ફોમન્સ અહેવાલ પર કમિટી ચર્ચા કરશે.

જો કે, ચરણજીત ચન્નીને પંજાબનાં બધાં રાજકીય સમીકરણોને સાચવી લેવા ગાદી પર બેસાડાયા છે. તેથી તેમાં ફેરફાર કરવા જાય તો પંજાબમાં કોંગ્રેસને મોટુ નુકસાન થઈ શકે તેમ છે.પંજાબ ભૌગોલિક અને રાજકીય રીતે માલવા, દોઆબા અને માઝા એમ ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. પણ રાજકીય રીતે માલવાનો પ્રભાવ છે. આવા સંજોગોમાં સિદ્ધુના કોઈ પણ ત્રાગાને કોંગ્રેસ ચલાવવાના મુડમાં નથી. દરમિયાન બુધવારે કેપ્ટન અમરિન્દરસિંહ અચાનક દિલ્હી પહોંચ્યા અને અમીત શાહ સાથે પણ મુલાકાત થઈ. જેથી ભાજપમાં જોડાવાની અટકળો ચાલી. પરંતુ ગુરુવારે સાંજ સુધીમાં ખુદ કેપ્ટને જ કોંગ્રેસ છોડવા સાથે ભાજપમાં નહીં જોડાય તેવી જાહેરાત કરીને અટકળો પર પૂર્ણવિરામ મુકી દીધુ હતું.

manoj1968@yahoo. ca






### ડાયમંડ ઉત્પાદન દરમ્યાન નીકળેલા સ્ક્રેપનું 95 કરોડમાં રોકડ વેચાણ કરાયું છતાં ચોપડે નોંધ નહીં

# રત્નકલા ડાયમંડના 2742 કરોડના બેનામી વ્યવહારો

**સુરત**




**સુરત, નવસારી, મોરબી, વાંકાનેર, મુંબઈમાં ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટના દરોડા, વેપારીને ત્યાંથી 2 કરોડ રોકડા, દાગીના મળ્યા : 10થી વધુ લોકરો સીલ**

આવકવેરા વિભાગના અધિકારીઓએ સુરત, નવસારી, વાંકાનેર, મોરબી અને મુંબઈમાં ડાયમંડ ટ્રેડર્સને ત્યાં તા.૨૨-૯-૨૧ના રોજ દરોડા પાડયા હતા. ૨૩ જેટલા ધંધાના અને રહેઠાણના સ્થળે દરોડાની કાર્યવાહી કર્યા બાદ અંદાજે ૨,૭૪૨ કરોડના બેનામી વ્યવહારો મળ્યાં છે. ગુજરાતમાં દરોડાની શરૂઆત કર્યા બાદ સૌથી મોટી કરચોરી સુરતના ડાયમંડ ટ્રેડર્સની બહાર આવી છે. ગત સપ્તાહમાં આવકેવરાના ઈન્વેસ્ટીગેશનના ૧૫૦ અધિકારીઓએ સુરતના વરાછા ખોડીયારનગરમાં આવેલી રત્નકલા એકસપોર્ટના માલિકો અને ભાગીદારોના ૨૩ સ્થળે દરોડા પાડયા હતા. દરોડા દરમ્યાન મોટી માત્રામાં ડિજિટલ ફોર્મમાં ડોક્યુમેન્ટ જપ્ત કરાયા હતા. સુરત, નવસારી અને મુંબઈમાં રહેતા ડાયમંડ ટ્રેડર્સના કર્મચારીઓના રહેઠાણથી કરચોરી અંગેના દસ્તાવેજો જપ્ત કરાયા હતા. છેલ્લા પાંચ વર્ષમાં બેનામી ખરીદ અને વેચાણના ૩૧૮ કરોડના પોલીશ્ડ ડાયમંડના બિનહિસાબી વ્યવહાર મળ્યાં છે. ડાયમંડ ઉત્પાદન દરમ્યાન નિકળેલા સ્ક્રેપનું ૯૫ કરોડમાં રોકડ વેચાણ કરાયું છે. જેની ચોપડે નોંધ કરાઈ નથી. સમગ્ર મેગા સર્ચ ઓપરેશનમાં ૨,૭૪૨ કરોડની બિનહિસાબી એન્ટ્રી મળી છે. જે ખરીદ અને વેચાણની છે. હોંગકોગથી આયાત કરાયેલા રફ ડાયમંડને પોલીશ્ડ કરીને વેચાણ બતાવ્યું છે. જેમાં અન્ડર વેલ્યુએશન કરાયું છે. પોલીશ્ડ ડાયમંડની ૧૮૯ કરોડની ખરીદી કરી હોવાનું આઈટીની તપાસમાં બહાર આવ્યું છે. ડાયમંડ ટ્રેડર્સ દ્વારા બે વર્ષમાં ૧,૦૪૦ કરોડનું વેચાણ બતાવવામાં આવ્યું છે. ૮૦ કરોડની બેનામી આવકના દસ્તાવેજો જપ્ત કર્યા છે. ૮૧ કરોડની બિનહિસાબી આવક શેરબજારમાંથી કરી છે. દરોડા દરમ્યાન ૧.૯૫ કરોડની રોકડ રકમ અને જવેરાત જપ્ત કરાયું છે એટલું જ નહિ ૮,૯૦૦ કેરેટના ૧૦.૯૮ કરોડના ડાયમંડ પણ જપ્ત કરી લેવામાં આવ્યા છે. તપાસ દરમિયાન ૧૦ બેંક લોકર સીલ કરાયા છે.

# કેવડિયાથી અમદાવાદ રીવરફ્રન્ટ સી-પ્લેન સેવાને ગ્રહણ લાગ્યું : સાત મહિનાથી બંધ

**ગાંધીનગર**

ગુજરાતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરેલી અમદાવાદના રિવરફ્રન્ટ થી સ્ટેચ્યુ ઓફ યુનિટીની સી-પ્લેન સુવિધાને રિપેરીંગનું ગ્રહણ લાગી ચૂક્યું છે. સી-પ્લેનમાં વપરાતું પ્લેન વારંવાર મરામત માટે બહાર લઈ જવું પડે છે. આ સુવિધાને 11 મહિના થયાં છે પરંતુ તે પૈકી સાત મહિના તો બંધ રહી છે.



31મી ઓક્ટોબર 2020માં રિવરફ્રન્ટ થી કેવડિયા સુધી આ સી-પ્લેનની સુવિધા શરૂ કરવામાં આવી હતી. આ સર્વિસમાં એકસાથે 19 લોકો બેસી શકે છે. અત્યાર સુધીમાં 2500 જેટલા લોકોએ તેમાં મુસાફરી કરી છે. ચોંકાવનારી બાબત તો એવી છે કે આ સર્વિસ શરૂ થયા પછી અત્યાર સુધીમાં 200થી વધુ દિવસો સુધી બંધ રહી છે, કારણ કે તેના એરક્રાફ્ટને મરામત કામ માટે વારંવાર માલદિવ્સ મોકલવામાં આવ્યું છે. સિવિલ એવિયેશનના સૂત્રોએ કહ્યું હતું કે આ સર્વિસ માં 284 વખત ઉડાન ભરવામાં આવી છે. હાલ સ્પાઈસ જેટની પેટા કંપની સ્પાઈસ શટલ સી-પ્લેન ચલાવે છે. આ સર્વિસ માટે વિમાન ઉત્પાદકો સાથે ચર્ચા ચાલી રહી છે પરંતુ નવા પ્લેન ક્યારે આવશે તે નિશ્ચિત નથી.

# સાયણમાં પાણીજન્ય રોગચાળો 1 બાળકનું મોત, 150 સપડાયા

**સુરત**

સુરત જિલ્લામાં કોરોનાના કેસો શૂન્ય આવી રહ્યા છે.ત્યારે કોરોના સિવાયના અન્ય કેસો વધી રહ્યા છે.ઓલપાડના સાયણમાં પાણી જન્ય રોગ વકરતા 150 થી વધુ દર્દીઓ નોંધાતા જિલ્લા પંચાયતનું તંત્ર દોડતુ થયુ છે. બે બાળકો આઈસીયુમાં દાખલ કરાયા છે. સાયણ ગામમાં ગંદકીનુ સામ્રાજય હોવાથી રોગચાળો ફેલાવવાની દહેશત હોવાની ફરિયાદ છેક જિલ્લા વિકાસ અધિકારી સુધી થઈ હતી.પરંતુ તંત્ર દ્વારા સાફ-સફાઈની કોઈ નક્કર કામગીરી નહીં કરાતા રોગચાળો ધીરેધીરે માથુ ઉચકી રહ્યો છે. છેલ્લા થોડા દિવસથી સાયણમાં પાણી જન્ય રોગો ઝાડા-ઉલ્ટી, ગેસ્ટો સહિતના રોગોમાં વધારો થઈ રહ્યો છે. હાલમાં ૨૨ દર્દીઓ આરોગ્ય કેન્દ્રમાં, જીવનરક્ષા હોસ્પિટલમાં ૩૬, જનરલ અને ખાનગી હોસ્પિટલોમાં ૩૫ તેમજ આરોગ્ય વિભાગ દ્વારા તપાસ કરતા બીજા ૨૨ કેસો મળ્યા હતા. આમ હાલ ૧૫૦ થી વધુ દર્દીઓ પાણીજન્ય રોગોમાં સપડાયા છે. જેમાં બે બાળકો ગંભીર હાલતમાં ICUમાં દાખલ છે. જોકે અત્યાર સુધીમાં પાંચ વર્ષના એક બાળકનું મોત થયું છે.

ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

CATERING SPECIAL
$ 7.99 +Tax 10 items
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber



Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

# નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસે ગુજરાતને 7,112 કરોડ લેવાના બાકી

**ગાંધીનગર**

ગુજરાતની નર્મદા યોજના કે જેનો લાભ પાડોશી અન્ય ત્રણ રાજ્યોને મળી રહ્યો છે તેમ છતાં આ રાજ્યો ગુજરાતને યોજનાના બાકી નિકળતા કરોડો રૂપિયા ચૂકવતા નથી. વિધાનસભામાં રજૂ થયેલા આંકડા પ્રમાણે સૌથી વધુ 4881.36 કરોડ રૂપિયા મધ્યપ્રદેશના બાકી છે અને ત્યાં ભાજપનું શાસન છે છતાં શિવરાજસિંહની સરકારે આ બાકી રકમ ચૂકવી નથી.

નર્મદા વિભાગે આજે ગૃહમાં લેખિત માહિતી આપતાં જણાવ્યું હતું



કે ભાગીદાર રાજ્ય મહારાષ્ટ્ર પાસેથી ગુજરાતને 1683.09 કરોડ રૂપિયા લેવાના નિકળે છે જ્યાં શિવસેના, કોંગ્રેસ અને એનસીપીની ગઠબંધન સરકાર છે. એવી જ રીતે કોંગ્રેસ શાસિત રાજસ્થાન સરકાર પાસેથી રાજ્યને 548.36 કરોડ રૂપિયા લેવાના થાય છે. આ બાકી રકમની વસૂલાત માટે છેલ્લા બે વર્ષમાં નર્મદા નિગમ કક્ષાએ દર મહિને રાજસ્થાનના સિંચાઈ વિભાગના ઈજનેર, મહારાષ્ટ્રના સિંચાઈ વિભાગના મુખ્ય ઈજનેર તેમજ ભોપાલ સ્થિત નર્મદા વેલી ડેવલપમેન્ટ ઓથોરિટીને લેણી રકમ ચૂકવવા જણાવવામાં આવ્યું છે. એટલું જ નહીં, સરદાર સરોવર કન્સ્ટ્રક્શન એડવાઈઝરી કમિટીની બેઠકમાં વખતોવખત રજૂઆતો કરવામાં આવી છે.

# મુંદ્રા પોર્ટથી પકડાયેલા ડ્રગ્સ કેસમાં વિધાનસભામાં હંગામો

**અમદાવાદ**

વિધાનસભા સત્રનો પહેલો દિવસ હંગામેદાર રહ્યો હતો. મુંદ્રા પોર્ટ પરથી પકડાયેલાં રૂા.21 હજાર કરોડના ડ્રગ્સ મુદ્દે વિપક્ષ અને શાસક પક્ષ વચ્ચે રીતસર આક્ષેપોનો મારો ચાલ્યો હતો.

વિપક્ષે સરકારની મીઠી રહેમનજર તળે આ બધુ ચાલી રહ્યુ છે તેનો આક્ષેપ કરતાં શાસકપક્ષે વાંધો ઉઠાવ્યો હતો. સત્રના પહેલા દિવસે પ્રશ્નોતરી કાળ દરમિયાન ધારાસભ્ય વિરજી ઠુમરે બેઠા બેઠા એવી કોમેન્ટ કરી કે, પેલા પોર્ટ પરથી 21 હજાર કરોડનું હેરોઈન પકડાયુ છે. શરમ કરો. એનો જવાબ આપો. આ કોમેન્ટ બાદ રાજ્ય ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ વિપક્ષને રોકડુ પરખાવ્યુ કે, માત્ર આક્ષેપ કરવાથી કંઈ નહી થાય.

વિપક્ષ તરીકે તમે પ્રશંસા ન કરો તો વાંધો નહીં, પણ 72 કલાક સુધી ઓપરેશન હાથ ધરી ઈરાનિયન આરોપી સુધી પહોંચી ડ્રગ્સ પકડાનાર પોલીસની નૈતિક હિંમતની દાદ તો આપો. પોલીસનુ મોરલ તો ના તોડો. જોકે, હર્ષ સંઘવીએ પોલીસની કામગીરીને બિરદાવી હતી. ગૃહમંત્રીએ કોંગ્રેસને શરમ આવવી જોઈએ તેવુ વાક્ય બોલતાં જ વિપક્ષે હંગામો મચાવી દીધો હતો.

# તારાપુર એપીએમસીના ડિરેક્ટરપદેથી ધારાસભ્યના ભાઈએ રાજીનામું આપ્યું

**તારાપુર**

તારાપુર માર્કેટયાર્ડમાં કેન્દ્ર સરકારની પાંચ કરોડની ગ્રાન્ટની તત્કાલિન સત્તાધિશોએ આડેધડ વાપરી નાખતા કથિત ભ્રષ્ટાચારની ફરિયાદો ઉઠી હતી. બાદમાં આ મુદ્દે હાઈકોર્ટમાં રીટ કરાતા ગાંધીનગરથી નિયામક દ્વારા રકમની તત્કાલિન ચેરમેન અને સભ્યો પાસેથી વ્યાજ સહિત વસૂલાત કરવા હુકમ કરાયો હતો પરંતુ આ મુદ્દે પાંચથી છ મહિના વિતવા છતાં કોઈ પગલાં ન લેવાતાં નારાજ થઈ માર્કેટયાર્ડના ડિરેક્ટરપદેથી સોજીત્રાના ધારાસભ્યના ભાઈ ચંદુભાઈ પરમારે રાજીનામું ધરી દેતા સહકારી રાજકારણમાં હડકંપ મચી જવા પામ્યો છે. વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૩ સુધીમાં યોજના અંતર્ગત તારાપુર એપીએમસીમાં કરોડો રૂપિયાની ગ્રાન્ટ આવી હતી.

# અમરેલીના બાબાપુર પાસે મધરાતે બસ પૂરમાં ફસાઈ જતાં 20નું રેસ્ક્યૂ

**અમરેલી**

અમરેલી તાલુકામાં રાત્રીના સમયે નદીઓ ગાંડીતુર થયા બાદ બે સ્થળોએ પુરમાં કુલ 20 લોકો ફસાયા હતા. જેમનું પોલીસ જવાનો દ્વારા રેસ્કયૂ કરીને તમામના જીવ બચાવી લેવાયા છે. મોડે સુધી બચાવની કામગીરી ચાલી હતી. બુધવારે અમરેલી જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદ પડયો હતો જેના કારણે અમરેલી તાલુકામાં આવેલી સાંતલ્લી નદીમાં ઘોડાપુર આવવાના કારણે જુદા જુદા સ્થળોએ લોકો પુરમાં ફસાયા હોવાની ફરિયાદો મળી હતી. જેમાં અમરેલી તાલુકાના બાબાપુર ગામના પાટીયાથી આગળ વડોદરાથી આવતી એક લકઝરી બસ પુરમાં ફસાઈ ગઈ હતી અને બહાર નીકળી શકે તેવી સ્થિતિ નહોતી. આ અંગેની જાણ થતા જ અમરેલી તાલુકા પોલીસની ટીમ ઘટના સ્થળ પર પહોચી હતી અને સ્થળ પર નિરીક્ષણ કરતા ફસાયેલી બસમાં મહિલા, બાળકો ઔસહિત 20 લોકો હતા. સરકારી બોલેરો વાહનની સાથે દોરડું બાંધીને પાણીમાં ફસાયેલા તમામ 20 લોકોને દોરડાની મદદથી બહાર કાઢી લેવાતા તમામનો જીવ બચી ગયો હતો. આ જ રીતે અમરેલીના પાણીયા ગામ પાસે સાતલ્લી નદીના પૂરમાં બગસરા વિસ્તારનો એક વ્યક્તિ પાણીમાં ફસાઈ ગયો હતો.

# આર્થિક સંકળામણથી ત્રસ્ત દહેગામના પિતા-પુત્રએ નર્મદા કેનાલમાં ઝંપલાવ્યું

**દહેગામ**

દહેગામ: બારીયા ગામે રહેતા લક્ષ્મણજી ઠાકોર (ઉ.વ.૬૫) અમદાવાદમાં શાકભાજી વેચી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. પરંતુ કોરોનામાં ધંધો ન ચાલતાં તેઓ પોતાના વતન ખાતે રહેવા આવ્યા બાદ છેલ્લા કેટલાક સમયથી દહેગામ ખાતે આવેલ વાંટાવાડમાં પુત્ર મુકેશભાઈ લક્ષ્મણજી ઠાકોર (ઉ.વ.૩૫) સાથે રહેતા હતા. ગત રોજ પિતા-પુત્ર ગુમ થતાં પરિવારના સભ્યોએ તેઓની શોધખોળ આરંભી હતી. શોધખોળ દરમિયાન આજે સવારે ગાંધીનગર તાલુકાના રાયપુર નજીક પસાર થતી નર્મદા કેનાલમાં કોઈ બે વ્યક્તિઓની લાશ તરતી દેખાઈ હતી. પિતા-પુત્ર આર્થિક સંકળામણથી આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે.



# વડોદરા દુષ્કર્મ કેસઃ પીડિતા સાથે 4 વાર સંબંધ બાંધ્યો હોવાની રાજુ ભટ્ટની કબૂલાત

## મહિલાની મરજીથી જ સંબંધો બાંધ્યા હોવાનો આરોપીનો દાવો

**વડોદરા**

વડોદરા શહેરના હાઈપ્રોફાઈલ રેપ કેસના બે મુખ્ય આરોપીઓ પૈકીના જુનાગઢથી ઝડપાયેલાં પાવાગઢ ટેમ્પલ ટ્રસ્ટના ટ્રસ્ટી હેમંત ઉર્ફે રાજુ ભટ્ટનો કોરોના રીપોર્ટ નેગેટીવ જાહેર થતાં બુધવારે સાંજે તેની સત્તાવાર રીતે ધરપકડ કરવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચની પૂછપરછમાં રાજુ ભટ્ટે એવો ધડાકો કર્યો હતો કે, મેં પીડિતા સાથે એક વખત નહીં પરંતુ ચાર વખત જુદી જુદી જગ્યાએ સંમતીથી શરીર સબંધ બાંધ્યો છે. મે રેપ કર્યો નથી કે પીડિતાને માર માર્યો નથી.

હાલમાં પોલીસના રક્ષણ હેઠળ રહેલી ૨૪ વર્ષીય પીડિતાએ તા.૧૯મી ગોત્રી પોલીસ સ્ટેશનમાં આરોપી તરીકે ચાર્ટડ એકાઉન્ટન્ટ અશોક અશ્કરણ જૈન (રહે, રોકડનાથ સોસાયટી,દિવાળીપુરા) અને પાવાગઢ ટેમ્પલ ટ્રસ્ટના ટ્રસ્ટી હેમંત ઉર્ફે રાજુ ત્રંબકલાલ ભટ્ટ (રહે, મિલન પાર્ક, નિઝામપુરા) સામે દુષ્કર્મની એફ.આઈ.આર. નોંધાવી હતી. તા.૩જી સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ અશોક જૈન ડી-૯૦૩ નિસર્ગ કોમ્પલેકસ,દિવાળીપુરા ખાતે આવ્યા હતા તે દિવસે તેમણે દુષ્કર્મ ગુજાર્યુ હતુ. બીજા દિવસે તા.૪થી સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ રાજુ ભટ્ટ આ જ ફ્લેટમાં આવ્યા હતા અને તેમણે પણ મારપીટ કરીને હવસનો શિકાર બનાવી હતી. આરોપીઓએ ફોટા વાયરલ કર્યા હતા.



મંગળવારે બપોરે જુનાગઢથી ઝડપાયેલાં રાજુ ભટ્ટ (ઉ.વ.૫૮) (રહે, ૨- મિલનપાર્ક, નિઝામપુરા) ની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પૂછપરછ કરવામાં આવતાં રાજુ ભટ્ટે એવી કેફીયત આપી હતી કે, તેઓ કાનજી અરજણ મોકરીયા (ઉ.વ.૫૫) (રહે, બી-૨૦૨ ફોર્ચ્યુન એમ્પાયર,અલકાપુરી સોસાયટી)ના માધ્યમથી પીડિતાને ઓળખે છે. અશોક જૈનને ઓળખતા નથી.

પીડિતા સાથે જોર જબરજસ્તીથી રેપ કર્યો નથી. પીડિતાને અત્યાર સુધીમાં ૮ વખત મળ્યો છુ અને હાર્મની હોટલ, આજવા રોડ ડવડેક એપાર્ટમેન્ટમાં અને ડી -૯૦૩ નિસર્ગ કોમ્પલેકસ,દિવાળીપુરા ખાતે કુલ ૪ વખત સંમતીથી શરીર સબંધ બાંધ્યા હતા. મે પીડિતાની મારપીટ કરી નથી. પીડિતાએ નોંધાવેલી ફરીયાદ અને આરોપીની કબુલાત વચ્ચે કોન્ટ્રાડિકશન થઈ રહયું છે. આરોપી રાજુ ભટ્ટે આપેલી કેફીયતથી સમગ્ર પ્રકરણમાં અણધાર્યો વળાંક આવ્યો છે.

# નડિયાદમાં લેન્ડગ્રેબિંગમાં ગુનો નોંધાયો : 5 શખ્સો સામે ફરિયાદ

નડિયા : નડિયાદમાં આનંદભાઈ સોની નારણદાસની પોળમાં બાધકામવાળી મિલકત ધરાવે છે. તેમણે આ પ્રોપર્ટી ૨૦૧૯માં વિજયભાઈ પરીખ તથા માલતીબેન પરીખ પાસેથી રજિસ્ટર વેચાણ દસ્તાવેજ કરી ૬,૫૦,૦૦૦માં ખરીદી હતી. વેચાણ બાદ જૂના મકાનમાલિક પાસે રહેવા માટે બીજી સગવડ ન હોવાથી છ મહિના પછી કબ્જો આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જોકે સામાવાળાઓએ બદદાનતથી મિલકતનો કબ્જો સોંપવાનો ઈન્કાર કર્યો હોવાનો આરોપ નવા મકાનમાલિકે કર્યો છે. તેથી આનંદભાઈ કનૈયાલાલ સોનીએ વિજયભાઈ ઓચ્છવલાલ પરીખ અને તેના ચાર કુટુંબીજનો સામે ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદા અંતર્ગત કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટઃ 140 વર્ષ જૂની રેલવે સલૂન ઈમારત તોડાતા વિવાદ

વડોદરા : મુંબઈ-અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો વડોદરા વિભાગમાં ઝડપી અમલ શરૂ કર્યો છે જેના ભાગરૂપે તાજેતરમાં નવાયાર્ડ પાસેઆવેલી 100 વર્ષ જૂની નાણાવટી ચાલ તોડવાની કામગીરી થતા વિરોધ થયો હતો જેથી આ ચાલ અધુરી તોડી છે. વડોદરા રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નંબર સાતની બાજુમાં આવેલી 1880માં સયાજીરાવ ગાયકવાડના સમયમાં બાંધેલી રેલ્વે સ્ટેશન સલૂન પૌરાણિક ઈમારત હોવાથી તેને પુરાતત્ત્વ વિભાગને સોંપવામાં અને તેની જાળવણી રાખવા આ અંગે વડોદરાના આરટીઆઈ એક્ટિવિસ્ટ અરવિન્દ સિંધાએ ભાજપના આગેવાનો અને રેલવે સત્તાવાળાઓને રજૂઆત કરી હતી.

# આણંદ APMCની ચૂંટણીમાં કોંગ્રેસના ધારાસભ્યનું ફોર્મ રદ થતાં ખળભળાટ

## વેપારી વિભાગમાં ત્રણ ઉમેદવારના ફોર્મ રદ થતા 4 બેઠકો બિનહરીફ

**વલ્લભવિદ્યાનગર**

આણંદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતીની ૭મી ઓક્ટોબરમા રોજ યોજાનાર ચૂટણીને લઈને રાજકીય ગરમાવો વ્યાપ્યો છે. ૧૬ બેઠકો માટે ૪૬ ઉમેદવારોએ નામાંકન પત્ર રજુ કર્યા હતા. શુક્રવારે ફોર્મ ચકાસણી દરમિયાન વાંધો રજુ થતા આણંદના કોંગ્રેસના ધારાસભ્ય કાંતિસોઢા પરમારનું ફોર્મ ચૂંટણી અધિકારીએ રદ કરતા સહકારી ક્ષેત્રે ખળભળાટ મચ્યો છે.

જેમાં હકીકત એવી બહાર આવી છે કે ધારાસભ્યએ જે મંડળ વિભાગમાંથી ઉમેદવારી નોંધાવી હતી તે આણંદ તાલુકા ખરીદ વેચાણ સંઘની મતદાર યાદીમાં તેઓનું નામ ન હોવા છતા ઉમેદવારી નોંધાવતા ફોર્મ નામંજુર કરાયું છે. જ્યારે વેપારી વિભાગમાં ત્રણ ઉમેદવારના ફોર્મ રદ થતા ચાર બેઠકો બીનહરીફ થઈ છે.




આણંદ માર્કેટયાર્ડની ચૂંટણી જાહેર થતા જ સહકારી અને રાષ્ટ્રીય ક્ષેત્રે હલચલ મચી છે. બીનપક્ષીય ધોરણે લડાતી સહકારી સંસ્થામાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા જામી છે. ખેડુત વિભાગની ૧૦, વેપારી વિભાગની ૪ અને ખરીદ વેચાણ વિભાગની ૨ બેઠકો સામે ૪૬ ઉમેદવારોએ નામાંકન પત્રો રજુ કર્યા હતા. જેમાં ૧. પરેશ પટેલ ૨. બીપીન પટેલ ૩. ભાવેશ પટેલ ૪. જીગર શેઠ બિનહરીફ જાહેર થયા હતા.

# દાહોદમાં 15 વર્ષની સગીરા સાથે અલગ અલગ સ્થળે 15 ઈસમો દ્વારા બળાત્કાર

**દાહોદ**

લઘુમતી કોમના 15 ઈસમોએ લઘુમતી કોમની જ સગીર બાળા પર લગભગ 1 મહિનોને 22 દિવસ સુધી સામૂહિક બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ દાહોદ શહેર પોલીસ મથકે નોંધાતા દાહોદ શહેર સહિત જિલ્લામાં આ ઘટનાને પગલે ખળભળાટ મચી ગયો છે. એમાં 2 મહિલા પણ બળાત્કારના ગુન્હામાં આરોપીઓ સાથે સામેલ હોવાનું સામે આવ્યું છે. જે તે સમયે પોલીસે સામૂહિક બળાત્કારની આ ગંભીર ઘટનાની ફરિયાદ નહીં નોંધતા દાહોદ કોર્ટમાં કેસ નોંધાયો હતો. દાહોદની એડીશનલ સેશન્સ કોર્ટે ગઈકાલે તા.25-9-2021 ના રોજ બળાત્કારની ફરિયાદ નોંધવા હુકમ કરતાં પોલીસને આ ફરિયાદ નોંધવાની ફરજ પડી છે. દાહોદ શહેરમાં જ રહેતી 17 વ્યક્તિ સામે એક સગીરબાળા પર સામૂહિક બળાત્કાર ગુજાર્યો હોવાની ઘટનાના વીડિઓ, ફોટો સોશિયલ મીડિયામાં વાઈરલ કરી દેવા તેને ધમકી આપવામાં આવી હતી. આ ઘટના 2019ની સાલમાં બની હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.




સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# પાટીદાર સામેના કેસ પરત ન ખેંચવાના મુદ્દાનું નિરાકરણ જરૂરી : નરેશ પટેલ

**ગાંધીનગર**

ગુજરાતના નવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની શુભેચ્છા મુલાકાત બાદ ખોડલધામ પ્રમુખ નરેશ પટેલે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, અમે શુભેચ્છા મુલાકાત અને માતાજીના દર્શને આવવા માટે આમંત્રણ આપ્યું છે, તેમણે એવું પણ નિવેદન કર્યું હતું કે,પાટીદાર સમાજને જે મુદ્દા સ્પર્શે છે તેનું નિરાકરણ હજી આવ્યું નથી,



આગામી દિવસોમાં એક કમિટી એમને મળશે, આંદોલન સમયના કેસો પરત ખેંચવાનો મુખ્ય મુદ્દો છે, ઓબીસીમાં સમાવેશ કરવાની બાબતને લઈ અત્યારે કોઈ જ ચર્ચા થઈ નથી, અમારી બંને સંસ્થાઓ સાથે મળીને ચર્ચા-વિચારણા કરશે. પાટીદાર સમાજની ધાર્મિક સંસ્થાઓના આગેવાનો બુધવારે ગુજરાતના નવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને મળવા સ્વિર્ણમ સંકૂલમાં આવ્યા હતા. મૂલાકાત બાદ સિદસર સ્થિત સંસ્થાના જયરામ પટેલે કહ્યુ કે મુખ્યમંત્રીને શુભેચ્છાઓ આપી છે. કોઈ એજન્ડા હેઠળની આ મુલાકાત નથી. અમદવાદમાં ઉમિયા કેમ્પસના એક કાર્યક્રમ માટે આમંત્રણ સંદર્ભે ઔપચારિક વાતચીત થઈ છે. જેઓ પાટીદાર સમાજના છે તેનું ગૌરવ છે, સમાજના પ્રશ્નોનુ નિરાકરણ આવશે તેવી અપેક્ષા છે.

# રાજકોટ પંથકમાં 500 સ્થળે ગરબી થશે, રાત્રે 12નો કર્ફ્યુ આંશિક નડશે

**રાજકોટ**

સૌરાષ્ટ્રમાં શહેરો-ગામના ચોકમાં જગદંબાસ્વરૂપ બાળાઓ દ્વારા થતી નવરાત્રિ ગરબીની સદીઓ જુની નવરાત્રિ ગરબીઓની પરંપરા ફરી ઉજાગર થશે. રાજ્ય સરકારે ભીડ સર્જતા અર્વાચીન દાંડિયારાસ યોજવા પર સતત બીજા વર્ષે પ્રતિબંધની સાથે લોકોની સંસ્કૃતિ ,ધાર્મિક પરંપરા સાથે જોડાયેલ ગરબીને છૂટ આપતા નિર્ણયને લોકોમાં આવકાર મળ્યો છે.

શહેરમાં આશરે ૫૦૦ સહિત સૌરાષ્ટ્રમાં ૧૭૦૦થી વધુ સ્થળે ગરબીઓ દ્વારા માતાજીની ભક્તિ થતી હોય છે જેમાં લગભગ તમામ સ્થળે કોરોના કાળ પહેલા પણ કુદરતી રીતે જ ડિસ્ટન્સનું અને ૪૦૦ની સંખ્યા મર્યાદાનું પાલન થતું રહ્યું છે.

પોલીસ કમિશનરે બહાર પાડેલા જાહેરનામામાં પ્રાચીન ગરબીઓ ઉપરાંત દશેરા ઉત્સવ, દુર્ગાપૂજા વગેરેને નિયમોની મર્યાદામાં છૂટ અપાઈ છે પરંતુ, આ સાથે જ અર્વાચીન દાંડિયા રાસ કે જેમાં યુવક-યુવતીઓની મોટી ભીડ જમા થાય છે, તીવ્ર અવાજે મ્યુઝિક વાગે છે, એન્ટ્રી ફી વસુલાય છે તેમને મંજુરી નહીં આપવાનો અને યોજાય તો પગલા લેવાનો નિર્ણય જાહેર કરાયો છે.

## ખેડૂતોને આતંકી કહેનારા કચ્છના ખેતીવાડી અધિકારી સામે ખેડૂતોમાં રોષ

**ભુજ**

કચ્છના ખેતીવાડી અધિકારી દ્વારા સરકારને ગેરમાર્ગે દોરવા ઉપરાંત મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાની માંગણી કરતા ખેડુતોને આંતકવાદી કહેતા ભુજ ખેતીવાડી કચેરી ખાતે ધરતીપુત્રો એકત્ર થઈને વિરોધ સાથે અધિકારીનો ઉધડો લીધો હતો. આવેદનપત્ર પાઠવી જો અધિકારી વરસાદની ખરી હકીકત સરકાર સુધી પહોંચાડીને યોગ્ય પગલા નહીં ભરે તો ધરણા કરવાની ચીમકી ઉચ્ચારી હતી. ભારતીય કિસાન સંઘ કચ્છના નેજા હેઠળ આજે ખેતીવાડી અધિકારીની કચેરી ખાતે જિલ્લાભરના કિસાનો એકત્ર થઈને અધિકારીની ખેડુત વિરોધ માનસિકતા સામે વિરોધ પ્રકટ કર્યો હતો.

# કિસાન સંઘે ફોર્મ પાછા નહીં ખેંચતા યાર્ડમાં હવે ભાજપ સામે સંઘનો જંગ

## રાજકોટ માર્કેટ યાર્ડમાં 16 પૈકી સહકારની 2 બેઠક બિનહરીફ થઈ

**રાજકોટ**

રાજકોટ,પડધરી અને લોધિકા એ ત્રણ તાલુકાઓના ખેડૂતોની વર્ષે રૂા.૩૫૦૦થી ૪૦૦૦ કરોડની કૃષિ પેદાશો વેચવાનું પ્લેટફોર્મ રાજકોટ માર્કેટયાર્ડમાં ભાજપના નેતાઓની મનમાની ખેડૂતોએ ચાલવા દીધી નથી. પ્રદેશ ભાજપે નક્કી કરેલી પેનલ સામે આરએસએસની ભગિની સંસ્થા કિસાન સંઘે ઉમેદવારી આજે આખરી મુદતે પાછી નહીં ખેંચતા હવે ખેડૂત વિભાગની ૧૦ બેઠક પર ભાજપ વિ.સંઘનો જંગ જામશે. કિસાન સંઘના સૂત્રોએ જણાવ્યું કે ભાજપના કાર્યાલયમાં નામ નક્કી થઈ જાય અને ખેડૂતોની સંસ્થા પર રાજકારણીઓ આવી જાય તે અમારા ખેડૂતોને પસંદ નથી. ભાજપે પસંદ કરેલા ઉમેદવારો બીનહરીફ ન થાય તે માટે અમે ચૂંટણી જંગમાં ઉતર્યા છીએ.

તો બીજી તરફ વેપારી વિભાગની ૪ બેઠકો માટે એપીએમસીના પ્રમુખ સહિત ચાર વેપારીઓએ ફોર્મ ભર્યા હતા તેની સામે ૫ વેપારીઓએ તો ફોર્મ પાછા ખેંચી લીધા પરંતુ, અન્ય ૬ વેપારી આગેવાનો ચૂંટણી જંગમાં જારી રહેતા વેપારી વિભાગ માટે પણ ચૂંટણી યોજાશે. જ્યારે સહકાર ક્ષેત્ર માટેની ૨ બેઠકમાં ભાજપે જાહેર કરેલ બે નામો બીનહરીફ થયા છે.

## રૂપિયા 1080 કરોડ ખર્ચે રાજકોટ-કનાલુસ રેલવે ટ્રેકને ડબલ કરાશે

**રાજકોટ**

નવી દિલ્હી: મોદીની અધ્યક્ષતામાં કેબિનેટની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ. આજની બેઠકમાં લેવામાં આવેલા નિર્ણયોને લઈને પીયૂષ ગોયલ અને અનુરાગ ઠાકુરે મિડીયાને જાણકારી આપી હતી. અનુરાગ ઠાકુરે કહ્યું હતું કે આજની બેઠકમાં રેલવે અને શિક્ષણ સંબંધી ઘણા નિર્ણય લેવામાં આવ્યા છે. કેબિનેટે પીએમ પોષણ સ્કીમને શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ કામમાં 1096 કરોડ રૂપિયા ખર્ચ થવાનું અનુમાન છે. આ સ્કીમ હાલમાં ચાલી રહેલા મિડ-ડે મીલની જગ્યાએ આવશે. આ સ્કીમને કેંદ્ર સરકાર રાજ્ય સરકારોની મદદથી ચલાવશે. પરંતુ મુખ્યરૂપથી બધી જ જવાબદારી કેંદ્ર સરકારની હશે.

# રાજકોટમાં વધુ રૂ.100 કરોડનું બોગસ બિલીંગ કૌભાંડ પકડાયું, 1ની ધરપકડ

## DGGIની ટીમના રાજકોટ-ધોરાજીમાં દરોડા, 20 કરોડની કરચોરી પકડાઈ

**રાજકોટ**

વાસ્તવિક ચીજોની લેવડ દેવડનાં બદલે માત્ર કાગળ પર ખરીદ- વેચાણનાં વ્યવહારો બતાવી કરોડોની કરચોરી કરવામાં આવી રહી હોવાનું વધુ એક કૌભાંડ બહાર આવ્યુ છે. રાજકોટ અને ધોરાજીમાં બે પેઢીમાં તપાસ દરમિયાન આશરે રૂ. ૧૦૦ કરોડનાં બોગસ વ્યવહારો અને આશરે ૨૦ કરોડની કરચોરી કરવામાં આવી હોવાનું સામે આવ્યુ છે. આ કેસમાં સેન્ટ્રલ જીએસટીની ડીજીજીઆઈ ની ટીમે એક શખ્સની ધરપકડ કરી વિશેષ તપાસ હાથ ધરવામાં આવી છે.

રાજકોટ અને આસપસાનાં વિસ્તારમાં અગાઉ જુલાઈમાં બોગસ બિલીંગનાં બહાર આવેલું કૌંભાડમાં આશરે ૭૦૦ કરોડનાં ફેક ટ્રાન્જેકશન બહાર આવ્યા હતા અને પેઢીનાં સંચાલક એવી ત્રણ વ્યકિતની ધરપકડ કરવામાં આવી હતી. આશરે ૪૦ જેટલા સ્થળો પર ચેકીંગની ધોંસ બોલાવીને વિભાગે કરચોરીનું મોટુ કૌંભાડ ઝડપી લીધુ હતુ. આ કૌંભાડની તપાસમાં બહાર આવેલી માહિતીને આધારે તાજેતરમાં રાજકોટ અને ધોરાજીમાં દરોડા પાડીને પ્લાસ્ટિક મટીરીયલ્સનાં નામે વ્યવહારો કરતી પેઢીમાં તપાસ હાથ ધરાઈ હતી. ડીજીજીઆઈનાં સતાવાર સૂત્રોએ જણાંવ્યુ હતું કે રિયા પોલીમર્સ અને રિયા ઈન્ટરનેશનલ પેઢીનાં નામે બોગસ ખરીદ - વેચાણનાં વ્યવહારો થયાનું તપાસમાં બહાર આવ્યુ છે.

# ઉપલેટામાં ભંગારના ગોડાઉનમાં પ્રચંડ વિસ્ફોટ થતાં પિતા અને પુત્રના મોત

## શરીરના ફુરચા ઉડીને 8-10 ફૂટ દૂર ફંગોળાયા, દીવાલમાં ગાબડા પડ્યા

ઉપલેટા, : ઉપલેટાની જૂની કટલેરી બજાર આજે સવારે પ્રચંડ ધડાકાથી ધણધણી ઉઠતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો. અહીં ભંગારના ગોડાઉન (ડેલા)માં ભેદી રીતે થયેલા વિસ્ફોટમાં શ્રમજીવી પિતા-પુત્રના કમકમાટીભર્યા મોત થયા હતા. ગંભીર દુર્ઘટનામાં જૂનો ભંગાર તોડતી વકતે ગેસ કટરનું સિલિન્ડર કે ફ્રિઝનું કમ્પ્રેશર ફાયટયાની શકયતા સાથે પોલીસ અને એફએસએલ ટીમ દ્વારા તપાસનો ધમધમાટ ચાલુ કરાયો હતો.

ઉપલેટાની કટલેરી બજારમાં જૂની પુરોહિત લોજ પાસે આવેલા કોમર્શિયલ સેન્ટરમાં અંદરના ભાગે તોફિકભાઈ ડોઢ્યાણીનો ભંગારનો ડેલો છે. જ્યાં જૂનો ભંગાર તોડવા અને ખરીદ વેચાણનું કામ થાય છે. અહીં ઉપલેટાના સમશાન રોડ પર આવેલી ધરાર કોલોનીમાં રહેતા રજાકભાઈ અજીજભાઈ કાણા (ઉ.વ.૬૦) અને તેમનો પુત્ર રહીશ રજાકભાઈ કાણા (ઉ.વ.૨૭) વર્ષોથી મજુરી કામે આવતા હતા. આ દરમિયાન સોમવારે સવારે ૯ વાગ્યાના અરસામાં રાબેતા મુજબ પિતા-પુત્ર કામે આવ્યા હતા અને ભંગારને અલગ તોડવાનું કામ કરતાં હતા ત્યારે ઘટના બની હતી.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West) 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, Opposite Vegetables Market. Phone 647-761-1317, 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough WE ARE RE-OPENING 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-761-1317 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY CLOSED : SAT-SUN : 11.00 AM to 6.00 PM
Mississauga 2960 Drew Road, Unit-158, Mississauga ON L4T 0A5 Great Punjab Plaza, Next to Malton Gurudwara. : Phone : 905-673-9631 647-761-1317 647-657-9631 ------: MON-FRI : ------ 9.30 AM to 8.00 PM
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ



## શ્વેતા તિવારીની તબિયત બગડી : હોસ્પિટલમાં દાખલ

મુંબઇ : ટીવી એક્ટ્રેસ શ્વેતા તિવારી તેનાં બિઝી શિડ્યૂલને કારણે બીમાર થઇ ગઇ છે. તેણે મુંબઇની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં છે. તેનો ઇલાજ ચાલુ છે. તે હાલમાં જ સ્ટંટ બેઇઝ શો ‘ખતરો કે ખિલાડી ૧૧’માં નજર આવી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તે જલ્દી જ ‘બીગ બોસ ૧૫’ ટ્રાઇબ લીડર બની શામેલ થવાની છે. શ્વેતા તિવારીની ટીમનું કહેવું છે કે, તે ઠીક છે અને રિકવર થઇ રહી છે. તેને કમજોરી અને લો બ્લડ પ્રેશરની સમસ્યા બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.





## સારા અલી ખાને પહેરી સ્પેશિયલ ડાયલોગની સાડી

અઠવાડિયા પહેલા એક મહિલા હોટલમાં સાડી પહેરીને ગઈ તો તેને અટકાવવામાં આવી. તો હવે બોલિવૂડની એક્ટ્રેસ સારા અલી ખાન અમિતાભના ખાસ ડાયલોગ ‘મેરે પાસ માં હૈ’ની સાડીના કારણે ચર્ચામાં આવી છે. એક્ટ્રેસ સારા અલી ખાન પોતાના બિંદાસ અંદાજના કારણે ફેન્સની વચ્ચે ચર્ચામાં રહે છે. એક્ટ્રેસની ખાસ વાત એ છે કે તે દરેક પ્રકારના આઉટફિટમાં જોવા મળે છે. તે કંઈ પણ પહેરે તેની પર ખીલીને આવે છે. સોશ્યલ મીડિયા પર એક્ટિવ રહેનારી સારા અલી ખાન ફેન્સને માટે ફોટોઝ અને વીડિયોઝ શેર કરતી રહે છે. એક્ટ્રેસના ફોટો પણ ઝડપથી વાયરલ થાય છે. હાલમાં તેણે સાડીમાં એક ફોટો શેર કર્યો જે ખાસ કારણે વાયરલ થઈ રહ્યો છે. આ ફોટો ગ્લોબલ સીટિઝન લાઈવ ઈવેન્ટનો છે. આ સમયે સારાએ ટ્રેડિશનલ અટાયરને મહત્વ આપ્યું. તે પિંક કલરની પ્રિન્ટેડ સાડીમાં જોવા મળી હતી. રસપ્રદ વાત તો એ છે કે સારાની સાડીના પાલવ પર બિગબીના આઈકોનિક ડાયલોગ મેરે પાસ માં હૈ, લખ્યું છે.

## સંજય લીલા ભણશાલીની વેબ સીરીઝમાં પંજાબી અભિનેત્રી વામિકાની એન્ટ્રી



મુંબઈ : સંજય લીલા ભણશાલી હાલ પોતાની આવનારી વેબસીરીઝ હીરામંડી માટે ચર્ચામાં છે. આ વેબ શોમાં કહેવાય છે કે, ૧૮ અભિનેત્રીઓ કામ કરતી જોવા મળવાની છે. જેમાં હવે પંજાબી અભિનેત્રી વામિકા ગેબીનું નામ ઉમેરાયું છે. એક રિપોર્ટના અનુસાર,વામિકા આ શોમાં મજબૂત પાત્ર ભજવતી જોવા મળવાની છે. તે જલદી જ પોતાના રોલની તૈયારી કરવાની શરૂઆત કરી દેશે. હીરામંડી એ સંજય લીલા ભણશાલીનો એ આગામી પ્રોજેક્ટ છે જેમાં ટોચની અભિનેત્રીઓ કામ કરતીજોવા મળવાની છે. આ શોમાં ડાન્સની ઘણી સિકવન્સો હોવાથી ભણશાલી ડાન્સમાં નિપુણ હોય તેવી અભિનેત્રીઓને સાઈન કરી રહ્યા છે. છેલ્લી માહિતી અનુસાર, પંજાબની અભિનેત્રી વામિકા ગેબી આ સીરીઝનો હિસ્સો બની ગઇ છે. આ સીરીઝમાં મનિષા કોઈરાલા, જુહીચાવલા, માધુરી દીક્ષિત, રેખા, સોનાક્ષી સિંહા, ઋચા ચઢ્ઢાના નામ બોલાયા છે. હવે આ યાદીમાં પંજાબી અભિનેત્રી વામિકાનું નામ ઉમેરાયું છે.


## કન્યાદાનની જાહેરાતથી ફરી એક વખત આલિયા ભટ્ટ મુશ્કેલીમાં, મુંબઇમાં FIR

બોલિવૂડ અભિનેત્રી આલિયા ભટ્ટ આ દિવસોમાં રણબીર કપૂર સાથેના તેના લગ્નની ચર્ચા અને ‘કન્યાદાન’ માટે બ્રાઇડલ વેર બ્રાન્ડની જાહેરાતને કારણે ચર્ચામાં છે. એક વ્યક્તિ અભિનેત્રીની જાહેરાત પર એટલો ગુસ્સે થયો કે તેણે આલિયા ભટ્ટ



એક બ્રાઇડલ વેર બ્રાન્ડની એડવર્ટાઇઝ વિરુદ્ધ છે. ફરિયાદીને લાગે છે કે આલિયા ભટ્ટે હિન્દુઓની લાગણીઓને ઠેસ પહોંચાડી છે અને કન્યાદાનને રીગ્રેસિવ રીતે બતાવ્યું છે. આ મામલે માન્યવર કંપની અને આલિયા ભટ્ટ સામે ફરિયાદ નોંધવામાં આવી છે.

## નાગાર્જૂનના પુત્ર નાગા ચૈતન્યને છૂટાછેડા આપવા સામંથાએ 50 કરોડ રૂપિયા માંગ્યા



**ચેન્નાઈ**

સ્ટાર કપલ સામંથા અને નાગા ચૈતન્ય આજકાલ પોતાના બગડતા સંબંધોને લઈને ચર્ચામાં છે. તલાકને લઈને ખબરો રોજે રોજ આવી રહી છે, પરંતુ કોઈએ આના પર ઓફિશિયલ નિવેદનો નથી આપ્યા. સામંથાએ સોશ્યલ મીડિયા પર પોતાના નામની આગળ અક્કિનેની હટાવીને ફક્ત ‘એસ’ કરી દીધુ હતુ આ પછી આ વાતે વધુ જોર પકડયુ છે.

સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રી જાણીતી જોડી સામંથા અને નાગા ચૈતન્ય છેલ્લાં ઘણા સમયથી પોતાના સંબંધને લઈને ચર્ચામાં છે. બંનેની વચ્ચે બધુ બરાબર ન હોવાના સમાચાર સામે આવી રહ્યા હતા. સોશિયલ મીડિયા પર સામંથા અને નાગા ચૈતન્યના છૂટાછેડાના સમાચાર ચારેબાજુ છવાયેલા છે. છૂટાછેડાને લઈને સમાચાર જોરશોરથી ચાલી રહ્યા છે પરંતુ બંનેમાંથી કોઈએ તેના પર નિવેદન આપ્યું નથી. સામંથાએ સોશિયલ મીડિયા પર પોતાના નામમાંથી અક્કિનેની હટાવીને માત્ર એસ કરી દીધું છે. જેના પછી હવે આ બધું જગજાહેર થઈ ગયું છે.

સામંથા રૂથ પ્રભુ અને નાગા ચૈતન્યના લગ્નજીવનમાં ભંગાણ પડવાનું કારણ અભિનેત્રીની સિનેમા અને કારકિર્દી પ્રત્યે પ્રેમ છે. લગ્ન પછી પણ સામંથા ફિલ્મોમાં એક્ટિવ રહી છે અને ગ્લેમરસ ફોટોશૂટ પણ કરાવતી રહે છે. પરંતુ નાગા ચૈતન્ય અને તેના સસરા નાગાર્જુનને તે પસંદ નથી. રિપોર્ટ્સ પ્રમાણે બંને સામંથાને ઘણા સમયથી મનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે કે તે પોતાનું મન બદલે અને સાસુ અમલા અક્કિનેનીના પગલા પર ચાલે. સામંથા અને નાગાર્જુનના પુત્ર નાગા ચૈતન્યે ૨૦૧૭માં લગ્ન કર્યા હતા. બંનેને સાઉથ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીના ક્યૂટ કપલ માનવામાં આવે છે. તે સમયે એક ગ્રાન્ડ ડેસ્ટિનેશન વેડિંગ ગોવામાં થયું હતું અને દુનિયાભરમાં તેની ખૂબ ચર્ચા થઈ હચી. એટલું જ નહીં મોટા પરિવારમાંથી આવતાં નાગાર્જુને ઘર પર વહુનું સ્વાગત કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો હતો.










હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

### આતંકવાદના આરોપસર આજીવન કેદની સજા કાપી રહેલા 6 કેદી જેલમાંથી ફરાર

# ઈઝરાયેલમાં જેલબ્રેકઃ સુરક્ષા વ્યવસ્થાને કાળી ટીલી

સુરક્ષા મામલે ઈઝરાયેલ જે કંઈ કરે છે, તે વિશ્વમાં માપદંડ તરીકે સ્થાપિત છે. ઈઝરાયેલના સિક્યુરિટી સંબંધિત ઓપરેશન એટલાં બધા જાણીતાં થયાં છે કે, વિશ્વભરમાં તેની નોંધ લેવાય છે. ભારતમાં પણ તેનો મોટો ચાહક વર્ગ છે. ઈઝરાયેલ સિક્યુરિટીની બાબતમાં વધુ પડતાં સભાન રીતે વર્તે છે અને તે વર્તવાનું કારણ ત્યાં ઈઝરાયેલના જન્મથી ચાલી આવી રહેલો પેલેસ્ટાઈન સાથેનો વિવાદ છે. ઈઝરાયેલની આ અવ્વલ દરજ્જાની સિક્યુરિટીને હાલમાં સેંધ લાગી હોય તેવી ઘટના બની છે. આ ઘટના બે અઠવાડિયા પહેલા દુનિયાભરમાં મીડિયામાં ચમકી હતી. ઈઝરાયેલની જે સિક્યુરિટી વિશ્વમાં પ્રમાણિત હોવાનો દાવો કરવામાં આવે છે તે સિક્યુરિટીએ એમ સ્વીકારવું પડ્યું કે, અમારી આ મસમોટી ચૂક થઈ છે. ઈઝરાયેલની સૌથી વધુ સુરક્ષિત મનાતી ગિલ્બોઆ જેલમાંથી છ પેલેસ્ટાઈન કેદીઓની ભાગી છૂટયા હતા. ઈઝરાયેલ સરકારના નિવેદન મુજબ આ તમામ પેલેસ્ટાઈન આતંકવાદી ગંભીર આરોપસર આજીવન કેદની સજા કાપી રહ્યા હતા. તેઓ 6 સપ્ટેમ્બરના રોજ જેલમાંથી ભાગી છૂટ્યા અને પછી પેલેસ્ટાઈનમાં ઉજવણી શરૂ થઈ. જો કે, હવે એક પછી એક ઈઝરાયેલની સિક્યુરીટી એજન્સી ભાગી છૂટનારાં છમાંથી ચાર કેદીઓને પકડી ચૂકી છે.

ઈઝરાયેલ ભૂલ સુધારીને પોતાની વ્યવસ્થા ફરી ગોઠવવા તત્પર છે. ઈઝરાયેલ-પેલેસ્ટાઈનમાં સતત ચાલી રહેલાં વિવાદ સાથે ત્યાં ઈન્ટરેસ્ટિંગ સ્ટોરીઓ જન્મતી આવી છે. આ સ્ટોરીઓમાંથી ફિલ્મ, વેબસીરિઝ અને નવલકથાના પ્લોટ ઘડાયાં છે. આ ઘટના પણ કંઈક એવી જ છે. ઈઝરાયેલની હાઈ સિક્યુરિટી જેલમાંથી જેવાં આ છ કેદીઓ ભાગી ગયા તે પછી ઘટનાની વાતો ચોમેર ફેલાવી માંડી. ત્યારબાદ તેટલી જ ઝડપે ઈઝરાયેલની તમામ ટોપ સિક્યુરિટી એજન્સીઓ કામે લાગી. ખુદ ઈઝરાયેલના વડાપ્રધાને આ ઘટના વિશે કહ્યું હતું કે, આ 'ગંભીર ઘટના' છે અને તે માટે તમામ પ્રયાસ કરવામાં આવશે. ઈઝરાયેલ તરફથી થયેલી સૌથી મોટી ભૂલ જે સામે આવી રહી છે તે આ જેલનું નિર્માણ કરનારી કંપની દ્વારા તેનો પ્રોજેક્ટ ઓનલાઈન મુકાવાની છે. ઈઝરાયેલની પ્રિઝન ઓથોરિટીએ આ જ બાબતને સુરક્ષાની સૌથી મોટી ચૂક ગણાવી છે. ઈઝરાયેલના સુરક્ષાના મામલે ગમે તેટલાં વખાણ થતાં હોય પણ છેવટે તો માનવસહજ ભૂલ કોઈનાથી પણ થઈ શકે. આ કિસ્સામાં પણ અનેક જગ્યાએ ભૂલો થઈ છે. પ્રથમ ભૂલ તો એ કે ઈઝરાયેલ પ્રિઝન ઓથોરિટી અને પોલીસ દ્વારા



અનેક વખત ચેતવણી આપવામાં આવી કે, જેલની વ્યવસ્થામાં ખામી છે. તેમ છતાં તેના પર કોઈ પગલા ન લેવાયા.

ભારત જેવા દેશમાં સામાન્ય રીતે જોવા મળતું આવું વલણ ઈઝરાયેલમાં આ વખતે જોવા મળ્યું. એ ઉપરાંત બીજી મોટી ભૂલ જે થઈ તે ગિલ્બોઆ જેલમાં. અહીં મોટું 'ઓપરેશન' કેદીઓએ પાર પાડી દીધું તેની ગંધ સુદ્ધાં સિક્યુરિટીને ન આવી તે આશ્ચર્ય પમાડે તેવી બાબત છે. તેમાં પણ સૌથી મોટી ભૂલ જેલમાં સિક્યુરિટી ટાવર-બેના સુરક્ષા કર્મચારીની છે, જે દિવસે આ કેદીઓ ભાગીને જેલ બહાર એક નાનકડી ટનલમાંથી નીકળ્યા તે જગ્યા જેલના સિક્યુરિટી ટાવરના કર્મચારીન નજરમાં આવે તેવી હતી. પરંતુ સુરક્ષા કર્મચારી પોતાની ફરજ છોડીને ઊંઘ લેતો રહ્યો હતો. બસ આ જ બાબતનો ફાયદો ઉઠાવી કેદીઓ ફરાર થઈ ગયા. હવે કેટલી પણ હાઈસિક્યુરિટી જેલ હોય રોજબરોજ વ્યક્તિને જે દૈનિક ક્રિયા માટે જગ્યાની જરૂર રહેવાની તે રહેવાની જ. એમ અહીંયા પણ કેદીઓ અર્થે બાથરૂમ અને વૉશરૂમની વ્યવસ્થા હતી.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

આ છ કેદીઓ અહીં જે બાથરૂમનો ઉપયોગ કરતા હતા. આ જ જગ્યાએ તેમણે ટનલ ખોદી છે. જેલમાં જ્યારે કેદીઓ ટનલ ખોદે ત્યારે તેઓ એ રીતે ખોદે કે, ઓછું અંતર ખોદવું પડે અને જ્યાં તેઓ નીકળે ત્યાંથી તેઓ સરળતાથી ભાગી શકે. આ બધો જ અંદાજ તેઓને જેલના મેપ ઉપરથી આવ્યો. તપાસ એજન્સીઓ અત્યારે તો એવું દૃઢ રીતે માની રહી છે કે, ભાગનારા કેદીઓ પાસે જેલનો નકશો હતો. જોગાનુજોગ આ કેદીઓની ઓરડી જેલની મુખ્ય દીવાલની નજીક પણ હતી. તેથી પણ ટનલ ખોદવામાં સરળતા રહી, જેલમાંથી ભાગી છૂટયા બાદ ક્યાં જવું અને કેવી રીતે જવું તે માટે પણ માઈક્રો લેવલનો પ્લાન કેદીઓ દ્વારા ઘડાયો હતો. હવે આ પ્લાન મુજબ બહારની કોઈ વ્યક્તિ સાથે તેઓનો સંપર્ક હોવો જોઈએ. વધુમાં આ ઘટનામાં સૌથી આશ્ચર્યજનક વાત તો એ હતી કે, તેઓને ગેરકાયદેસર રીતે એક મોબાઈલની સુવિધા મળી ચુકી હતી. મોબાઈલ કેદીઓ પાસે કેવી રીતે પહોંચ્યો તે હજુય કોયડો છે.

**જેલનું નિર્માણ કરનારી કંપની દ્વારા પ્રોજેક્ટ ઓનલાઈન મુકાયો અને કેદીઓએ યોજના ઘડી કાઢી, ઈજ્જત બચાવવા ઇઝરાયેલની સિક્યુરીટી એજન્સીએ એક પછી એક 4 કેદીને પકડ્યા, હવે સુરક્ષા વ્યવસ્થાને વધુ સઘન બનાવવા પ્રયાસો કરવા માંડ્યા છે**

કેદીઓએ બાથરૂમમાંથી ટનલ બનાવવાનું નિશ્ચિત કરી દીધું અને બહાર નીકળીને કોનો સંપર્ક કરવો અને કોની સાથે ભાગવું તે પણ નક્કી કર્યુ હતુ. ટનલ ખોદવાનું કામ તો ચાલુ જ હતું. આ ટનલમાંથી જે માટી નીકળે તે કેદીઓએ ક્યાં નાંખી છે. તેનો પત્તો હજુ ઈઝરાયેલ એજન્સીને લાગ્યો નથી. માણસ નીકળી શકે તેટલી ટનલ ખોદાય ત્યારે તેમાંથી ખાસ્સી માટી નીકળે પણ તેની ભાળ સુદ્ધાં જેલ પ્રશાસનને કેદીઓએ આવવા ન દીધી. આમ બધી જ જગ્યાએ ઈઝરાયેલના જેલ પ્રશાસનની મર્યાદાઓ દેખાય છે. આ ઉપરાંત આ જેલમાં 2019-20 દરમિયાન ટ્રેનિંગ સેશન યોજાયું હતું.

ત્યારે પણ ઈઝરાયેલના પ્રિઝન ઓથોરિટીના એક અધિકારીએ નોંધ્યું હતું કે જેલના ફરતે પેટ્રોલિંગ કાર હોવી જોઈએ કે બહારના ક્ષેત્રની દેખરેખ રાખી શકે. જેલના ન્યૂનતમ સુરક્ષા માપદંડોમાં પેટ્રોલિંગ કારને જરૂરી ગણવામાં આવે છે, તેમ છતાં તેમના સૂચનની અવગણના કરવામાં આવી. આમ સામાન્ય લેખાતી ભૂલીના કારણે પૂરી ઘટના બની છે. જ્યાં ટનલ ખોદાઈ રહી હતી ત્યાં પાંચ કેદીઓએ આ કામ કર્યું હતું અને છઠ્ઠો કેદી જે ત્યાંથી ભાગવામાં નાસી છૂટયો તે સીનિયર મોસ્ટ ઝકરિયા ઝુબેદી હતો. ઝકરિયા ઝુબેદી બીજા સેલમાં હતો. આશ્ચર્ય એ વાતનું પણ છે કે ઝકરિયા ઝુબેદીએ એક દિવસ અગાઉ જ જ્યાં પાંચ કેદીઓ ટનલ ખોદી રહ્યા હતા તે સેલમાં જવાની અનુમતિ માંગી હતી. કોઈ જ ઝાઝી તપાસ વિના અનુમતિ અપાઈ અને બીજા દિવસે આ ઘટના બની. કેદીઓ જેલની બહાર ટનલમાંથી નીકળ્યા ત્યારે તેઓએ જેલના કપડા કાઢીને અન્ય કપડાં પહેર્યા હતાં. જેલમાંથી કેદીઓ નાસી છૂટ્યા તેની જાણ જેલ પ્રશાસનને બહારની એક વ્યક્તિએ કરી હતી. બાજુમાં આવેલા એક ખેતરમાં રાતના બે વાગે સંદિગ્ધ વ્યક્તિઓ દેખાઈ અને તે વ્યક્તિએ જેલ પ્રશાસનને જાણ કરી હતી. જે બાદ આખુ પ્રશાસન અને સરકાર હરકતમાં આવ્યા હતા.

રાતના એક વાગ્યે બનેલી આ ઘટનાની પુષ્ટિ મળસ્કે ચાર વાગ્યે થઈ. ઈઝરાયેલ-પેલેસ્ટીનીઓની જે રીતે અવિરત લડાઈ ચાલુ છે તે રીતે આ પૂરી ઘટનાને પેલેસ્ટીનીઓએ 'હિરોઈક' તરીકે ગણાવી. અને ઈઝરાયલની સુરક્ષાની સિસ્ટમને જે ધક્કો આપ્યો તેની ઉજવણી કરી. પેલેસ્ટાઈનની જાણીતાં ગ્રુપ હમાસે તો આને 'ગ્રેટ વિક્ટરી' કહી અને એવું નિવેદને આપ્યું કે અમારા સૈનિકોને જેલની અંદર પણ તમે હરાવી નહીં શકો. જો કે, તેની સામે ઈઝરાયેલે પણ જોરશોરથી આ નાસી છૂટેલાં કેદીઓની કરી ધરપકડ કરવાની કવાયત આદરી હતી. એજન્સીઓએ અત્યાર સુધી છમાંથી ચાર કેદીઓને ફરી પાછા સળિયા પાછળ ધકેલી દીધા છે. જો કે, આ પૂરી ઘટનાએ ઈઝરાયેલની સુરક્ષાના માપદંડ પર સવાલ ખડા કર્યા છે તેટલુ ચોક્કસ છે.

# સૌરાષ્ટ્રમાં અતિવૃષ્ટિ: દક્ષિણ ગુજરાત જળબંબાકાર

## `ગુલાબ' વાવાઝોડાની અસર : મેઘરાજાની તોફાની બેટિંગથી ઠેરઠેર પાણી ભરાયા: રાજકોટમાં સાત ઇંચ વરસાદથી જનજીવન ઠપ

અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત : ગુજરાતમાં ગુલાબ વાવાઝોડાની અસરના કારણે બુધવારે સૌરાષ્ટ્ર અને મધ્ય તથા દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ગાજવીજ અને પવનના જોરદાર સૂસવાટા સાથે ભારે વરસાદ પડયાના અહેવાલો મળ્યા છે. જુનાગઢ જિલ્લાના વિસાવદરમાં આભ ફાટયું હતું જ્યાં તાલુકાનો સરેરાશ વરસાદ ૧૦ ઈંચ નોંધાયો છે તો તાલુકાના દાદર ગામે અર્ધી કલાકમાં સાંબેલાધારે ૫ ઈંચ સાથે ૧૬ ઈંચ વરસાદ નોંધાયો છે.



### 65 ડેમો ઓવરફ્લો થયા: 100 ડેમો ઉપર હાઈએલર્ટ સિગ્નલ

ગુજરાતના કેટલાક જિલ્લામાં અતિભારે વરસાદની આગાહી કરાઈ રહી ત્યારે ૨૯મી સપ્ટેમ્બરના બુધવારની સ્થિતિએ રાજ્યના ૨૦૭ પૈકી ૬૫ ડેમ સંપૂર્ણ છલકાઈ ગયા છે, ગુજરાતમાં અત્યારે ૧૦૦ ડેમો હાઈએલર્ટ પર મુકાયા છે, કારણ કે એ ડેમોમાં ૯૦ ટકા પાણીનો સંગ્રહ થઈ ચૂક્યો છે, બાકીના ૮ ડેમોમાં એલર્ટ અને ૧૮ ડેમોમાં ચેતવણી આપવામાં આવી છે.

તો રાજકોટ જિલ્લાના રાજકોટ શહેરમાં ૭ ઈંચ, ગોંડલમાં ૬ ઈંચ, અમરેલીના રાજુલામાં ૬ ઈંચ,લીલીયામાં સાડા છ ઈંચ, અને બગસરા, જાફરાબાદમાં પણ સાડાપાંચ ઈંચ વરસાદ ખાબક્યો હતો અને રાજકોટ,જુનાગઢ,અમરેલી જિલ્લામાં તો દરેક તાલુકામાં ૩ ઈંચથી ૫ ઈંચ વરસાદ તૂટી પડયો હતો. અને આટલા રાત્રે હજુ વધુ વરસાદની શક્યતા જણાય છે.મહિના પહેલા અનાવૃષ્ટિથી ચિંતિત સૌરાષ્ટ્ર હવે અતિવૃષ્ટિથી ચિંતિત બન્યું છે અને કૃષિપાકને વ્યાપક નુકશાનની ભીતિ સેવાઈ રહી છે.

સૌરાષ્ટ્રમાં અનેક સ્થળે વિજળી ત્રાટકી હતી જેમાં ચોટીલા તાલુકામાં જાનીવડલા ગામે વિજળી પડતા બે પશુના મોત નીપજ્યા છે, તો ધારેઈ ગામે લીમડાનું એક વૃક્ષ સળગી ઉઠયું હતું. બીજી તરફ ભરૂચમાં મંગળવારની મોડીરાતથી વરસાદ થયો હતો. આ ઉપરાંત વલસાડમાં 8.22 ઈંચ અને સાપુતારામાં 10 ઈંચથી વધુ તેમજ વરસાદ ગત બુધવારે ઝીંકાયો હતો. ઉકાઈ ડેમમાંથી પાણી છોડાતા સુરતમાં પુરનું સંકટ ઉભું થયું છે. દરમિયાન, ગુલાબ વાવાઝોડાની અસર તળે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના જિલ્લાઓમાં વહીવટીતંત્રને સાબદું કરાયું છે.

## ગુજરાતની વસતી 9 વર્ષમાં 6 કરોડથી વધી 7 કરોડ : 13 ટકાનો વધારો થયો

**ગાંધીનગર**

ગુજરાતમાં વસતી વધારો સતત થઈ રહ્યો છે. ભારતની વસતી ગણતરીના અંદાજ પ્રમાણે ૨૦૨૦માં રાજ્યની વસતી ૬.૯૪ કરોડ થઈ છે, જે ૨૦૧૧ની છેલ્લી વસતી ગણતરી પ્રમાણે ૬.૧૦ કરોડ હતી. નવ વર્ષમાં રાજ્યની વસતીમાં ૧૩ ટકાનો વિક્રમી વધારો થયો છે. ગુજરાતની સરખામણીએ ભારતની વસતીનો દર ઓછો રહ્યો છે. દેશમાં આ સમયગાળા દરમ્યાન ૧૧.૦૯ ટકાના દરે વસતી વધી છે. દેશની વસતી ૨૦૧૧માં ૧૨૨.૦૧ કરોડ હતી જે વધીને ૨૦૨૦માં ૧૩૫.૫૪ કરોડ થઈ છે. કોરોના સંક્રમણના કારણે ૨૦૨૧માં વસતી ગણતરી થઈ શકી નથી.

## જમીન જૂની શરતમાં ફેરવવામાં રાજ્ય સરકારને 5200 કરોડ મળ્યા

**ગાંધીનગર**

ગુજરાતમાં નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવામાં આવેલી જમીનથી સરકારને છેલ્લા પાંચ વર્ષમાં 5186 કરોડ રૂપિયાની આવક થઈ છે. આ સમયગાળામાં કુલ 75.15 કરોડ ચોરસમીટર જમીનની શરતમાં બદલાવ થયો છે જે પૈકી આણંદ અને નવસારી એવા જિલ્લા છે કે જ્યાં સૌથી વધુ જમીનની શરત મંજૂરી અપાઈ છે.

રાજ્યના મહેસૂલ વિભાગે વિધાનસભામાં આપેલા લેખિત આંકડા પ્રમાણે આણંદમાં 13.87 કરોડ ચોરસમીટર અને નવસારીમાં 15.83 કરોડ ચોરસમીટર નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવામાં આવી છે. રાજ્યના 33 જિલ્લા પૈકી એકપણ જિલ્લો એવો નથી જ્યાં જમીનની શરતમાં ફેરફાર થયો ન હોય. પાંચ વર્ષમાં સૌથી વધુ 47.55 કરોડ ચોરસમીટર 2017-18ના વર્ષમાં બદલાવ થઈ છે. જૂની શરતમાંથી નવી શરતમાં ફેરવાયેલી અમદાવાદ જિલ્લાની 2.14 કરોડ ચોરસમીટર જમીનમાંથી સરકારને 1493 કરોડ રૂપિયાની આવક થઈ છે. સુરત જિલ્લાની 1.65 કરોડ ચોરસમીટર જમીનમાંથી સરકારને સૌથી વધુ 1774 કરોડ રૂપિયા મળ્યા છે.

## ભાજપથી લોકો નારાજ છે, કોંગ્રેસે ભરોસો તોડયો છે: મનિષ સિસોદિયા

**ગાંધીનગર**

ગાંધીનગરમાં લોકોને ભાજપ પર ભરોસો નથી. કોર્પોરેશનની ચૂંટણીમાં છેલ્લી બે ટર્મ દરમિયાન ભાજપ પ્રત્યે પોતાની નારાજગી બતાવી કોંગ્રેસને જીતાડયો, પરંતુ કોંગ્રેસે પણ ગાંધીનગરની જનતા સાથે વિશ્વાસઘાત અને ગદ્દારી કરી હોવાનું તથા જનતાના સમર્થન અને ભરોસાને ભાજપને વેચી દીધું હોવાના રાજકીય ચાબખા દિલ્હી સરકારના નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાએ ગાંધીનગરમાં પ્રચાર દરમિયાન માર્યા હતા.

સૂરત કોર્પોરેશનમાં ૨૭ સીટો જીત્યા બાદ આમ આદમી પાર્ટીએ પહેલી વાર ગાંધીનગર કોર્પોરેશનની ચૂંટણીમાં પણ ઝંપલાવ્યું છે.

## શ્રેય-ઉદય શિવાનંદ અગ્નિકાંડમાં 13 મોત પણ કોઈ જવાબદાર નહીં: મહેતા કમિશન

**અમદાવાદ**

અમદાવાદના શ્રેય અને રાજકોટના ઉદય હોસ્પિટલમાં લાગેલી આગમાં કુલ ૧૩ કોરોનાના દર્દીઓના મૃત્યુ થયેલા તે મુદે હાઈકોર્ટના નિવૃત્ત જસ્ટિસ ડી.એ.મહેતા કમિશનનો તપાસ રિપોર્ટ મંગળવારે વિધાનસભા ગૃહમાં રજૂ કરાયો હતો.

કમિશને તેના રિપોર્ટમાં આ આગ માટે કોઈપણ સરકારી અધિકારીને જવાબદાર ઠેરવ્યા નથી. રિપોર્ટમાં કહ્યું છે કે, શ્રેય હોસ્પિટલમાં આગ લાગવા માટે ટ્રસ્ટી અને તેના સંચાલકોની અક્ષમ્ય બેદરકારી તથા ઉદય શિવાનંદ હોસ્પિટલના અગ્નિકાંડ માટે ધમણ વેન્ટિલેટરમાં થયેલા વિસ્ફોટ જવાબદાર છે. રિપોર્ટમાં કહેવાયું છે કે, રાજકોટના ઉદય શિવાનંદ હોસ્પિટલને આ વેન્ટિલેટર દાનમાં મળ્યા હતા. તેથી કંપની સામે કોઈ પગલા લઈ શકાય નહીં, પરંતુ હોસ્પિટલના સત્તાધીશો સામે આ મુદ્દા પર પગલા લઈ શકાય છે. આ આગ માટે ડોક્ટર સામેની ફરિયાદ ગેરબંધારણીય છે. જો કે, કોઈ ડોક્ટર હોસ્પિટલમાં ભાગીદાર હોય તો તે તેની જવાબદારીમાંથી છટકી શકે નહીં. જો શ્રેય હોસ્પિટલમાં અંદર અને બહાર ગેરકાયદેસર બાંધકામને નિયમિત કરાયું ન હોત તો, ૭ ઓગષ્ટ, ૨૦૨૦ના રોજ બનેલા ભયાનક અગ્નિકાંડને નિવારી શક્યા હોત. આગની બંને ઘટના સમયે હાજર સ્ટાફને આ પ્રકારની સ્થિતિમાં કેમ કામ કરવું તેની તાલીમ જ અપાઈ ન હતી. શ્રેય અને ઉદય હોસ્પિટલના સ્ટાફને આગની ઘટનામાં શું કરવું તેની કોઈ જ ટ્રેનિંગ આપવામાં આવી નહોતી. કમિશને ભલામણ કરી છે કે, આગને રોકવા, ફાયર સેફ્ટિ માટેની સુવિધાને વિકસિત કરો.

## ગુજરાતમાં પણ તિરુપતિ દેવસ્થાનમ્ જેવા મંદિર નિર્માણની સક્રિય વિચારણા

**ગાંધીનગર**

દક્ષિણ ભારતના ૫,૦૦૦ વર્ષ જૂના વિખ્યાત તિરૂમાલા તિરૂપતિ દેવસ્થાનમ્ બોર્ડમાં મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને વર્લ્ડ મેડિકલ એસોસીએશનના પૂર્વ પ્રેસિડેન્ટ એવા ગુજરાતી ડો.કેતન દેસાઈની મેમ્બર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. ટીટીડી બોર્ડમાં ગુજરાતી તરીકે તેમની નિયુક્તિ થઈ છે.

બોર્ડ દ્વારા હાલમાં જ તેમના સહિતના સભ્યોનો શપથ સમારોહ મંદિરની અંદર યોજવામાં આવ્યો હતો. બાદમાં પહેલી જ મીટિંગમાં ડો.કેતન દેસાઈએ ગુજરાતમાં પણ તિરૂપતિ મંદિરની સ્થાપના કરવા વિચાર રજૂ કરતા મંદિરના બોર્ડે હકારાત્મક પ્રત્યુતર આપતા કહ્યું કે સરકાર અમને ૮ થી ૧૦ એકર જમીન ફાળવે તો મંદિર માટે તૈયાર છીએ.

ડો.દેસાઈ સહિતના સભ્યોની બે વર્ષ માટે કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્તિ થઈ છે. મંદિરની મીટિંગમાં જે કંઈ પણ ચર્ચા-વિચારણા થાય તે બહાર ક્યાંય પણ જાહેર નહીં કરવાના શપથ લેવડાવવામાં આવે છે. દક્ષિણ ભારતીય પરંપરા મુજબ ધોતી અને શર્ટ પહેરાવીને શપથ લેવડાવ્યા હતા. શપથ લેનાર તમામ સભ્યોને તિરૂપતિ મંદિરની ફોટોફ્રેમ ભેટ સ્વરૂપે અપાઈ હતી.



# મા જગદંબાની આરાધનાનું પર્વ એટલે નવરાત્રી



વર્ષમાં ચાર નવરાત્રિ આવે છે અષાઢ, આસો, માઘ અને ચૈત્ર જેમાં ઉત્સવ તરીકે આસો માસની નવરાત્રિ ઠેર ઠેર ઉજવાય છે. મા જગદંબાની ઉપાસના દિવ્ય લક્ષ્મી તથા ઐશ્વર્યથી ભરપુર છે કેન ઉપનિષદમાં મા ઉમા સ્વરૂપે શક્તિ અવતારનીકથા અને આરાધનાનો ઉલ્લેખ છે. માની આરાધના દ્વારા અનેકને મહાન બનાવ્યા છે.

શ્રી રામકૃષ્ણ પરમહંસની મહાકાલીની ઉપાસનાથી સ્વામી વિવેકાનંદજીને આત્મશક્તિ દ્વારા મહામાનવોની પંક્તિમાં મૂકી દીધા. નવરાત્રિ મા જગદંબાની સાધનાનો વિશિષ્ટ કાળ છે. મા જગદંબા ભગવાનની સાક્ષાત યોગમાયા છે અને શક્તિ સ્વરૂપા છે.

નવરાત્રિમાં વિવિધ પ્રકારથી ભક્તો ઉપાસના કરે છે. અમાવસ્યાના દિવસે જવેરા વાવવામાં આવે છે અને ઘટસ્થાપન થાય છે. બીજા દિવસે નવરાત્રિના પ્રારંભે મા જગદંબાની મૂર્તિને શુદ્ધ જળથી સ્નાન કરાવી પંચામૃત દ્વારા અથવા તીર્થના જળથી અભિષેક થાય છે. નવ દિવસ સુધી અખંડ ઘીની જ્યોત પણ રાખવામાં આવે છે. દરરોજ જપમાં નર્વાણમંત્ર બોલવામાં આવે છે. નવરાત્રિની અષ્ટમી આઠમ જેને હવનાષ્ટમી કહે છે તે દિવસે દશાંશ હોમ કરવામાં આવે છે. કુળના રિવાજ મુજબ નૈવેદ થાય છે. આમ ભાવવાહી મંત્રો દ્વારા ક્ષમાયાચના કરી મા જગદંબાની આરાધના પૂર્ણ થાય છે.

## મા અંબાાના નવ સ્વરૂપો અને આધ્યાત્મિક મહત્ત્વ

**પ્રથમ શૈલ પુત્રીનું સ્વરૂપ :** શૈલપુત્રી હિમાલય પુત્રી છે. આ દેવી સર્વત્ર વિધમાન છે. આ સ્વરૂપ એટલે દેવોમાં શ્રેષ્ઠ એવ ાદક્ષની પૂર્વ જન્મની પુત્રી નોરતાના પ્રથમ દિવસે આ શૈલપુત્રીના સ્વરૂપને આરાધવાનો પવિત્ર દિન છે. શ્રીમદ્ ભાગવતમાં, બ્રહ્માંજીના પ્રશ્નના ઉત્તરમાં દેવી ભગવતી સ્વયં કહે છે કે ‘ ’હું ન નર છું ન નારી છું અને ન તો કોઇ એવું પ્રાણ, જે નર યા માદા હોય કે કોઇપણ વસ્તુ કે વ્યક્તિ એવી નથી જેમાં હું વિધમાન ન હોઉ. ભક્તિનું ભાવભર્યુ સ્વરૂપ એટલે પ્રથમ નોરતાના શૈલપુત્રી.

**બીજે નોરતે બ્રહ્મચારીણીનું સ્વરૂપ :** બ્રહ્મચારીણી માની ઉપાસના થકી તપ, જ્ઞાાન, ભક્તિ ભાવ અને વૈરાગ્યના ઉદય થઇ તેનો વ્યાપ વધે છે. બ્રહ્મચારીનું સ્વરૂપ બહુ રમ્ય, ભવ્ય છે. આ તપની ચારીણી એટલે કે તપના આચરણ કરવાવાળી, તપ વિના તૃપ્ત ન થવાય, કસોટી વિના સોના - સુવર્ણ જેવા ન થવાય એવું દર્શાવતાં મા અણિશુધ્ધ બનવાની પ્રેરણા આપે છે. શાસ્ત્રોમાં બ્રહ્મને તપ પણ કહેવામાં આવેલ છે. સર્જનના દેવતા બ્રહ્મ દ્વારા ઉત્પન્ન અજ્ઞાાનના અંધકારને દૂર કરી આત્માને ઉજાળી અજવાળી કરનારી મા એટલે જ બ્રહ્મચારીણી મા.

**ત્રીજે નોરતે ચંદ્રઘટાનું સ્વરૂપ :** મા અંબાનું ત્રીજુ સ્વરૂપ ચંદ્રઘટાનું છે. તેની આરાધના ત્રીજે નોરતે કરવામાં આવે છે. ચંદ્રઘટામાની સાચા હૃદયથી એક ચિત્તે આરાધના કરનાર ભક્તને પરાક્રમી અને નિર્ભયી બનાવે છે.

**ચોથે નોરતે કુષ્માન્ડાનું સ્વરૂપ :** ચોથે નોરતે મા કુષ્માન્ડાનું સ્વરૂપની આરાધના કરવાની હોય છે. રોગ મુક્તિ, દુઃખ મુક્તિ, શોક મુક્તિ, ભય મુક્તિ કરે છે અને આનંદ અર્પણ કરે છે. માનું આ સ્વરૂપ આહલાદક મનોહર છે. મા તો હંમેશ મલકતા મુખડે જોવા મળે છે.

**પાંચમે નોરતે સ્કંદમાતાનું સ્વરૂપ :** નવદુર્ગા અંબામાનું આ પાંચમું સ્વરૂપ છે. જેની આરાધના પાંચમે નોરતે છે જે આપણી માતા છે અને તે આપણને પોતાનું સંતાન ગણી આપણું કલ્યાણ અને ઉર્ધ્વગતિ કરનારી છે. એ જીવનદાતા, ભાગ્યદાતા, વિધાતારૂપે માતૃત્વ શક્તિને ઉજાગર કરે છે. સ્કંદકુમાર એટલે કે સનતકુમાર દેવ આસુરના સંગ્રામમાં દેવોના સેનાપતિ હતા. પુરાણોમાં એમને શક્તિધર કહી તેમની મહત્તા અને મહિમા ગાવામાં આવી છે.

**છઠ્ઠ નોરતે કાત્યાયની માનું સ્વરૂપ :** મા દુર્ગા અંબાનું આ છઠ્ઠું સ્વરૂપ છે. જેની આરાધના - સાધના છઠ્ઠે નોરતે કરવાથી રિધ્ધિ - સિધ્ધિ પ્રાપ્ત થાય. દેવો, ઋષિઓ, મહર્ષિઓના કાર્યો સિધ્ધ કરવા વિશે આ માએ અવતરણ કર્યું છે. અસુરોને હણવા દરેક દેવોના અંશમાંથી અવતરીત એવી મહાશક્તિની પૂજા - આરાધના સર્વ પ્રથમ પૂજા મહર્ષિ કાત્યાયએ કરી હતી અને આ મા મહર્ષિ કાત્યાયની પુત્રીરૂપે હોવાથી તેને કાત્યાયની કહેવામાં આવે છે.

**સાતમા નોરતે કાલરાત્રીનું સ્વરૂપ :** સાતમા નોરતે મા દુર્ગાનું કાલરાત્રી સ્વરૂપ રૂદ્ર ભયાનક સ્વરૂપ છે. છતાં એ આસુરોના સંહાર અર્થે છે. એ રાત્રીની દેવી છે. માર્કેન્ડેય પુરાણખંડ ૮૧-૯૩ મા દુર્ગા સપ્તસતીમાં કાલરાત્રીની કથા છે. તે ઉપરાંત સ્કંદપુરાણમાં શિવ પાર્વતી (કાલરાત્રી) તરીકે કથા છે.

**આઠમે નોરતે મહાગૌરીનું સ્વરૂપ:** આઠમે નોરતે માના મહાગૌરી સ્વરૂપની આરાધના - પૂજા - સાધના કરવી જોઇએ. આ શુભદિને મા જગદંબા શ્રી રામને પ્રસન્ન થયાં હતાં અને રાવણનો વધ કરી વિજય પ્રાપ્ત કરવાના આશિષ તેમણે આપ્યા હતા. આસો સુદ આઠમ હવનાષ્ટમી તરીકે ઉજવાય છે કારણ કે આજે દરેક માનાં નવરાત્રિ સ્થાને માતાના મંદિરે શતચંડી હવન થાય છે. દક્ષના યજ્ઞાનો વિનાશ કરનારી મા ભદ્રકાળી રૂદ્ર સ્વરૂપે કરોડો યોગીનીઓ સાથે પ્રગટ થયેલાં.


**નવમે નોરતે માનું સિધ્ધદાત્રી સ્વરૂપ:** સિધ્ધદાત્રી સ્વરૂપની આરાધના પૂજા સાધના કરવી જોઇએ. મા અષ્ટસિધ્ધિ પ્રદાન કરતી દેવી. માર્કેન્ડેય પુરાણ મુજબ સિધ્ધદાત્રીમાં જે અષ્ટસિધ્ધિદાત્રી છે. એ મહિમા ઇશિત્વ (પરમેશ્વરમ્) વાકસિધ્ધિ (મહાવાણી) કલ્પવૃક્ષ (અજર), સુષ્ટિ, સામર્થ્ય, અમરતત્વ, સર્વન્યાકત્વ અને ભાવના પ્રદાન કરતી છે. દેવી પુરાણ અનુસાર શિવે માતા સિધ્ધિદાત્રીની કૃપાથી જ સર્વે સિધ્ધિઓ પ્રાપ્ત કરી હતી આથી તેઓ અર્ધનારીશ્વર તરીકે ઓળખાય છે.

# APPLE ICLOUD પ્રાઈવેટ રીલે દ્વારા IP એડ્રેસ લીક

એપલના iCloud પ્રાઈવેટ રીલે સુવિધામાં ખામી જણાય છે. જેના કારણે નવા iOS ડિવાઈસની ઓપરેટીંગ સીસ્ટમના IP એડ્રેસ લીક થઈ શકે છે. આ માહિતીની જાણ થતાં એપલ એ ઘણા ફેરફારો કર્યા છે.

એપલ એ ગત અઠવાડિયે iOS 15 Beta રીલીઝ કર્યું. જે iCloud પ્રાઈવેટ રીલેની સિક્યુરીટીમાં વધારો કરશે. જે ડ્યુઅલ-હોપ આર્કિટેક્ચરનો ઉપયોગ કરે છે. જેના કારણે વેબસાઈટ્સ અને નેટવર્ક સેવાઓથી યુઝર્સના IP એડ્રેસ, GPS લોકેશન અને DNS ની માહિતીને સુરક્ષિત કરી શકાશે.

Tor બ્રાઉઝરની જેમ Safari બ્રાઉઝર પણ 2 પ્રોક્સી નો ઉપયોગ કરીને યુઝર્સના ડેટાને રૂટ કરીને પ્રાપ્ત કરશે. જેના કારણે બ્રાઉઝીંગ ડેટાની સિક્યુરીટી વધી જશે. જો કે આ સુવિધા ફક્ત iCloud+ સબ્સ્ક્રાઈબર્સ માટે ઉપલબ્ધ છે. જે iOS 15 અથવા macOS 12 મોન્ટેરી અને તેનાથી ઉપરના વર્ઝન પર છે.




FingerprintJS ના રિસર્ચર સેરગેઈ મોસ્ટસેવેન્કોએ જણાવ્યું હતું કે જો તમે તમારા સર્વર દ્વારા પ્રાપ્ત HTTP રીક્વેસ્ટ માંથી IP એડ્રેસને વાંચી શકો છો તો તમને ફિલ્ટર પ્રોક્સીનું એડ્રેસ મળશે. તેમ છતાં તમે WebRTC ની મદદથી યુઝર્સના રીઅલ IP એડ્રેસ જોઈ શકો છો. WebRTC એટલે વેબ રીઅલ-ટાઈમ કોમ્યુનિકેશન. જે એક ઓપન-સોર્સ પહેલ છે. જેનો હેતુ વેબ બ્રાઉઝર્સ અને મોબાઈલ એપ્લિકેશન્સને API દ્વારા રીઅલ-ટાઈમ કમ્યુનિકેશન સાથે રાખવાનો છે. જે પીઅર-ટુ-પીઅર ઓડિયો અને વિડિયો કોમ્યુનિકેશનને સક્ષમ કરે છે.

iCloud પ્રાઈવેટ રીલે દ્વારા આવતી STUN રીક્વેસ્ટ એ પ્રોક્સીનો ઉપયોગ કરતું નથી જેના પરિણામે યુઝર્સનું રીઅલ IP એડ્રેસ બહાર આવે છે. FingerprintJS એ એપલને આ અંગે ચેતવણી આપી હતી. ત્યારબાદ એપલ એ આ ખામી નવા iPhone માં સુધારી હતી. પરતું macOS ના iCloud પ્રાઈવેટ રીલેમાં આ ખામી અનપેચ રહી હતી.

એપલ iCloud પ્રાઈવેટ રીલે ક્યારેય પણ VPN માટે રીપ્લેસમેન્ટ બની શકે નહી. જે યુઝર્સ પોતાના IP એડ્રેસની દ્રશ્યતા માટે ચિંતિત હોય તેમણે રીઅલ VPN નો ઉપયોગ કરવો અથવા Tor બ્રાઉઝરનો ઉપયોગ કરવો. WebRTC ની સુવિધા બંધ કરવા Safari બ્રાઉઝરમાં JavaScript ને ડીસેબલ કરવી.

@beinghumanmj

**કવયિત્રી :**
**હિના હેમંત મોદી**
**શીર્ષક :**
**સ્વપ્ન જાગે**

આ...
પર્વત સમા માણસનું મન જાગે,
શ્વસતાં શ્વસતાં મનોરથ જાગે;
આકાશ બનવાનું સ્વપ્ન જાગે.
દૂર... સ... દૂર રહેવાનું,
જ્યાં ન કોઈ પ્હોંચે ;
પોતે પોતાના મનનો રાજા...
ન કોઈની તમા,
ન કોઇના ગમા- અણગમા .
સૂર્યકિરણથી ઝળહળવાનું,
ચાંદની સાથે વિહરવાનું;
પંખીઓના ટહુકાનું તળાવ ભરી લેવાનું.
મન થાય ત્યારે...
વરસી લેવાનું,
સરોવરમાં છબછબિયાં રમી લેવાનું;
લીલી વનરાઇઓને મળી લેવાનું.
અણગમો થાય ત્યારે...
વાદળમાં છુપાઇ એક સ્થળેથી
બીજા સ્થળે લપાઈ જવાનું,
ન કોઈની રોક;
ન કોઈની ટોક.
ન બીજા કરે આપણી ઉપેક્ષા,
ન આપણને બીજાની અપેક્ષા.
આમ,
પર્વત સમા માણસનું મન જાગે,
શ્વસતાં શ્વસતાં મનોરથ જાગે;
આકાશ બનવાનું સ્વપ્ન જાગે.

# હેર સીરમ વાળને મુલાયમ અને ચમકદાર રાખે છે

સીરમ વાળ માટેની એક એવી પ્રોડક્ટ છે, જે વાળની ઉપર એક પરત બનાવીને તેને મુલાયમ અને ચમકદાર બનાવે છે. મોટાભાગના હેર સીરમમાં સિલિકોન હોય છે. જે વાળને ચીકણા બનાવ્યા વગર શાઇનિંગ આપવા ઉપરાંત વાળમાં થતી ગૂંચને દૂર કરવામાં મદદ કરે છે. હેર સીરમ લગાવવાથી થતા ફાયદા અને તેને લગાવવાની રીતે અંગે જાણીએ.



**હેરસ્ટાઇલને જાળવી રાખે છે :** સરસ મજાની હેરસ્ટાઇલ કરીને ઘરેથી નીકળીએ પરંતુ પવનને લીધે વાળ વીંખાઈ જાય છે અને હેર સ્ટાઇલ ખરાબ થઇ જાય છે. આવું મોટાભાગની યુવતીઓ સાથે બને છે. આવી સ્થિતિમાં હેર સીરમનો ઉપયોગ ફાયદાકારક સાબિત થાય છે.

**વાળ ડેમેજ થતા અટકાવે :** હેર સીરમ વાળને ડેમેજ થતા અટકાવે છે. હેર સીરમમાં રહેલું પીએચ વાળની ગુણવત્તાને સુધારવામાં મહત્ત્વનો ફાળો આપે છે. તે વાળના પીએચને ઘટાડીને હેરને ડેમેજ અને રુક્ષ થવા દેતા નથી. હેર ડ્રાયર કે હેર સ્ટ્રેટનિંગ જેવા હીટિંગ ટૂલથી થતા હેર ડેમેજને પણ ઘટાડે છે.

**ચમકદાર બનાવે :** વાળ ચમકદાર લાગે એ કોને ન ગમે? હેર સીરમનો ઉપયોગ વાળને ચમકદાર બનાવવામાં મદદ કરે છે. અનેક રિસર્ચ દ્વારા સાબિત થઇ ચૂક્યું છે કે હેર સીરમ વાળને શાઇન આપવાની સાથે નરમ અને મુલાયમ બનાવે છે. સાથે વાળને સ્ટ્રેટ લુક આપવામાં મદદ કરે છે.

**હેર સીરમ લગાવવાની રીત :** સૌથી પહેલાં સારી કંપનીનું હેર સીરમ ખરીદો. હેર વોશ કર્યા બાદ વાળ થોડા ભીના હોય ત્યારે જ હથેળીમાં સીરમનાં એકથી બે ટીપાં લઇ હથેળીમાં મસળ્યા પછી વાળમાં લગાવો. સીરમને વાળમાં ઉપરથી લઇ નીચે સુધી લગાવવાનું છે. સ્કેલ્પમાં લગાવવાનું નથી. સીરમ લગાવ્યા પછી પહોળા દાંતાવાળા કાંસકાથી તમારે જે હેર સ્ટાઇલ કરવી હોય એ કરી શકો છો.

# કોરોના મૃતકોના આંકડા બોગસ, કોંગ્રેસનું હલ્લાબોલ

**અમદાવાદ**

કોરોના મૃતકોના વારસોને ચાર લાખની સહાય આપવાની માગ સાથે, મૃતકોના આંકડા છુપાવવાના સરકારના ખેલ સામે વિપક્ષ કોંગ્રેસે મંગળવારે ગુજરાત વિધાનસભા ગૃહમાં પોણો કલાક સુધી હંગામો મચાવ્યો હતો, પ્રશ્નોત્તરી દરમિયાન એક સમયે કોંગ્રેસે ભાજપ સરકારને બરોબર ભીંસમાં લીધી હતી.

જોકે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જવાબ ના આપતાં, કોંગ્રેસના ધારાસભ્યો પોસ્ટરો સાથે વેલમાં ધસી આવી 'સહાય આપો ભાઈ, સહાય આપો'ના નારા લગાવ્યા હતા, અધ્યક્ષ નીમાબહેન આચાર્યે ધારાસભ્યોને પોતાની જગ્યાએ બેસવા, પ્રદર્શન નહિ કરવા સૂચના આપી હતી. અલબત્ત, કોંગ્રેસનું હલ્લાબોલ ચાલુ રહેતાં સત્તાપક્ષ કોઈ દરખાસ્ત લાવે તે પહેલાં જ વેલમાં ધસી આવેલા કોંગ્રેસના ધારાસભ્યોને અધ્યક્ષે સસ્પેન્ડ કરવા હુકમ કર્યો હતો અને એ પછી ગૃહ પ્રશ્નોત્તરી કાળ સુધી મોકૂફ રાખ્યું હતું પણ ગૃહ મોકૂફી વચ્ચે કોંગ્રેસે રામધૂન બોલાવી હતી, પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયા બાદ પણ ગૃહની કાર્યવાહી શરૃ થઈ શકી નહોતી, એ વખતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં નારેબાજી ચાલી હતી, થોડીક વારમાં મુખ્યમંત્રી ગૃહ છોડીને જતાં કોંગ્રેસે 'ભાગ ગયા ભઈ ભાગ ગયા, મુખ્યમંત્રી ભાગ ગયા'ના સૂત્રોચ્ચાર કર્યા હતા. પ્રશ્નોત્તરી દરમિયાન કોંગ્રેસના દંડક અશ્વિન કોટવાલે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કોરોનાના કારણે કેટલા દર્દીના મોત થયા અને મૃતકના વારસોને કેટલી સહાય ચુકવાઈ તે વિશે સવાલ પૂછયો હતો, જવાબમાં સરકારે સાબરકાંઠામાં બે વર્ષમાં ૧૫૭ મોત થયાનું જણાવ્યું હતું.

### કોરોનાથી ફક્ત 144 વ્યક્તિઓના જ મોત થયા હોવાનું સરકારે સ્વીકાર્યું

ગાંધીનગરઃ કોરોનાની બીજી લહેર કે જે માર્ચ માસના અંતિમ દિવસોથી ઉભી થઇ હતી તે જુન મહિનાની શરૃઆત સુધી ચાલી રહી અને આ કોરોના મહામારીમાં સેંકડો નહીં હજ્જારો જીંદગીઓ હોમાઇ ગઇ છે પરંતુ સરકાર હજું પણ સ્વિકારતી નથી. ત્યારે વિધાનસભામાં પુછાયેલા પ્રશ્નના જવામાં મંત્રીએ જવાબ આપ્યો હતો કે, ગાંધીનગર શહેર-જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન કુલ ૧૪૪ વ્યક્તિઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. તેમાં પણ એક પણ દર્દીનું મોત ઓક્સિજન નહીં મળવાને કારણે થયું નહીં હોવાનો પણ લેખિત જવાબ આરોગ્ય મંત્રીએ આપ્યો છે.

કલાસીફાઈડ / Classified
MANAGER REQUIRED FOR MOTEL
Manager Required for 29 rooms **Motel** in Toronto. Or **Motel** can be given on lease to operate. Accommodation will be provided
Contact: Ken Patel : 416-931-2434

## ત્રણ વર્ષમાં પેરોલ, ફર્લો ઉપર જેલમાંથી છૂટેલા 407 કેદી ગાયબ

**ગાંધીનગર** : ગુજરાતની જેલોમાંથી જુલાઈ-૨૦૧૮થી જૂન- ૨૦૨૧ વચ્ચેના ત્રણ વર્ષમાં પેરોલ અને ફર્લો ઉપર છૂટેલા ૪૦૭ કેદીઓ પાછા જ ફર્યા નથી. વિધાનસભામાં જેલમંત્રીએ લેખિત ઉત્તરમાં અમદાવાદ સેન્ટ્રલ સહિત રાજ્યની ૧૭ જેલમાં ક્ષમતાથી વધુ કેદીઓ હોવાનું સ્વીકાર્યુ છે.

# સરકારના 41 જાહેર સાહસો હિસાબો આપતા નથી, ઓડિટના ઠેકાણા નહીં

**ગાંધીનગર**

ગુજરાત સરકારના જાહેર સાહસો તેમના હિસાબ ઓડીટ સમયસર આપી શકતા નહીં હોવાની વિગતો સામે આવી છે. આવા સાહસો અને કંપનીઓની સંખ્યા 41 થવા જાય છે. આ જાહેર સાહસો અને કંપનીમાં ગુજરાત એસટી નિગમ, ઔદ્યોગિક વિકાસ નિગમ, સરદાર સરોવર નર્મદા નિગમ, ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ અને ગુજરાત ટુરિઝમ કોર્પોરેશનનો પણ સમાવેશ થાય છે.

વિધાનસભામાં નાણાં વિભાગ તરફથી આપવામાં આવેલી માહિતી પ્રમાણે રાજ્યની પાંચ કંપનીઓ બિન કાર્યક્ષમ જાહેર થયેલી છે જેમાં સ્ટેટ મશીન ટુલ્સ, ટ્રાન્સ રીસીવર્સ, ઈન્ફ્રાસ્ટ્ક્ચર કંપની, નૈની કોલ કંપની અને ગુજરાત સ્ટેટ કન્સ્ટ્રક્શન કંપનીનો સમાવેશ થાય છે. આ કંપનીઓનો વહીવટ બંધ કરી દેવામાં આવ્યો છે, જો કે ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ પણ બંધ કરી દેવામાં આવ્યું છે.

ગુજરાત સરકારની જે કંપનીઓએ નાદારી જાહેર કરી છે તેમાં ગુજરાત સ્ટેટ ટેક્સટાઈલ કોર્પોરેશન, ટેક્સફેબ, ફિનટેક્સ, સીલટેક્સ, ગુજરાત લેધર ઈન્ડસ્ટ્રીઝ, જીસીઈએલ અને ગુજરાત સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનનો સમાવેશ થાય છે.

## નશામાં ધૂત યુવકનો વીજ ટાવર પર ચડી હાઈવૉલ્ટેજ ડ્રામા

**સુરત**

ઓલપાડના બરબોધન ગામમાં દારૂના નશામાં ધૂત યુવકે વીજળીના થાંભલા ઉપર ચડીને આખુ ગામ માથે લીધુ હતું. નશાખોર યુવકને નીચે ઉતારવા માટેના ગ્રામજનોના તમામ પ્રયત્નો નિષ્ફળ રહ્યા હતા. આખરે કરંટ લાગતા યુવક નીચે પટકાયો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. યુવકને નીચે ઉતારવા માટે ગ્રામજનોને તમામ પ્રયત્નો કરી જોયા, પરંતુ તે કોઈનું માનવા તૈયાર ના થયો. આખરે વીજ કરંટ લાગતા યુવક નીચે પટકાયો હતો. હાલ ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે સિવિલમાં ખસેડવામાં આવ્યો છે.

# ગુજરાતનું જાહેર દેવું 2019-20માં રૂા. 3.15 લાખ કરોડને આંબી ગયું

### મહેસૂલી આવક કરતાં ખર્ચ વધારે થતો હોવાથી રાજકોષીય ખાધમાં પણ વધારો : CAG

**અમદાવાદ**

ગુજરાત સરકારનું જાહેર દેવું વધીને રૂા. 3.15,455 કરોડનું થઈ ગયું હોવાનું કોમ્પ્ટ્રોલર એન્ડ ઑડિટર જનરલના 2019-20ના વર્ષના આજે ગુજરાત વિધાનસભામાં રજૂ કરવામાં આવેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.

માર્ચ 2020ની અંતની સ્થિતિએ આ આંકડા કેગના રિપોર્ટમાં આપવામાં આવ્યો છે. ગુજરાત સરકારના 2019-20ના બજેટમાં જાહેર દેવું રૂા. 2,67,095 કરોડનું દર્શાવવામાં આવ્યું હતું. જોકે સરકારે કરેલા આયોજન મુજબ 2023-24 સુધીમા 'ગુજરાતનું જાહેર દેવું રૂા. 4,10,989 કરોડની સપાટીએ પહોંચી જવાની ધારણા મૂકવામાં આવી રહી છે. સરકારે જાહેર દેવું વધાર્યું હોવાથી વ્યાજ પેટે વધુ રકમ ચૂકવવી પડી રહી છે. 2018-19માં વ્યાજ પેટે રૂા. 20,183.36 કરોડની કરવામાં આવેલી ચૂકવણી સામે 2019-20માં રૂા. 22,448.66 કરોડની વ્યાજ પેટે ચૂકવણી કરી હતી.

બજારમાંથી લેવામાં આવેલી લોન પર 2019-20માં રૂા. 2498 કરોડ વધુ ચૂકવવા પડયા હતા. આમ કુલ વ્યાજની ચૂકવણી રૂા. 22,449 કરોડની થઈ હતી.

# રાજકોટની હોટલમાં નિર્વસ્ત્ર યુવતી ડાન્સ કરતી હોવાનો વિડીયો વાયરલ

**રાજકોટ**

રાજકોટની એક હોટલના રૂમમાં નિર્વસ્ત્ર હાલતમાં યુવતી ડાન્સ કરતી હોય તેવો વિડીયો ગુરૂવારે સોશયલ મિડિયામાં વાયરલ થતા ચકચાર મચી ગઈ છે. સાંજે પોલીસે તપાસમાં ઝુકાવ્યું હતું. ડો. યાજ્ઞિક રોડ પર આવેલી ઈમ્પીરીયલ પેલેસ નામની હોટલનો આ વિડીયો હોવાની શકયતાના આધારે પોલીસની ટીમોએ ત્યાં જઈ સીસીટીવીના બેકઅપ અને હોટલના રજીસ્ટરના આધારે તપાસ આદરી છે.

હોટલના છઠ્ઠા માળે આવેલા રૂમમાં એક યુવતી નિર્વસ્ત્ર હાલતમાં ડાન્સ કરતી હોય તેવો વિડીયો વાયરલ થયો હતો. હોટલની સામેના ભાગે આવેલી ઉંચી ઈમારતમાંથી આ વિડીયો ઉતારાયો હતો. હોટલના રૂમની બારી ખુલ્લી રહી જતા રૂમમાં નિર્વસ્ત્ર હાલતમાં યુવતી ડાન્સ કરતી હોવાનો ભાંડો ફુટયો હતો. આજે સાંજે ઉચ્ચ અધિકારીઓ સુધી વાત અને વિડીયો પહોંચતા તપાસના આદેશો અપાયા હતા. વિડીયોમાં દેખાતી હોટલ ફોર સ્ટાર ઈમ્પીરીયલ પેલેસ હોવાનું જણાતા ત્યા એ-ડીવીઝન પોલીસ ઉપરાંત ક્રાઈમ બ્રાન્ચની ટીમો પહોંચી ગઈ હતી. પોલીસની ટીમોએ હોટલના સ્ટાફ પાસેથી છેલ્લા કેટલાક દિવસના સીસીટીવીના બેકઅપ અને રજીસ્ટર લઈ તેની ચકાસણી શરૂ કરી છે.

## ગુજરાતમાં 03 વર્ષમાં પોલીસને થાપ આપી 13,689 આરોપી છૂ

**ગાંધીનગર**

ગુજરાતમાં ગુના આચરીને ૧૩,૬૮૯ આરોપીઓ પોલીસને થાપ આપીને ત્રણ વર્ષથી ફરાર થયા છે જ્યારે પાસા હેઠળ ૨૨૬ આરોપીઓ સામે પોલીસ દ્વારા અટકાયતી કાર્યવાહી કરવામાં આવી છે પરંતુ પકડવાના બાકી છે. સૌથી વધુ આરોપી અમદાવાદ શહેરમાં ૨૧૪૩ અને સૌથી ઓછા આરોપીઓ જૂનાગઢ જિલ્લામાં ૧૩ વોન્ટેડ છે. વલસાડ જિલ્લામાં સૌથી વધુ ૧,૩૧૯ વોન્ટેડ આરોપીઓ અને ૧૯ પાસાના આરોપી પકડવાના બાકી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### `વર્લ્ડ ટૂરિઝમ ડે' : ગુજરાત આવતા ઘરઆંગણાના પ્રવાસીઓમાં 70%નો ઘટાડો

**અમદાવાદ** : ૨૦૨૦માં કોરોના વાયરસે કેર વર્તાવતાં મોટાભાગના તમામ ક્ષેત્રોને ફટકો પડયો હતો અને તેમાં પ્રવાસન્નો પણ સમાવેશ થાય છે. ગત વર્ષે ઘરઆંગણાના ૧.૯૪ કરોડ પ્રવાસીઓ ગુજરાત આવ્યા હતા. આમ, અગાઉના વર્ષોની સરખામણીએ ગુજરાતમાં આવતા ઘરઆંગણના પ્રવાસીઓમાં ૭૦% સુધીનો ઘટાડો નોંધાયો છે. દર વર્ષે ૨૭ સપ્ટેમ્બરની ઉજવણી 'વર્લ્ડ ટૂરિઝમ ડે' તરીકે કરવામાં આવે છે. અગાઉ પણ ઉત્તર પ્રદેશ-મહારાષ્ટ્ર-કેરળ-કર્ણાટક-મધ્ય પ્રદેશ-તામિલનાડુ-પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોની સરખામણીએ ગુજરાત આવતા ડોમેસ્ટિક પ્રવાસીઓનું પ્રમાણ સાધારણ રહ્યું છે. વર્ષ ૨૦૧૯માં ઉત્તર પ્રદેશ આવેલા પ્રવાસીઓ ૫૩.૫૮ કરોડ, તામિલનાડુ આવેલા પ્રવાસીઓ ૪૯.૪૮ લાખ, મહારાષ્ટ્ર આવેલા પ્રવાસીઓ ૧૪.૯૨ કરોડ, મધ્ય પ્રદેશ ૮.૮૭ કરોડ હતા જ્યારે ગુજરાતમાં ૫.૮૮ કરોડ પ્રવાસીઓ આવ્યા હતા.

### ગુજરાત રાજ્યમાં સહકારી ક્ષેત્રની મદદથી જ ગરીબ કલ્યાણ-અંત્યોદય શક્ય બનશે

**અમદાવાદ** : સહકાર ક્ષેત્ર વિના ગરીબોનું કલ્યાણ અને અત્યોદય શક્ય નથી, એમ આજે દિલ્હીમાં યોજાયેલા રાષ્ટ્રીય સહકારિતા સંમેલનમાં સમગ્ર દેશમાંથી એકત્રિત થયેલા સહકારી આગેવાનોને સંબોંધન કરતાં કેન્દ્રના સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું હતું. દેશના કરોડો ખેડૂતો, વંચિતો, દલિતો અને ઉપેક્ષિતો તથા મહિલાઓનો વિકાસ સહકારી ક્ષેત્રના વિકાસની મદદથી જ શક્ય બનશે. પંડિત દિનદયાળજીએ પણ અંત્યોદયની વાત કરી હોવાની યાદ આજે તેમના જન્મદિન નિમિત્તે અમિત શાહે કરાવી હતી. ભારત દેશના પ્રથમ સહકાર મંત્રીનો હોદ્દો મળતા ગૌરવની લાગણી અનુભવતા અમિત શાહે જણાવ્યું હતું કે આઝાદીના 75 વર્ષ બાદ સહકારી ક્ષેત્રના વિકાસની સૌથી વધુ જરૂર જણાતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સહકાર વિભાગની ખાસ રચના કરી છે. સહકારી ક્ષેત્રની અત્યાર સુધી થતી આવેલી ઉપેક્ષા આગામી દિવસોમાં થતી જોવા મળશે નહિ. તેમણે કહ્યું હતું કે સહકારી ક્ષેત્રના માધ્યમથી એક થઈને આપણે આગળ વધીશું તો પ્રચંડ તાકાત નિર્માણ કરી શકીશું અને તેના થકી જ સહકારથી સમૃદ્ધિ સુધીના સૂત્રને સાકાર પણ કરી શકીશું.

### કબ્રસ્તાનની જમીન કપાતમાં જતા પિટિશન, વકફ ટ્રિબ્યુનલના આદેશ સામે અપીલ

અમદાવાદઃ ભરૃચ જિલ્લાના ઠામ ગામમાં કબ્રસ્તાનની જમીન બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં કપાત જવાનો મુદ્દો હાઈકોર્ટ સમક્ષ પહોંચ્યો છે. આ મુદ્દે વકફ ટ્રિબ્યુનલે કરેલા આદેશ સામે નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન (એન.એચ.આર. સી.)એ હાઈકોર્ટમાં રિટ કરી છે. ભૂતકાળમાં વકફ ટ્રિબ્યુનલ દ્વારા આદેશ કરાયો હતો કે પ્રોજેક્ટ શરુ ન થયો હોવાથી કબરને બચાવવા હાઈસ્પીડ રેલ કોર્પોરેશન જગ્યા બદલે. જેની સામેની અપીલમાં રજૂઆત કરાઈ છે કે ટ્રિબ્યુનલ એટલે કે સિવિલ કોર્ટને જમીન સંપાદનના કેસોમાં આવાં આદેશો આપવાની સત્તા નથી.

### કાલુપુર બ્લાસ્ટનો આરોપી 15 વર્ષે ઝડપાયો

અમદાવાદઃ અમદાવાદના કાલુપુર બ્લાસ્ટ કેસમાં ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડને મોટી સફળતા હાથ લાગી છે. ગુજરાત ATS દ્વારા કાલુપુર બ્લાસ્ટ કેસના ફરાર આરોપી બિલાલ અસ્લમ કાશ્મીરીની કાશ્મીરના બારામુલ્લાથી ધરપકડ કરી છે. વર્ષ 2006માં કાલુપુર રેલવે સ્ટેશન પાસે બૉમ્બ બ્લાસ્ટ થયો હતો. આ કેસમાં બિલાલ અસ્લમ કાશ્મીરી છેલ્લા 15 વર્ષથી વૉન્ટેડ હતો. જેની આજે કાશ્મીરના બારામુલ્લા ખાતેથી ધરપકડ કરવામાં આવી છે. બિલાલ અસ્લમે પૂછપરછમાં મોટો ઘટસ્ફોટ કરતાં જણાવ્યું કે, બ્લાસ્ટ પહેલા આતંકવાદીઓને કેરળના મદરેસામાં ટ્રેનિંગ આપવામાં આવી હતી. એક મહિના અગાઉ જ ગુજરાત એટીએસ દ્વારા અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પર 19 ફેબ્રુઆરી, 2006માં થયેલા બ્લાસ્ટ કેસના એક આરોપી અબ્દુલ રઝાક ગાઝીની પશ્ચિમ બંગાળ પોલીસની મદદથી બાંગ્લાદેશ બોર્ડર નજીક બસીરહાટથી ધરપકડ કરવામાં આવી હતી.

# ઇન્દુચાચાએ ગર્જના કરી : ગાંધીજીની વાતો કરનાર નેતાઓ ગોળીબારની વાતો ભૂલી જાય છે

મહાગુજરાતના આંદોલનને દબાવી દેવા અને વિદ્યાર્થી સંગઠનને તોડી નાખવા અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા કોઈ પણ જાહેરાત વગર કૉંગ્રેસ ભવન આગળ એકઠા થયેલા વિદ્યાર્થીઓને સરઘસને તોડી પાડવા ગોળીબારની ચેતવણી આપ્યા વગર ૧૪૪ની કલમ જાહેર કર્યા વગર લાઠી અને ટિયરગૅસનો ઉપયોગ કર્યા વગર સીધો જાહેરમાં ગોળીબાર કર્યો.

તેમાં પૂનમ, કૌશિક અને સુરેશ નામના ત્રણ દૂધમલ યુવાનો ગોળીનો ભોગ બન્યા અને શહીદ થયા. તેના પગલે નડિયાદ, કલોલના અનેક વિદ્યાર્થીઓ ઘવાયા. શહીદ થયા. પોલીસના રાક્ષસી ગોળીબાર પ્રશ્ને વિદ્યાર્થી આંદોલનને શાંત પાડવા અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના મેયર ચીનુભાઈ શેઠે શહીદ સ્મારક માટે સ્મારક સમિતિ રચાશે. તે ફંડ ઉઘરાવશે અને કૉર્પોરેશન સ્મારક રચવા સહકાર આપશે એવી જાહેરાત કરી. આ ઘટનાને ઘણો લાંબો સમય વીતી ગયો, તેમ છતાં મુંબઈ સરકાર અને અમદાવાદ કૉર્પોરેશન તરફથી શહીદદીને કોઈ પણ બાબતનું ઉચ્ચારણ થયું નહીં.

આથી મહાગુજરાત વિદ્યાર્થી પગલાં સમિતિ, શહીદ સ્મારક સમિતિની રચના જનતા પરિષદે કરી. આ સમિતિઓના અગ્રણીઓમાં કરસનદાસ પરમાર, બ્રહ્મકુમાર ભટ્ટ, પ્રબોધ રાવળ, હરિહર ખંભોળજા વગેરે હતા. તા. ૫-૮-૧૯૫૭ના રોજ જાહેર કર્યું કે ૮ ઑગસ્ટે શહીદ દિન તરીકે ઊજવવામાં આવશે.

**શહીદ સ્મારકની લડતનો આરંભ**

શહેર જનતા પરિષદના મંત્રી વકીલ કિલાભાઈ પટેલે જાહેરાત કરી કે, આ તા. ૮-૮-૫૮ના રોજ વાર્ષિક શહીદ દિને કૉંગ્રેસ હાઉસ સામેના ટ્રાફિક ચક્કર ઉપર શહીદ સ્મારકની રચના કરવામાં આવશે. તા. ૧૭-૭-૫૮ના રોજ કારોબારીની મિટિંગ પછી તેમણે આ જાહેરાત કરી અને જણાવ્યું કે, ૮મી ઑગસ્ટે પૂરી શિસ્તથી શહીદોની ખાંભી ઊભી કરીશું. અમદાવાદ મ્યુ. કૉર્પોરેશન સ્મારક રચશે તેવી આશા હતી, પરંતુ તે ધૂળમાં મળી છે. આ નિર્ણય અંગે શહેર પ્રમુખે મુંબઈ રાજ્યના મુખ્યમંત્રી યશવંતરાવ ચવાણને પણ જાણ કરી હતી. તા. ૮-૮-૫૮ના રોજ શહીદ સ્મારક થશે તેવી જાહેરાતથી અમદાવાદ શહેર અને ગુજરાતના તેમજ કૉંગ્રેસી કાર્યકરોમાં સન્નાટો ફેલાઈ ગયો. પોલીસ સંપૂર્ણપણે સચેત થઈ ગઈ હતી. મહાગુજરાતની ચળવળના નેતાઓને એવી આડકતરી રીતે જાણ પણ કરવામાં આવી કે, ખાંભી રચવાના પ્રયાસોની સામે સરકાર સખતાઈથી કામ લેશે. આમ એક તરફ ખાંભી રચવાનો નિર્ણય અને તેની સામે કડક હાથે કામ લેવાનો સરકારનો નિર્ણય, બંને સમાચારથી અમદાવાદ શહેરનું વાતાવરણ ગરમ થવા લાગ્યું હતું. ૮મી ઑગસ્ટ નજીક આવતી હતી, તેમ તેમ રાત્રીની જાહેરસભાઓની શરૂઆત થઈ ચૂકી હતી. રોજની ૪-૫ જાહેરસભાઓ ભરવામાં આવતી હતી અને તે મોડી રાત સુધી ચાલતી હતી. આ સભાઓમાં કડક અને તીખાં તમતમતાં ભાષણોની ફરી એક વાર શરૂઆત થઈ ગઈ.

**ગોળીબાર ભૂલીશું નહીં**

એક જાહેરસભામાં અહેમદમિયાં શેખે અને કલોલના મધુભાઈ પટેલે પ્રવચનો કર્યાં પછી ઈંદુભાઈએ જણાવ્યું કે, 'ગાંધીજીની વાતો કરનારા ગોળીબારની વાતો ભૂલી જાય છે, પરંતુ ગુજરાતની પ્રજા ગોળીબારને ભૂલે તેમ નથી. શહીદ સ્મારક રચાઈને જ રહેશે. તા. ૮-૮-૫૮ના રોજ આપણે ખાંભી રચીશું. આ વખતે ગોળીબાર કે ટિયરગૅસ છૂટે તો પણ ખાંભી રચાશે અને તેને માટે જનતા પરિષદ બલિદાન આપશે.' તા. ૫-૬ અને ૭મી ઑગસ્ટના રોજ અમદાવાદમાં મધરાત પછી પણ સભાઓ ચાલુ રહેતી હતી અને શહેરભરમાં 'શહીદ સ્મારક હોકે રહેગા' એવા નારા ચાલતા હતા. આવા વાતાવરણ વચ્ચે મોટી સંખ્યામાં એસ.આર.પી. અને ઘોડેસવાર પોલીસ ફરતી થઈ ગઈ હતી. પોલીસની વાયરલેસ વાનો ફરતી હતી.

જોકે, પોલીસના વધુ પડતા દેખાવને કારણે વાતાવરણ વધુ ગરમ થતું હતું અને તેથી બહારગામથી પણ હજારો લોકો અમદાવાદ આવી ચૂક્યા હતા. મેયર ચીનુભાઈએ તો ક્યારનું જણાવ્યું હતું કે, શહીદી સ્થાને ખાંભી રચવાની છૂટ મ્યુ. કૉર્પોરેશન આપી શકે નહીં. વળી તેમણે તો એમ પણ જણાવ્યું હતું કે, આ જગ્યાને 'શહીદ ચોક' અને લાલ દરવાજાને 'શહીદ બાગ' નામો આપી શકાશે નહીં, કેમ કે આ ચોકને 'માવળંકર ચોક' અને લાલ દરવાજાને 'સરદાર બાગ' નામો અપાયેલાં છે. નાગરિકોને શાંતિ જાળવવા વિનંતી છે અને જનતા પરિષદ પણ શાંતિપૂર્વક કાર્યક્રમ પાર પાડશે એવી અમને આશા છે. બીજી તરફ સરકારે એવી જાહેરાત કરી કે ૮મીએ શાળા-કૉલેજો, સરકારી કચેરીઓ બધું જ રાબેતા મુજબ ચાલુ રહેશે. આ સ્થિતિમાં અખબારોએ છાપ્યું કે ખાસ ટ્રેન ભરીને પોલીસ દળ અને એસ.આર.પી. આવી ગઈ છે અને જરૂરી સખત પગલાં ભરાશે. એવી પણ




**તા. 5-6 અને 7મી ઑગસ્ટના રોજ અમદાવાદમાં મધરાત પછી પણ સભાઓ ચાલુ રહેતી હતી અને શહેરભરમાં 'શહીદ સ્મારક હોકે રહેગા' એવા નારા ચાલતા હતા. આવા વાતાવરણ વચ્ચે મોટી સંખ્યામાં એસ.આર.પી. અને ઘોડેસવાર પોલીસ ફરતી થઇ ગઇ હતી. પોલીસની વાયરલેસ વાનો ફરતી હતી**

આવું ગંભીર હવામાન પેદા થઈ જવાથી શહેરના વેપારી મહાજનોએ પોતાની અઠવાડિક ગુમાસ્તા ધારાની રજા ફેરવી ૮મી ઑગસ્ટને શુક્રવારના રોજ રાખી હતી. કેમ કે તેમને ખાતરી હતી કે ૮મી ઑગસ્ટે નવાજૂની થશે.

**ખાંભી સત્યાગ્રહ**

૭મી ઑગસ્ટે અમદાવાદનાં અખબારોએ પ્રજાને અપીલ કરી હતી કે, ૮મીના રોજ ખાંભી સત્યાગ્રહમાં અમદાવાદના વાત આવી કે જનતા પરિષદે સરઘસની પરવાનગી માંગેલી, પરંતુ પોલીસે પરવાનગી આપી નથી. રાજ્યના પોલીસ વડા શેઠનાએ ૮મીની તૈયારી અંગે શહેરના પોલીસ અધિકારીઓને બોલાવી ગોઠવણ કરી લીધી હતી. આ અંગેની છેલ્લી પ્રચાર સભા ૭મીએ માણેકચોક તિલક મેદાનમાં મળી. ચારે તરફના માર્ગો ખીચોખીચ મેદનીથી ભરાઈ ગયા.

આ સભામાં આવતી કાલે શહીદ સ્મારક રચાશે જ તેવો નિર્ધાર જાહેર થયો. એવું એલાન અપાયું કે, આવતીકાલે ૮મીએ શહીદ દિને સંપૂર્ણ હડતાળ પાડવી. કાર્યક્રમ જાહેર થયો કે બપોરે ૧૨.૩૦ વાગે શહીદોની ખાંભી સાથે લઈને એક સરઘસ મણિલાલ મેન્શનથી નીકળીને રિલીફ રોડ, ખાડિયા ચાર રસ્તા, પીરમહંમદસા રોડ, પાનકોર નાકા, મિશન રોડ, રાણીબાગ થઈ કૉંગ્રેસ હાઉસ સામે પ્રથમ વચ્ચેના ટ્રાફિક ચક્કર ઉપર અને તે પછી બીજી ફૂટપાથની કિનારી પાસે એમ બે ખાંભીની રચના કરાશે અને ત્યારબાદ લાલ દરવાજાના મેદાનમાં જાહેરસભા થશે.

**અભૂતપૂર્વ જુવાળ**

તા. ૮-૮-૫૯નો દિવસ ઊગતાં જ શહેરમાં જડબેસલાક હડતાળ પડી ચૂકી હતી. તમામ શાળા-કૉલેજો, વેપારી મહાજનો, નાની-મોટી દુકાનો અને ગલ્લા બધું જ બંધ હતું. સવારથી જ વાતાવરણમાં ભારે ઉત્તેજના અને તર્કવિતર્ક ચાલતા હતા. 'જનશક્તિ અને દંડશક્તિ' વચ્ચેની એક ભારે ટક્કર આજે જામી જશે તેવું નિશ્ચિત વલણ વાતાવરણે લીધું હતું.

ઠેરઠેર હથિયારધારી પોલીસ બંદોબસ્ત અને એસ.આર.પી.નાં થાણાં તેમજ નાકાબંધી થઈ ચૂકી હતી. સવારના અખબારોમાં સમાચાર છપાઈ ગયા કે પ્રથમ ટુકડીમાં ઈંદુલાલ યાજ્ઞિક, બ્રહ્મકુમાર ભટ્ટ, કરશનદાસ ઉકાભાઈ પરમાર, નલિનીબહેન દિનકર મહેતા, બુલાખી મગનલાલ નવલખા, ગોરધનભાઈ લલ્લુભાઈ પટેલ અને અબ્દુલ રજાક શેખ રહેશે. બ્રહ્મકુમાર ભટ્ટ નોંધે છે કે, ખાંભી સત્યાગ્રહમાં ભાગ લેવા ઘરેથી નીકળીને હું મણિલાલ મેન્શન પહોંચ્યો ત્યારે ચાર પૈડાંની લારીમાં સ્મારક માટેની તૈયાર ખાંભીઓ ગોઠવેલી જ હતી. થોડી જ વારમાં સરઘસ ગોઠવાઈ ગયું. આગળના ભાગે સ્વયંસેવકો ખાંભીવાળી લારી લઈને ગોઠવાયા હતા. તે પછી અમે ટુકડીના સભ્ય ગોઠવાયા હતા અને ટુકડીના સભ્યોને ફૂલહાર અને તિલક થયાં હતાં. સરઘસના મોખરે ટેક્સીમાં હરિહર ખંભોળજા સૂત્રો બોલાવતા હતા. જંગી માનવ મહેરામણ સાથેનું સરઘસ મણિલાલ મેન્શનથી નીકળી ખાડિયા ચાર રસ્તા થઈ પાનકોર નાકા, પ્રેમાભાઈ હૉલ, વિક્ટોરિયા ગાર્ડન આવી પહોંચ્યું. ત્યારે રસ્તાની બંને બાજુ હજારો લોકો ઊભા રહી ગયા હતા અને કદી ન જોયો હોય તેવો માનવ મહેરામણ ઘૂઘવતો હતો.

સરઘસના મોખરે એક રાષ્ટ્રધ્વજ, બલિદાનના શોકનું પ્રતીક કાળો વાવટો પણ હતો. મેદની એટલી ગીચોગીચ હતી કે સત્યાગ્રહની ટુકડીને પણ માર્ગ કાઢવો મુશ્કેલ હતો. સ્વયંસેવકોની મદદથી અમે ખાંભીની લારી સાથે વિક્ટોરિયા ગાર્ડન પાસેથી કૉંગ્રેસ હાઉસના રસ્તે વળ્યા, ત્યારે જમણા હાથે આવેલ ગુજરાત ક્લબના ઝાંપા આગળ એડિશનલ ડી.એસ.પી. રેનિસન અને કેટલાક પોલીસ વડા રસ્તા વચ્ચે ઊભા હતા. બાજુમાં આવેલ ટ્રેઝરીના મકાનમાં પોલીસનો વાયરલેસ કૅમ્પ બનાવેલો હતો અને કલેક્ટર હીરેડિયા વગેરે ઉચ્ચ અધિકારીઓ ત્યાં બેઠેલા હતા. ક્લબના ખાંચામાં અને મારી બાજુ સંખ્યાબંધ પોલીસ વાહનો ખડકાયેલાં હતાં.

આવા ઉત્તેજનાભર્યા વાતાવરણ વચ્ચે આગળ ટુકડી અને પાછળ અફાટ માનવ મહેરામણ આગળ વધીને ટ્રાફિક સર્કલ પાસે પહોંચ્યા. તે વખતે પણ આજુબાજુના દરેક સ્થળે પોલીસ કુમક બેસી ગઈ હતી. બપોરના બરાબર ૨ અને ૧૭ મિનિટે ટ્રાફિક સર્કલ ઉપર પ્રથમ ટુકડીના નેતા ઈંદુભાઈના હસ્તે અમે ખાંભી મૂકી દીધી હતી. આ વખતે તાળીઓના પ્રચંડ ગડગડાટથી વાતાવરણ ગુંજી ઊઠયું. તે પછી ૨.૩૦ મિનિટે પાછળની ફૂટપાથની કિનારીએ બીજી ખાંભી રચવામાં આવી. પોલીસની દખલગીરી હતી જ નહીં. ખાંભી ઉપર ઢગલાબંધ ફૂલહાર થયા. બીજી બાજુ આટલી વિશાળ સંખ્યામાં પોલીસ કાફલો ખડકાયેલો હોવા છતાં અફાટ માનવ મહેરામણમાંથી એક પણ પથ્થર પોલીસ ઉપર પડયો નહીં, તે પણ અચૂક નોંધવા જેવી વાત છે.

**દેવેન્દ્ર પટેલ**
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું

### તીવ્ર નજરના કરોળિયા : જમ્પિંગ સ્પાઈડર



કરોળિયા સામાન્ય રીતે જાળામાં બેસી શિકાર ફસાવાની રાહ જોતા હોય છે. ઋપરંતુ વિષુવવૃત્તના જંગલોમાં જોવા મળતાં જમ્પિંગ સ્પાઈડર કૂદકા મારીને શિકારની શોધમાં નીકળે છે.કરોળિયાની જાતમાં જમ્પિંગ સ્પાઈડરનો પરિવાર મોટો છે. તેની ૫૦૦ જાત છે. જંગલો, પર્વતો અને ઘાસીયા મેદાનોમાં પણ તેની નાની મોટી જાતો જોવા મળે છે. જમ્પિંગ સ્પાઈડરના પગ ઘણાં નબળા હોય છે. તે પગ વડે નહીં પણ શરીરમાં લોહીના દબાણમાં વધઘટ કરીને કૂદકા મારે છે. જો કે સાવચેતી માટે મોંમાં લાળ તૈયાર રાખે છે. જમ્પિંગ સ્પાઈડરની આંખ મોટી અને વેધક હોય છે. તે ઘણાં સ્પષ્ટ દ્રશ્યો જોઈ શકે છે અને રંગો પણ પારખી શકે છે. તેને ચાર આંખો હોય છે. તેની ચારે આંખો ટેલિસ્કોપ જેવા ભૂંગળાની બનેલી હોય છે અને તેમાં ચાર સ્તરના રેટિના હોય છે. તે અદ્ભૂત શક્તિ ધરાવે છે. જમ્પિંગ સ્પાઈડરને ચાર જ પગ હોય છે તે પણ નબળા હોય છે.

# વડાપ્રધાન મોદીએ રાજસ્થાનમાં નવી 4 મેડિકલ કોલેજોનો શિલાન્યાસ કર્યો

**નવી દિલ્હી**

પીએમ મોદીએ આજે રાજસ્થાનમાં નવી ચાર મેડિકલ કોલેજોનો શિલાન્યાસ કર્યો હતો અને આ દરમિયાન તેમણે રાજસ્થાનના કોંગ્રેસના સીએમ અશોક ગહેલોટનો આભાર પણ માન્યો હતો. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યુ હતુ કે, ભારતે હવે કોવિડ જેવી આપત્તિ સમય આત્મનિર્ભર બનવાનો સંકલ્પ લીધો છે. રાજસ્થાનમાં ચાર મેડિકલ કોલેજોના નિર્માણ માટે શિલાન્યાસ આ દિશામાં લેવાયેલુ વધુ એક પગલુ છે. હું રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહેલોટનો આભાર માનુ છું. તેમણે



મારા પર ભરોસો મુકયો છે.

લોકશાહીના આ જ તાકાત છે. તેમની વિચારધારા અને પાર્ટી મારા કરતા અલગ છે પણ અશોક ગહેલોટે મારા પર જે ભરોસો મુકયો છે તેના કારણે તેમણે જે કામો થયા છે તેનુ લાંબુ લિસ્ટ પોતાના ભાષણમાં ગણાવ્યું છે. પીએમ મોદીએ સાથે સાથે સેન્ટ્રલ ઈન્સ્ટિટયુટ ઓફ પેટ્રોકેમિકલ્સ ટેકનોલોજીનુ ઉદઘાટન પણ કર્યુ હતુ. આ ઈન્સ્ટિટયુટની સ્થાપના ભારત સરકાર અને રાજસ્થાન સરકારે ભેગા થઈ ને કરી છે. જે યુવાઓને પેટ્રોકેમિકલ ક્ષેત્રમાં કામ કરવા માટે તાલીમ આપશે. પીએમ મોદીએ કહ્યુ હતુ કે, કોવિડ મહામારી બાદ હેલ્થ સેક્ટરમાં ભારતે આત્મનિર્ભર થવાનો સંકલ્પ લીધો છે અને તેના ભાગરૂપે પછાત જિલ્લાઓમાં ત્રણ તબક્કામાં નવી ૧૫૭ મેડિકલ કોલેજોને મંજૂરી આપી છે.

# અમરિંદરસિંહ ભાજપમાં નહીં જોડાયા, કોંગ્રેસ છોડવા મક્કમ

**ચંદીગઢ**

કોંગ્રેસ પાર્ટીને ફરી એકવાર મોટો ઝટકો લાગવાનો છે. પૂર્વ મુખ્યમંત્રી અમરિંદર સિંહે કોંગ્રેસ છોડવાની જાહેરાત કરી છે. એક ટીવી ન્યુઝ ચેનલ સાથેની વાતચીતમાં અમરિંદર સિંહે કોંગ્રેસ છોડવાની અટકળોની પુષ્ટિ કરી છે. આ સાથે જ અટકળોનો અંત લાવતા તેમણે કહ્યું કે તેઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાશે નહીં. આ પરથી લાગી રહ્યું છે કે અમરિંદર સિંહ આવતા વર્ષે થનારી પંજાબની ચૂંટણી પહેલા નવી પાર્ટી લોન્ચ કરી શકે છે.

અમરિંદર સિંહે ૧૮મી સપ્ટેમ્બરના રોજ પંજાબ કોંગ્રેસના મુખ્યમંત્રી પદ પરથી રાજીનામુ આપ્યુ હતું. અમરિંદરે એક ન્યુઝ ચેનલ સાથેની વાતચીતમાં કહ્યું કે, હું અત્યાર સુધી કોંગ્રેસમાં છુ પણ આગળ નહીં રહુ. ઉલ્લેખનીય છે કે ગઈકાલે અમરિંદર સિંહે નવી દિલ્હીમાં ગૃહ મંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત પછી અમરિંદર સિંહ ભારતીય જનતા પાર્ટીમાં જોડાશે તેવી અટકળો ચાલી રહી હતી.અમરિંદર સિંહે કહ્યું કે, હું આ પ્રકારનો વ્યવહાર સહન ના કરી શકું. ૫૦ વર્ષ પછી મારી વિશ્વસનીયતા પર શંકા કરવામાં આવી રહી છે. આ અસહ્ય છે. અમરિંદર સિંહે પોતાની નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, જે પ્રકારે મારી સાથે કોંગ્રેસમાં વ્યવહાર થયો તે અપમાનજનક છે.

# કોંગ્રેસને મુશ્કેલીઃ છત્તીસગઢના 10 ધારાસભ્યો દિલ્હી પહોંચ્યા

**નવી દિલ્હી**

પંજાબમાં ચાલી રહેલા રાજકીય સંકટ વચ્ચે હવે છત્તીસગઢમાં કોંગ્રેસની મુશ્કેલી વધતી જોવા મળી રહી છે. છત્તીસગઢનાના 10 ધારાસભ્યો બૃહસ્પત સિંહની આગેવાનીમાં કોંગ્રેસના રાજ્ય પ્રભારી પીએલ પુનિયાને મળવા માટે દિલ્હી પહોંચી ગયા છે. છેલ્લા કેટલાક દિવસોથી મુખ્યમંત્રી ભુપેશ બઘેલ અને રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી ટીએસ સિંહ દેવ વચ્ચે અઢી વર્ષની સત્તા સમજૂતિને લઈને વિવાદ ચાલી રહ્યો છે. અગાઉ 28 ઓગસ્ટે પણ કોંગ્રેસ હાઈકમાન્ડ સાથે સ્થાનિક નેતાઓની એક લાંબી બેઠક યોજાઈ હતી.

દિલ્હી પહોંચેલા બૃહસ્પત સિંહે કહ્યું કે, અમે અહી હાઈકમાન્ડને મળવા માટે આવ્યા છીએ. અમે આજે અથવા કાલે પીએલ પુનિયાને મળીશું. હકીકતમાં રાહુલ ગાંધી આગામી થોડા દિવસોમાં બે દિવસના છત્તીસગઢના પ્રવાસે આવી રહ્યાં છે. અમે હાઈકમાન્ડને પ્રવાસની મુદત વધારવાનો આગ્રહ કરીશું, જેથી રાહુલ ગાંધી અમારા રાજ્યને વધારે સમય ફાળવી શકે અને વધુ લોકોને મળી શકે.

# લદ્દાખ પછી હવે ડ્રેગનની ઉત્તરાખંડમાં ઘૂસણખોરી, સૈન્યએ પૂલ તોડી નાખ્યો

## ચીનના 55 ઘોડા, 100 સૈનિકો સરહદથી ભારતીય ક્ષેત્રમાં પાંચ કિ.મી. અંદર સુધી ઘૂસ્યા

**નવી દિલ્હી**

પૂર્વીય લદ્દાખમાં તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે ચીને હવે ઉત્તરાખંડમાં ઉશ્કેરણીપૂર્વ કૃત્યો કર્યા છે. ચીની સૈન્યના ૧૦૦થી વધુ સૈનિકો સરહદ પાર કરીને ભારતમાં ઘૂસી આવ્યા હતા અને અનેક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની તોડફોડ કરી હતી. અધિકારીઓએ કહ્યું કે પોતાની સરહદમાં પાછા ફરતાં પહેલા ચીની સૈનિકોએ એક પૂલ પણ તોડી પાડયો હતો. પૂર્વીય લદ્દાખમાં સૈનિકોને પાછા ખેંચવા મુદ્દે સકારાત્મક પ્રગતિ વચ્ચે ઉત્તરાખંડમાં ચીનની ઘૂસણખોરીએ ભારત માટે નવા જોખમ અંગે ચેતવણીના સંકેત આપ્યા છે.

ઉત્તરાખંડના બારહોતી વિસ્તારમાં પહેલા પણ ચીન ઘૂસણખોરી કરતું રહ્યું છે. ૧૯૫૪માં આ જ પહેલો વિસ્તાર હતો જ્યાં ચીનના સૈનિકોએ ઘૂસણખોરી કરી હતી અને પછી બીજા વિસ્તારો પર કબજો કરવાનો પ્રયાસ કર્યો હતો.

૧૯૬૨ના યુદ્ધમાં પણ ચીન અહીં ઘૂસી આવ્યું હતું. તાજેતરમાં જ ૩૦મી ઑગસ્ટે ચીનના સૈનિકોની ઘૂસણખોરીના સમયે જોકે, ભારતીય જવાનો સાથે તેમનો સામનો થયો નહોતો. કારણ કે ભારતીય જવાનોના આગમન પહેલાં જ તેઓ પાછા ફરી ગયા હતા. સંરક્ષણ વિભાગના સૂત્રો મુજબ તુન જુન લા પાસ પાર કરીને ૫૫ ઘોડા અને ૧૦૦થી વધુ સૈનિકો સરહદથી ભારતીય ક્ષેત્રમાં પાંચ કિ.મી. અંદર સુધી ઘૂસ્યા હતા.

# ૯૬૦ કરોડના ખર્ચે મધ્યપ્રદેશમાં દેશનો પહેલા સાઉન્ડપ્રુફ હાઈવે બનીને તૈયાર

**ભોપાલ**

મધ્યપ્રદેશના સવની જિલ્લામાં બનેલા આ હાઈવેની લંબાઈ 29 કિલોમીટરની છે અને તેને બનાવવા માટે 960 કરોડ રુપિયાનો ખર્ચ થયો છે. અહીંથી પસાર થનારા લોકો હાઈવે પર રોકાઈને તસવીરો ખેંચાવે છે.હાઈવે પર પસાર થતી ગાડીઓનો અવાજ હાઈવેની નીચે સંભળાતો નથી.

નાગપુર તરફ જતા આ હાઈવેની બંને તરફ સ્ટીલની દિવાલો ઉભી કરવામાં આવી છે.જેથી અવાજ બહાર જાય નહીં.તાજેતરમાં જ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ તેનુ લોકાર્પણ કર્યુ હતુ.હાઈવે એન્જિનિયરિંગ અને ટેકનોલોજીનુ ઉત્તમ ઉદાહરણ છે.હાઈવેની નીચે જંગલમાં પ્રાણીઓને પસાર કરવા માટે એનિમલ અન્ડરપાસ બનાવાયા છે.

આ 29 કિલોમીટરનો હાઈવે પેંચ ટાઈગર રિઝર્વના બફર ઝોનમાંથી પસાર થાય છે અને જાનવરોની સુરક્ષા અને



સુવિધાને ધ્યાનમાં રાખીને સાઉન્ડ પ્રૂફ હાઈવે બનાવાયો છે.કુલ મળીને હાઈવે નીચે 14 અન્ડર પાસ બનાવાયા છે.જેથી પ્રાણીઓ આસાનીથી પસાર થઈ શકે.વાહનોની લાઈટો પ્રાણીઓને ખલેલના પહોંચાડે તે માટે હેડલાઈટ રિડયુસર પણ લગાવવામાં આવ્યા છે.

# બંગાળમાં BJP નેતાની કાર ઉપર હુમલો, TMC ઉપર લાગ્યો આરોપ

**કોલકાતા**

પશ્ચિમ બંગાળની ભવાનીપુર વિધાનસભા બેઠક પર આજે મતદાન ચાલી રહ્યુ છે. જો આ વોટિંગ દરમિયાન સવારથી જ બીજેપી અને ટીએમસી કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ ચાલી રહ્યું છે. ઘણી જગ્યાએ બન્ને પાર્ટીના કાર્યકર્તાઓ વચ્ચે મારપીટ પણ થઈ હતી, પરંતુ સાંજે બીજેપી નેતા કલ્યાણ ચૌબેની ગાડી પર હુમલો કરવામાં આવ્યો હતો. તેમની ગાડીમાં તોડફોડ કરવામાં આવી છે. આ દરમિયાન ભવાનીપુરમાંથી જ એક નકલી વોટર આઈડી કાર્ડને લઈને પણ બબાલ મચ્યો છે. જેને લઈને બીજેપી ઉમેદવાર પ્રિયંકા ટિબરેવાલે ભવાનીપુર પોલીસ સ્ટેશનમાં જઈને હોબાળો કર્યો હતો. બીજી તરફ ચૂંટણી આયોગે આ મામલે પોલીસ પાસે રિપોર્ટ માગ્યો છે.

કોલકાતાની બહુ ચર્ચિત ભવાનીપુર બેઠક પરથી સીએમ મમતા બેનર્જી પોતે ચૂંટણી લડી રહ્યા છે તો બીજેપીએ તેમની સામે પ્રિયંકા ટિબરેવાલને ટિકિટ આપી છે. જ્યારથી મતદાન શરૂ થયું ત્યારથી બીજેપી અને ટીએમસી વચ્ચે તકરાર ચાલી રહી છે. બીજેપી નેતા કલ્યાણ ચૌબેએ આરોપ લગાવ્યો છે કે, જ્યારે તેઓ જઈ રહ્યા હતા ત્યારે ટીએમસીના કેટલાક કાર્યકર્તાઓએ તેમની ગાડી પર હુમલો કર્યો હતો.

# હું સિદ્ધાંતોને વળગી રહીશ, અને લડત આપતો રહીશ : નવજોતસિંહ સિદ્ધુ

**ચંડીગઢ**

પંજાબ પ્રદેશ કોંગ્રેસ સમીતીના પ્રમુખ-પદેથી ત્યાગપત્ર આપ્યા પછી, બીજા દિવસે-આજે બુધવારે નવજોત સિદ્ધુએ તેમનું વલણ કઠોર બનાવ્યું હતું, અને કહ્યું હતું કે હું સિદ્ધાંતોને જ વળગી રહીશ. અને, ભલે બધંર ગુમાવવું પડે છતાં લડત આપતો જ રહીશ. તેમણે કહ્યું હતું કે તેમની ૧૭ વર્ષની રાજકીય યાત્રા દરમિયાન તેઓ એક જ ધ્યેયથી કાર્ય કરી રહ્યા છે, અને તે છે પંજાબના લોકોનો ઉત્કર્ષ અને તેમનાં જીવનમાં બદલાવ. સ 'મારૂં યુદ્ધ મુદ્દા આધારિત જ છે, અને પંજાબ મારી પ્રિય-કાર્યસૂચી છે'. પંજાબ સરકાર ઉપર પ્રહારો કરતાં કહ્યું હતું કે પંજાબની જનતાની જ અવગણના થઇ રહી છે.

# ઓગસ્ટમાં ભારતના 8 કોર સેક્ટરમાં ૧૧.૬%વૃદ્ધિ, ઇન્ડેક્સ વધીને ૧૩૩.૫

**નવી દિલ્હી**

ઓગસ્ટમાં કોલસો, ક્રૂડ ઓઈલ અને સ્ટીલ સહિત આઠ કોર સેક્ટરના ઉત્પાદનમાં ૧૧.૬ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે. ઓગસ્ટમાં ઈન્ડિયા ઈન્ડેક્સ ઓફ એઈટ કોર ઈન્ડસ્ટ્રીઝ ૧૧.૬ ટકા વધીને ૧૩૩.૫ નોંધાયો હતો. કોલસાના ઉત્પાદનમાં વાર્ષિક ૨૦.૬ ટકાનો ઉછાળો નોંધાયો હતો જ્યારે પેટ્રોલિયમ રિફાઈનરી પ્રોડક્શન ૯.૧ ટકા વધ્યું હતું તથા ઈલેક્ટ્રિસિટીના ઉત્પાદનમાં ૧૫.૩ ટકાનો વધારો થયો હતો. આ ઉપરાંત સ્ટીલનું ઉત્પાદન ૫.૧ ટકા વધ્યું હતું અને સિમેન્ટનું ઉત્પાદન ૩૬.૩ ટકા તથા નેચરલ ગેસનું ઉત્પાદન ૨૦.૬ ટકા ઊછળ્યું હતું. તેની સામે ક્રૂડ ઓઈલના ઉત્પાદનમાં ૨.૩ ટકા અને ખાતરમા ૩.૧ ટકાનો ઘટાડો ઔનોંધાયો હતો.

દરમિયાન ઓગસ્ટ મહિનામાં ઔદ્યોગિક કર્મચારીઓ માટેનો રિટેલ ફુગાવો ઘટીને ૪.૭૯% નોંધાયો છે. લેબર મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, એક વર્ષ અગાઉના સમયગાળા દરમિયાન(ઓગસ્ટ ૨૦૨૦) રિટેલ ફુગાવો ૫.૬૩ ટકા નોંધાયો હતો.

# PM નરેન્દ્ર મોદીએ નવી જાતનાં ૩૫ પાકની વેરાઈટી દેશને સમર્પિત કરી

**નવી દિલ્હી**

પીએમ મોદીએ મંગળવારે નવી જાતનાં ૩૫ પાકની વેરાઈટી દેશને સમર્પિત કરી હતી. આ તમામ નવી ફસલ ક્લાઈમેટ ચેન્જ તેમજ કુપોષણનાં પડકારોનો સામનો કરવા સક્ષમ હોવાનો દાવો કરવામાં આવે છે. તમામ નવી વેરાઈટી ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચરલ રિસર્ચ દ્વારા વિકસાવવામાં આવી છે. કેન્દ્રની કૃષિ યુનિવર્સિટીઓ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા યોજવામાં આવેલા કાર્યક્રમમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પાકની નવી ૩૫ વેરાઈટીનું લોકાર્પણ કરાયું હતું. પીએમ મોદીએ રૂ. ૫૮ કરોડમાં તૈયાર કરવામાં આવેલ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બાયોટિક સ્ટ્રેસ મેનેજમેન્ટ રાયપુરનાં નવા પ્રિમાઈસિસનું લોકાર્પણ કર્યું હતું.

# મુંબઈમાં કોરોનાનો વિસ્ફોટ, રસી લેનારા MBBSના 23 વિદ્યાર્થીઓ સંક્રમિત થયા

**મુંબઈ**

મહારાષ્ટ્રમાં કોરોનાએ ફરી માથું ઉચક્યું છે. મુંબઈની KEM હોસ્પિટલમાં 23 MBBS વિદ્યાર્થીઓ કોરોના સંક્રમિત થયા છે. આ વિદ્યાર્થીઓએ કોરોનાની ઓછામાં ઓછી એક વેક્સિન લીધી હતી. ન્યૂઝ એજન્સીના જણાવ્યા પ્રમાણે 23 વિદ્યાર્થીઓમાંથી કેટલાકમાં કોરોનાના હળવા લક્ષણો જોવા મળ્યા હતા જ્યારે કેટલાકમાં ગંભીર લક્ષણો જોવા મળ્યા હતા. તેમના બે વિદ્યાર્થીઓને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે, જ્યારે અન્ય વિદ્યાર્થીઓને ક્વારન્ટાઈન કરવામાં આવ્યા છે.

આ અંગે મુંબઈના મેયરે જણાવ્યું કે, સંક્રમણના આ કેસ કોલેજમાં થયેલા કોઈ સાંસ્કૃતિક અથવા રમત ગમત સમારોહનું પરિણામ છે. કેઈએમ હોસ્પિટલ મુંબઈની એક મોટી હોસ્પિટલમાં ગણાય છે. આ હોસ્પિટલ ઉપર કોરોના વોરિયર્સનું સન્માન કરતા વાયુસેનાએ ફૂલોનો વરસાદ કર્યો હતો. જણાવી દઈએ કે મુંબઈમાં ફરી એકવાર કોરોનાના કેસમાં ઝડપી વધારો થઈ રહ્યો છે. બુધવારે મુંબઈમાં કોરોના વાયરસના 3187 નવા કેસ નોંધાયા હતા અને 49 દર્દીના મોત થયા હતા. આ સાથે જ કોરોનાના કુલ કેસ વધીને 65,47,793 થઈ ગયા છે અને મૃતકોની સંખ્યા વધીને 1,39,011 પર પહોંચી ગઈ છે.

બીજી તરફ બેંગ્લોરમાં આવેલી ચૈતન્ય એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યુટ નામની શૈક્ષણિક સંસ્થામાં એક સાથે 60 વિદ્યાર્થીઓ કોરોનાથી સંક્રમિત થયા છે. રવિવારે આ સંસ્થામાં એક બાળકને ઝાડા ઉલટી થવા માંડ્યા હતા. એ પછી અહીંયા 480 વિદ્યાર્થીઓનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો અને તેમાં 60 વિદ્યાર્થીઓ પોઝિટિવ જાહેર થયા હતા. સ્કૂલને 20 ઓક્ટોબર સુધી બંધ કરી દેવામાં આવી છે.

# વાધવાન બંધુઓની કંપનીની 578 કરોડની મિલકતો ટાંચમાં

**નવી દિલ્હી**

ઉત્તર પ્રદેશ પાવર કોર્પોરેશન લિમિટેડ (યુપીપસીએલ) મની લોન્ડરિંગ કેસના સંબધમાં દિવાન હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (ડીએચએફએલ)ના પૂર્વ પ્રમોટરો કપિલ વાધવાન અને તેમના ધીરજની માલિકીની બ્રિટન સ્થિત કંપનીની 578 કરોડ રૂપિયાની મિલકતો ટાંચમાં લીધી છે તેમ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઈડી) એ એક નિવેદનમાં જણાવ્યું છે.

એજન્સીએ જણાવ્યું છે કે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ જપ્ત કરવામાં આવેલી સંપત્તિ વાધવાન બંધુઓ દ્વારા બ્રિટન સ્થિત કંપનીઓમાં ડબ્લ્યુજીસી-યુકે દ્વારા કરવામાં આવેલા રોકાણના સ્વરૂપમાં છે.

ઉલ્લેખનીય છે કે હાલમાં વાધવાન બંધુઓ યસ બેક છેતરપિંડી કેસ સાથે મની લોન્ડરિંગના આરોપો હેઠળ જેલમાં બંધ છે. વાધવાન સામે ઈડીનો તાજેતરનો કેસ ઉત્તરપ્રદેશ પાવર કોર્પોરેશન લિમિટેડ (યુપીપીસીએલ) ના કેટલાક અધિકારીઓ સામે જનરલ પ્રોવિડન્ટ ફંડ (જીપીએફ) અને કર્મચારીઓના સેન્ટ્રલ પ્રોવિડન્ટ ફંડ (સીપીએફ)ના 'ગેરકાયદેસર રોકાણ' માટે લખનઉ પોલીસે દાખલ કરેલી એફઆઈઆર પર આધારિત છે.

# આંધ્રપ્રદેશમાં ગુજરાતવાળી : રેડ્ડી પ્રધાનોને બદલી નાખે તેવા સંકેત

**વિશાખાપટ્ટનમ**

આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન વાય. એસ.જગનમોહન રેડ્ડી આગામી ગણતરીના મહિનામાં તેમના રાજ્યમાં પણ ગુજરાતની જેમ જ કેબિનેટના તમામ પ્રધાનને બદલીને નવા ચહેરાને સ્થાન આપશે તેવી અટકળો વેગ પકડી રહી છે. આગામી ગણતરીના મહિનામાં જ આંધ્રપ્રદેશમાં નવા ચહેરા સાથે નવી કેબિનેટ સામે આવી શકે છે. રાજ્યના ઊર્જા પ્રધાન બાલિનેની શ્રીનિવાસ રેડ્ડીએ તાજેતરમાં કેબિનેટ પુનઃરચના થવા અંગેની જાહેરાત કરીને આ અટકળોને વેગ આપ્યો હતો. તેમણે ગયા સપ્તાહે પત્રકારોને જણાવ્યું હતું કે, કેબિનેટમાં નવા ચહેરાને સ્થાન આપવા માટે જગનમોહન રેડ્ડી વર્તમાન ટીમને બદલી નાખવા વિચારી રહ્યા છે.

ઊર્જાપ્રધાને જણાવ્યું હતું કે, 'મુખ્યપ્રધાને મને જણાવ્યું છે કે, નવી કેબિનેટમાં તેઓ ૧૦૦ ટકા નવા ચહેરા ઈચ્છી રહ્યા છે. મુખ્યપ્રધાન ઈચ્છે છે કે, પક્ષના વરિષ્ઠ નેતાઓ વર્ષ ૨૦૨૪માં આવી રહેલી લોકસભા ચૂંટણી માટે પક્ષીય કામો કરે. મને જે કામગીરી સોંપવામાં આવે તે કરવા માટે હું તૈયાર છું.'

# જાન્યુઆરીથી ઓગસ્ટ સુધીમાં રૂપિયા ૬ લાખ કરોડના ડિજિટલ ટ્રાન્ઝેક્શન્સ

## લોકોના ડેટાને સુરક્ષિત રાખવા ડેટા પ્રાઇવેસી સાથે કોઇ સમજૂતી થવી ન જોઇએ : નિર્મલા

**નવી દિલ્હી**

ડિજિટલ પેમેન્ટનું પ્રમાણ સતત વધી રહ્યું છે ત્યારે લોકોના ડેટાને સુરક્ષિત રાખવા માટે ડેટા પ્રાઇવેસી સાથે કોઇ પણ પ્રકારની સમજૂતી ન થવી જોઇએ તેમ નાણા પ્રધાન નિર્મલા સિતારમને એક નિવેદનમાં જણાવ્યું છે. ફિનટેક ઇન્ડસ્ટ્રીને સંબોધિત કરતા નાણા પ્રધાને જણાવ્યું હતું કે ચાલુ વર્ષે જાન્યુઆરીથી ઓગસ્ટ સુધીમાં કુલ ૬ લાખ કરોડ રૂપિયાથી વધુના ડિજિટલ



ટ્રાન્ઝેક્શન થયા હતાં. ૨૦૨૦માં આ રકમ ચાર લાખ કરોડ રૂપિયા અને ૨૦૧૯માં બે લાખ કરોડ રૂપિયા હતી. મારા મતે ગ્રાહકોના ડેટાની સુરક્ષા વિશ્વાસ બહાલ કરવા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. જ્યાં સુધી ડેટાની સુરક્ષા ખાતરી ન મળે ત્યાં સુધી કોઈ પણ આવા પ્રકારના કાર્યો કરવા તૈયાર થતું નથી. આ કાર્યક્રમમાં યુએન પ્રિન્સિપલ્સ ફોર રિસ્પોનસિબિલ ડિજિટલ પેમેન્ટ નામનો એક અહેવાલ પણ રજૂ કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ અહેવાલ રજૂ કરતા મને ખૂબ જ આનંદ થાય છે કારણકે આ વર્તમાન સમયની જરૂરિયાત છે.

# મહારાષ્ટ્રમાં બે દિવસમાં 17 લોકોનાં મોત, 560ને બચાવાયાં, બંગાળમાં ભારે વરસાદ

**મુંબઈ**

ચક્રવાતની આફ્ટર-ઈફેક્ટરૂપે સર્જાયેલા લો-પ્રેશરના કારણે આંધી-તોફાન સાથે વરસી રહેલા વરસાદે પશ્ચિમ બંગાળના ડઝનબંધ જિલ્લાઓમાં, ગંગાકિનારાની આસપાસના વિસ્તારોમાં ભારે વિનાશ વેર્યો છે. 30થી 40 કિલોમીટરની સ્પીડે પવન ફૂંકાઈ રહ્યો છે. બીજી બાજુ મહારાષ્ટ્રના ખાસ કરીને મરાઠાવાડમાં ભારે વરસાદથી લોકો ત્રાહિમામ્ પોકારી ગયા છે. 17 માણસોનાં મૃત્યુ નીપજ્યાં છે અને સંખ્યાબંધ લોકો લાપતા છે. લશ્કરના હેલિકોપ્ટરની



મદદથી પાણીમાં ફસાયેલા ત્રણ લોકોને એરલિફ્ટ કરીને બચાવ લેવામાં આવ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પશ્ચિમ બંગાળ ઉપરાંત મધ્ય મહારાષ્ટ્ર અને કોંકણમાં આગામી એક-બે દિવસ હજી તોફાની પવનો અને ભારે વરસાદ ચાલુ રહેશે. ગુજરાતના દક્ષિણ ભાગમાં પણ તોફાની પવનો સાથે વરસાદ થશે.

પશ્ચિમ બંગાળને અડીને આવેલા બંગાળના અખાતમાં સર્જાયેલા ચક્રવાતે સર્જેલા લો-પ્રેશરના કારણે બંગાળના મધ્યમાં આવેલા ગંગાતટના પ્રદેશોમાં તોફાની વરસાદ વરસી રહ્યો છે. કોલકાતા તથા ઉત્તર અને દક્ષિણ ૨૪ પરગણા, પૂર્વ અને પશ્ચિમ મિદનાપુર, ઝાડગ્રામ, હાવરા, હુગલી, પૂર્વ અને પશ્ચિમ બર્દવાન તથા બીરભૂમ જિલ્લાઓમાં મુશળધાર વરસાદ વરસી રહ્યો છે.

# ઉરીમાં ઝડપાયેલા આતંકવાદીએ પાક. સેના અને ISIની પોલ ખોલી

**જમ્મુ-કાશ્મીર**

ભારતીય સેના તરફથી પાકિસ્તાનની બોર્ડર ક્રોસ કરીને આવેલા આતંકવાદી અલી બાબર પાત્રાનો એક વીડિયો શેર કર્યો છે. જેમાં અલીએ જણાવ્યું કે, કેવી રીતે તેને લશ્કર-એ-તૈયબા અને પાકિસ્તાની સેના દ્વારા ટ્રેનિંગ આપવામાં આવી હતી. જમ્મુ-કાશ્મીરના ઉરી સેક્ટરમાં સોમવારે સેનાએ ઘુસણખોરો વિરુદ્ધ ચલાવેલા અભિયાન દરમિયાન 19 વર્ષના આતંકવાદીએ આત્મસમર્પણ કરી દીધુ હતું. સેના દ્વારા જાહેર કરવામાં આવેલા વીડિયોમાં બાબર ઉરી સેક્ટરમાં સેનાની એક શિબિરમાં મીડિયા સાથે વાતચીત કરી રહ્યો છે. બાબરે સ્વીકાર્યું કે, તેને ઘુસણખોરી કરવા માટે 30 હજાર રૂપિયા આપ્યા હતા. જે પૈકી 20 હજાર રૂપિયા માતાની સારવાર માટે આપ્યા હતા. મુજફ્ફરાબાદ કેમ્પમાં તેને લશ્કરે ટ્રેનિંગ આપી હતી. બાબર પાકિસ્તાનના પંજાબના વતની છે. તેણે સ્વીકાર્યું કે, તેને લલચાવીને કાશ્મીરમાં ઘુસણખોરી માટે મોકલવામાં આવ્યો છે. તેનું નામ અલી બાબર છે, જ્યારે ઓળખ પત્રમાં ઈમાદુલ્લાહ લખ્યું છે. બાબર પાકિસ્તાનના પંજાબના ઓકારા જિલ્લાના દીપલપુરનો રહેવાસી છે. 2014માં પિતાના નિધન બાદ તેના ઘરની આર્થિક સ્થિતિ કથળી ગઈ હતી.

# પંજાબમાં 53 લાખ પરિવારોના 1200 કરોડના બાકી વીજબિલ માફ થશે

**નવી દિલ્હી**

અમૃતસર : પંજાબના નવનિયુક્ત મુખ્યમંત્રી ચરણજીતસિંહ ચન્નીએ રાજ્યના વીજળીના ગ્રાહકોને મંગળવારે મોટી ભેટ આપી હતી. રાજ્ય સરકારે લીધેલા નિર્ણયો અંગેની જાહેરાત કરતા મુખ્યમંત્રી ચન્ની કહ્યું હતું કે રાજ્યમાં ૨૯ સપ્ટેમ્બર-૨૦૨૧ સુધીમાં જે લોકોના વીજળીના બિલો બાકી છે તેઓના બાકી બિલોની તમામ રકમ માફ કરી દેવામાં આવશે. સરકારના આ નિર્ણયથી અંદાજે ૫૩ લાખ પરિવારોને લાભ થશે. તે સાથે જે લોકોના કનેક્શન બિલ નહી ભરી શકવાના કારણે કપાઈ ગયા છે તેઓના બાકી લ્હેણાની રકમ પણ રાજ્ય સરકાર ભરશે અને તેઓના કનેક્શન ફરીથી ચાલુ કરી દેવાશે.

# દેશની 11.2 લાખ સરકારી શાળામાં હવે PM પોષણ યોજના શરૂ કરાશે

**નવી દિલ્હી**

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં બુધવારે કેન્દ્રીય કેબિનેટની બેઠક યોજાઈ હતી જેમાં ઘણા મહત્ત્વપૂર્ણ નિર્ણયો કરવામાં આવ્યા હતા. આ બેઠક બાદ કેન્દ્રીયમંત્રી અનુરાગ ઠાકુરે કેબિનેટમાં લેવાયેલા નિર્ણયોની જાણકારી આપતાં જણાવ્યું હતું કે સરકારે દેશભરમાં ૧૧.૨ લાખથી વધારે સરકારી અને સરકારની સહાયતા પ્રાપ્ત શાળાઓમાં મધ્યાહ્ન ભોજન માટે પીએમ પોષણ યોજના શરૂ કરવાની મંજૂરી આપી છે. તેમણે ઉમેર્યું હતું કે પીએમ પોષણ યોજના પાંચ વર્ષ સુધી ચાલશે અને તેની પાછળ રૂ. ૧.૩૧ લાખ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

આ નવી સ્કીમ હાલમાં અમલી મધ્યાહ્ન ભોજન યોજનાને રિપ્લેસ કરશે. કેન્દ્ર સરકાર આ સ્કીમને રાજ્યોની મદદથી ચલાવશે, જો કે સૌથી વધારે જવાબદારી અને પ્રદાન કેન્દ્રનું રહેશે. ઠાકુરે દાવો કર્યો હતો કે આ યોજનાને વધારે સુંદર બનાવવામાં આવશે. આ ઉપરાંત કેબિનેટની બેઠકમાં વડા પ્રધાને બે રેલવે લાઈનોનું ડબલિંગ કરવાની મંજૂરી આપી હતી.

# બેંગાલુરૂની યુનિ.ના પૂર્વ કુલપતિની રૂ. 19 કરોડની મિલકતો ઈડીએ જપ્ત કરી

**નવી દિલ્હી**

નવી દિલ્હી : વિદ્યાર્થીઓના હજારો વાલીઓ સાથે છેતરપિંડી આચરવા બદલ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિની 19 કરોડ રૂપિયાની મિલકતો ટાંચમાં લેવામાં આવી છે તેમ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઈડી)એ એક નિવેદનમાં જણાવ્યું છે. ઈડીના જણાવ્યા મુજબ ટાંચમાં લેવામાં આવેલી સંપત્તિ મધુકર જી અંગુર, પ્રિયંકા એમ અંગુર, રવિકુમાર કે, શ્રુતિ અને પાવના દિબ્બુરની છે. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ(પીએમએલએ) આ મિલકતો ટાંચમાં લેવાનો પ્રોવિઝનલ ઓર્ડર ઈશ્યુ કરવામાં આવ્યો હતો. ટાંચમાં લેવામાં આવેલી સંપત્તિઓમાં બેંક એકાઉન્ટ, છ ફ્લેટ અને જમીનના બે પ્લોટનો સમાવેશ થાય છે.

## IPL ૨૦૨૧ પોઇન્ટ ટેબલ

| ટીમ | મેચ | વિજય | હાર | ટાઇ | પોઇન્ટ |
|---|---|---|---|---|---|
| ચેન્નઇ સુપર કિંગ્સ | ૧૧ | ૯ | ૨ | ૦ | ૧૮ |
| દિલ્હી કેપિટલ્સ | ૧૧ | ૮ | ૩ | ૦ | ૧૬ |
| રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | ૧૧ | ૭ | ૪ | ૦ | ૧૪ |
| કોલકાતા નાઈટ રાઈડર્સ | ૧૧ | ૫ | ૬ | ૦ | ૧૦ |
| મુંબઈ ઈન્ડિયન્સ | ૧૧ | ૫ | ૬ | ૦ | ૧૦ |
| પંજાબ કિંગ્સ | ૧૧ | ૪ | ૭ | ૦ | ૮ |
| રાજસ્થાન રોયલ્સ | ૧૧ | ૪ | ૭ | ૦ | ૮ |
| સનરાઈઝર્સ હૈદરાબાદ | ૧૧ | ૨ | ૯ | ૦ | ૪ |

# IPL ટી-૨૦ : ચેન્નાઇએ હૈદરાબાદને છ વિકેટે હરાવ્યું, હૈદરાબાદ ૭/૧૩૪, ચેન્નાઇ ૪/૧૩૯



શારજાહ : ધીમી પિચ ઉપર બોલર્સે કરેલી શિસ્તબદ્ધ બોલિંગ બાદ ઓપનર ઋતુરાજ ગાયકવાડ અને ફાફ ડુ પ્લેસિસે નોંધાવેલી આક્રમક ભાગીદારીની મદદથી ચેન્નાઇ સુપર કિંગ્સે અહીં રમાયેલી આઇપીએલ ટીર૦ લીગની ૪૪મી મેચમાં સનરાઇઝર્સ હૈદરાબાદને છ વિકેટે પરાજય આપ્યો હતો. ચેન્નાઇએ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. હૈદરાબાદની ટીમ સાત વિકેટે ૧૩૪ રન નોંધાવી શકી હતી. તેના જવાબમાં ચેન્નાઇની ટીમ ૧૯.૪ ઓવરમાં ચાર વિકેટે ૧૩૯ રન બનાવીને વિજય હાંસલ કરી લીધો હતો. આ સાથે ચેન્નાઇની ટીમ ૧૧ મેચમાં ૧૮ પોઇન્ટ સાથે પ્લે ઓફમાં સ્થાન મેળવનાર પ્રથમ ટીમ બની ગઇ હતી. બીજી તરફ હૈદરાબાદ સત્તાવાર રીતે આઇપીએલમાંથી બહાર થઇ ગઇ હતી. ડુ પ્લેસિસે આઇપીએલમાં ચેન્નાઇ માટે ૨૫૦૦ રન પૂરા કર્યા હતા. ડુ પ્લેસિસ ૪૧ રન બનાવીને આઉટ થયો હતો. હોલ્ડરે ૨૭ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી. રનચેઝ કરનાર ચેન્નાઇ માટે ઋતુરાજ અને ડુ પ્લેસિસે પ્રથમ વિકેટ માટે ૭૫ રનની ભાગીદારી નોંધાવી હતી. ઋતુરાજ ૩૮ બોલમાં ચાર બાઉન્ડ્રી અને બે સિક્સર વડે ૪૫ રન બનાવીને આઉટ થયો હતો.

## 38 કરોડ સમર્થકોએ IPL લીગને ટીવી ઉપર નિહાળી

નવી દિલ્હી: બીસીસીઆઈના સેક્રેટરી જય શાહે વર્તમાન આઈપીએલ ટી૨૦ લીગમાં ટીવી ઉપર વધેલી દર્શકોની સંખ્યા અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો અને તેમણે ટૂર્નામેન્ટને સમર્થન આપનાર તમામ ક્રિકેટપ્રેમીઓનો આભાર માન્યો હતો. આઈપીએલ ૨૦૨૧ની સિઝનમાં ટીવી ઉપરના દર્શકોની સંખ્યામાં વધારો થવાનું ચાલુ છે. અત્યારે ટીવી ઉપર સમર્થકોની સંખ્યા ૩૫મી મેચ સુધીમાં ૩૮ કરોડ સુધી પહોંચી ગઈ છે.

## ટી20માં પોલાર્ડની 300 વિકેટ

વેસ્ટ ઇન્ડિઝ અને મુંબઇ ઇન્ડિયન્સના ઓલરાઉન્ડર કિરોન પોલાર્ડે પંજાબ સામેની મેચમાં બે વિકેટ ઝડપવાની સાથે ટી૨૦ ક્રિકેટમાં ૩૦૦ વિકેટો પૂરી કરવાની સિદ્ધિ મેળવી હતી. આ સિદ્ધિ મેળવનાર તે વિશ્વનો માત્ર ૧૧મો બોલર છે.

## રિષભ પંતે સેહવાગનો રેકોર્ડ તોડયો

દિલ્હીના સુકાની રિષભ પંતે કોલકાતા સામે ૩૯ રનની ઈનિંગ રમવાની સાથે વીરેન્દ્ર સેહવાગનો રેકોર્ડ તોડી નાખ્યો હતો. પંતે દિલ્હી માટે ૭૯ મેચમાં ૩૬ની સરેરાશથી ૨,૩૯૦ રન બનાવ્યા છે જેમાં એક સદી અને ૧૪ અડધી સદી સામેલ છે. સેહવાગે આઈપીએલની ૭૯ મેચમાં ૨૯ની સરેરાશથી ૨,૧૭૪ રન તથા ચેમ્પિયન્સ લીગની સાત મેચમાં ૩૫ની એવરેજથી ૨૦૮ રન બનાવ્યા હતા.

## રાજસ્થાન સામે બેંગ્લોરનો સાત વિકેટે વિજય

દુબઇ : બોલર્સે કરેલી શિસ્તબદ્ધ બોલિંગ બાદ ગ્લેન મેક્સવેલે કરેલી સ્ફોટક બેટિંગની મદદથી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે રાજસ્થાન રોયલ્સને કોઇ પણ મુશ્કેલી વિના આસાનીથી સાત વિકેટે પરાજય આપ્યો હતો. બેંગ્લોરે ટોસ જીતીને ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. રાજસ્થાનની ટીમે નવ વિકેટે ૧૪૯ રન બનાવ્યા હતા. જવાબમાં બેંગ્લોરે ૧૭ ઓવરમાં ત્રણ વિકેટે ૧૫૩ રન બનાવીને વિજય મેળવી લીધો હતો.

## હૈદરાબાદે રાજસ્થાનને 7 વિકેટે પરાજય આપ્યો

દુબઇ: ઓપનર જેસન રોય અને સુકાની કેન વિલિયમ્સને નોંધાવેલી અડધી સદીની મદદથી સનરાઇઝર્સ હૈદરાબાદે રાજસ્થાન રોયલ્સને સાત વિકેટે પરાજય આપ્યો હતો. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનાર રાજસ્થાનની ટીમે સંજૂ સેમસનના ૮૨ રનની મદદથી પાંચ વિકેટે ૧૬૪ રન બનાવ્યા હતા. તેના જવાબમાં હૈદરાબાદની ટીમે ત્રણ વિકેટના ભોગે ૧૬૭ રન બનાવીને વિજય હાંસલ કરી લીધો હતો.

## પંજાબ કિંગ્સને છ વિકેટે હરાવી મુંબઇ ઇન્ડિયન્સ પાંચમા ક્રમે

છેલ્લી ઓવર્સમાં કિરોન પોલાર્ડ અને હાર્દિક પંડયાએ કરેલી આક્રમક બેટિંગની મદદથી મુંબઇ ઇન્ડિયન્સે અહીં રમાયેલી આઇપીએલ ટી૨૦ લીગની ૪૨મી મેચમાં પંજાબ કિંગ્સને છ વિકેટે હરાવીને પ્લે ઓફ માટેની પોતાની દાવેદારી જીવંત રાખી હતી. આ વિજય સાથે મુંબઇ પોઇન્ટ ટેબલમાં પાંચમા ક્રમે પહોંચી ગયું છે.

## કલકત્તા હાઇકોર્ટે BCCI પ્રમુખ ગાંગુલીને દંડ ફટકાર્યો

નવી દિલ્હી : બીસીસીઆઈના પ્રમુખ સૌરવ ગાંગુલીને કલકત્તા હાઈકોર્ટે દંડ ફટકાર્યો છે. ગાંગુલીની સાથે બંગાળ સરકાર તથા તેના હાઉસિંગ બોર્ડને પણ દંડ ફટકાર્યો છે. પૂરો મામલો ખોટી રીતે જમીનની ફાળવણીનો છે જેના કારણે ગાંગુલીને ૧૦ હજાર રૂપિયા તથા બંગાળ સરકાર અને હાઉસિંગ બોર્ડને ૫૦-૫૦ હજાર રૂપિયાનો દંડ ફટકારાયો છે. નોંધનીય છે કે ગાંગુલીની શિક્ષણ સંસ્થાને બંગાળ સરકારે કોલકાતાના ન્યૂ ટાઉન એરિયામાં નિયમોની વિરુદ્ધ જમીન ફાળવી છે.

## દિલ્હીને હરાવી કોલકાતાએ પ્લે ઓફની આશા જીવંત રાખી

કોલકાતા નાઇટ રાઇડર્સે આઇપીએલ ટી૨૦ લીગના ૪૧મા મુકાબલામાં દિલ્હી કેપિટલ્સને ભારે રસાકસી બાદ ત્રણ વિકેટે હરાવીને પ્લે ઓફમાં સ્થાન મેળવવાની પોતાની આશા જીવંત રાખી હતી. કોલકાતાએ ૧૧ મેચમાં પાંચમો વિજય મેળવ્યો છે અને તે ૧૦ પોઇન્ટ સાથે ચોથા ક્રમે છે. કોલકાતાએ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો.



# ચેમ્પિયન્સ લીગમાં રોનાલ્ડોનો વિક્રમી ૧૩૬મો ગોલ

**માન્ચેસ્ટર ।** પોર્ટુગલના સ્ટાર ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ માન્ચેસ્ટર યુનાઈટેડમાં પુનરાગમન કર્યા બાદ ચેમ્પિયન્સ લીગ ફૂટબોલમાં વિજયી ગોલ નોંધાવ્યો હતો અને તેણે વિજયની ઉજવણી પોતાની ટી-શર્ટ ઉતારીને સમર્થકોના અભિવાદનનો જવાબ આપ્યો હતો. ચેમ્પિયન્સ લીગમાં ૧૭૮મી મેચ રમી રહેલા રોનાલ્ડોએ સ્ટોપેજ ટાઈમની પાંચમી મિનિટે ગોલ કરતાં તેની ટીમે વિલારિયલને ૨-૧થી પરાજય આપ્યો હતો. આ મેચ નિહાળવા માટે વિશ્વના મહાન સ્પ્રિન્ટર યુસૈન બોલ્ટે પણ સ્ટેડિયમમાં હાજરી આપી હતી. જુવેન્ટ્સને છોડીને ફરીથી યુનાઈટેડ સાથે જોડાયેલા રોનાલોડએ પાંચમી મેચમાં પાંચમો ગોલ કર્યો હતો. ચેમ્પિયન્સ લીગમાં આ તેનો વિક્રમી ૧૩૬મો ગોલ છે.

## ઈન્ઝમામ ઉલ હકને હાર્ટએટેક આવ્યા બાદ એન્જિયોપ્લાસ્ટી કરાઈ



**લાહોર:** પાકિસ્તાનના ભૂતપૂર્વ સુકાની તથા મહાન બેટ્સમેનોમાંના એક ઇન્ઝમામ ઉલ હકને લાહોરમાં હાર્ટએટેક આવ્યો હતો અને તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. સોમવારે સાંજે સફળ એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવી હતી અને તે હાલમાં તબીબોની નજર હેઠળ છે. તેના પરિવાર તરફથી કોઈ નિવેદન કરવામાં આવ્યું નથી. ઇન્ઝમામ છેલ્લા ત્રણ દિવસથી છાતીમાં દુખાવાની ફરિયાદ કરી રહ્યો હતો. પ્રારંભિક ટ્રિટમેન્ટમાં તેને કોઈ સમસ્યા હોય તેવું લાગ્યું નહોતું પરંતુ સોમવારે ફરીથી તપાસ થઈ ત્યારે તેને હાર્ટએટેક આવ્યો હતો તેવો ઘટસ્ફોટ થયો હતોય. ત્યારબાદ લાહોરની એક હોસ્પિટલમાં સર્જરી કરવામાં આવી હતી. તે સ્વસ્થ છે અને જોખમમાંથી બહાર થઈ ગયો છે.

## ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર મોઈન અલીની ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ



**લંડન :** ઈંગ્લેન્ડના અનુભવી ઓલરાઉન્ડર મોઇન અલીએ મર્યાદિત ઓવર્સની ક્રિકેટમાં પોતાની કારકિર્દીને લંબાવવા માટે ટેસ્ટ ક્રિકેટને અલવિદા કરી દીધી છે. નિવૃત્તિની જાહેરાત કરીને તેણે જણાવ્યું હતું કે હું મારી કારકિર્દીથી સંતુષ્ટ છું. ટેસ્ટ ક્રિકેટ શાનદાર રમત છે. સારો દેખાવ કરવાના કારણે આ કોઇ પણ બીજી ફોર્મેટ કરતાં વધારે સારી અને સંતોષકારક છે. ચાલુ વર્ષના અંતે રમાનારી એશિઝ શ્રેણી માટે ઇસીબીએ જાહેર કરેલી કોવિડ-૧૯ના પ્રોટોકોલની જાહેરાતના કારણે મોઇને ટેસ્ટને અલવિદા કરવાનો નિર્ણય લીધો છે. મોઇન અલીએ ૬૪ ટેસ્ટમાં ૨૮.૨૯ની સરેરાશથી ૨૯૧૪ રન બનાવ્યા હતા અને તેણે ૩૬.૬૬ની સરેરાશથી ૧૯૫ વિકેટ પણ હાંસલ કરી હતી.



## વિમેન્સ ક્રિકેટઃ ભારત એક વિકેટે ૧૩૨ રન, મંધાના અણનમ ૮૦, શેફાલી ૩૧

# પિંક બોલ ટેસ્ટમાં વરસાદનું વિઘ્ન, મંધાનાનો બેસ્ટ સ્કોર

**ગોલ્ડ કોસ્ટ :** ઓપનિંગ બેટ્સવુમન સ્મૃતિ મંધાનાએ અણનમ ૮૦ રનની કારકિર્દીમાં રમેલી સર્વશ્રોષ્ઠ ઈનિંગની મદદથી ભારતીય વિમેન્સ ટીમે અહીં ઓસ્ટ્રેલિયા સામે રમાતી એક માત્ર પિંક બોલ ડે-નાઈટ ટેસ્ટ મેચમાં વરસાદના વિઘ્ન વચ્ચે એક વિકેટે ૧૩૨ રનનો સ્કોર નોંધાવ્યો હતો. ગ્રીન ટોપ પિચ ઉપર ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો પરંતુ મંધાનાએ આ નિર્ણયને ખોટો સાબિત કર્યો હતો. ઓફ સાઈડ ઉપર કેટલાક આકર્ષક શોટ્સ રમનાર મંધાનાએ ૧૪૪ બોલમાં ૧૫ બાઉન્ડ્રી અને એક સિક્સર વડે ૮૦ રન બનાવ્યા હતા. સ્ટમ્પના સમયે તેની સાથે પૂનમ રાઉત ૫૭ બોલમાં ૧૬ રન બનાવીને રમી રહી હતી. બીજા તબક્કાની મોટાભાગની રમત વરસાદના કારણે વેડફાઈ ગઈ હતી. મંધાના અને શેફાલી વર્માએ સાવચેતીથી બેટિંગ કરીને પ્રથમ વિકેટ માટે ૯૩ રનની ભાગીદારી નોંધાવી હતી. શેફાલી ૬૪ બોલમાં ૩૧ રન બનાવીને પેવેલિયન પરત ફરી હતી. પ્રથમ દિવસની પ્રારંભિક ૧૬ ઓવરમાં ભારતીય ખેલાડીઓએ ૧૬ બાઉન્ડ્રી મારી હતી જેમાં મોટા ભાગની મંધાનાએ નોંધાવી હતી. ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ કરનાર ડાર્સી બ્રાઉનની બોલિંગમાં મંધાનાએ ઘણી બાઉન્ડ્રી ફટકારીને ભારતનું સ્કોરબોર્ડ મુક્તમને ફરતું રાખ્યું હતું. શેફાલીએ ચાર ચોગ્ગા ફટકાર્યા હતા. તેને બે જીવતદાન મળ્યા હતા.

# WHOના કર્મચારીઓનો કોંગોમાં મહિલા-કિશોરીઓ ઉપર રેપ : તપાસમાં ઘટસ્ફોટ

**કોંગો**

મધ્ય આફ્રિકાના દેશ કોંગોમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ૨૧ કર્મચારીઓએ મહિલાઓ અને કિશોરીઓ ઉપર રેપ કર્યાનો ઘટસ્ફોટ થયો હતો. એ પછી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની કામગીરી પર સવાલો ઉઠયા હતા. સંગઠનના કર્મચારીઓ પર રેપનો આરોપ લાગ્યો તે પછી પ્રમુખ ટેડ્રોસ એધનોમે પીડિતોને ન્યાય મળશે તેવી ખાતરી આપી હતી.

કોંગોમાં ઈબોલા સામે લડતી હોસ્પિટલોમાં મહિલાઓ સાથે દુષ્કૃત્ય થયું હતું. કેટલીક મહિલાઓ અને કિશોરીઓને નોકરીની લાલચ આપીને જાતીય શોષણ કરાયું હતું. તો કેટલીક હેલ્થ વર્કર્સના પીણામાં નશીલી દવાઓ ભેળવીને તેના ઉપર બળાત્કાર ગુજારાયો હતો. બળાત્કાર પીડિતોમાં કિશોરીઓનો પણ સમાવેશ થાય છે. પ્રાથમિક તપાસમાં ૫૦-૬૦ મહિલાઓ યૌનશોષણનો ભોગ બની હોવાનું જણાયું હતું.

એક ખાનગી તપાસમાં જણાયું હતું કે હોસ્પિટલોમાં કાર્યરત ૮૩ લોકોએ મહિલાઓ અને કિશોરીઓનું જાતીય શોષણ કર્યું હતું અને બળાત્કાર કર્યો હતો. એમાં ૨૧ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના કર્મચારીઓ હતા. હોસ્પિટલોમાં નોકરી આપવાના બહાને કિશોરીઓ સાથે દુષ્કૃત્ય આચરાતું હતું.

રેપ પીડિતાઓમાંથી કેટલીય પીડિતાની વય તો માત્ર ૧૩-૧૪ વર્ષની છે. નરાધમોએ આ બાળકીઓ ઉપર પણ અવારનવાર બળાત્કાર ગુજાર્યો હતો. ઈબોલાના કારણે કોંગોમાં લગભગ બે હજાર લોકોના મૃત્યુ થયા હતા. એક તરફ ઈબોલા સામે લડવાનું ઓપરેશન ચાલતું હતું ને બીજી તરફ અમુક ડોકટરો અને હેલ્થ વર્કર્સ જ હોસ્પિટલોમાં કાર્યરત સ્થાનિક મહિલાઓનું જાતીય શોષણ કરતા હતા.

# ચીનના પૂર્વોત્તર ભાગમાં વીજળી સંકટઃ પાણી ગરમ નહીં કરી શકે

**બીજિંગ**

ચીનના પૂર્વોત્તર વિસ્તારમાં શરૂ થયેલુ વિજળી સંકટ હવે વધતુ જઈ રહ્યુ છે. પરિસ્થિતિ એટલી ખરાબ છે કે કેટલીક ફેક્ટરીઓ, મોલ, દુકાનો બંધ કરવી પડી રહી છે અને ઘરમાં લોકોને મુશ્કેલી થઈ રહી છે. કોલસાના સપ્લાયમાં આવી રહેલી મુશ્કેલીના કારણે ચીનના પૂર્વોત્તર વિસ્તારમાં કેટલાક દિવસથી વિજળી સંકટ પેદા થયુ છે. ચીનમાં મેન્યુફેક્ચર્સની વધતી ડિમાન્ડની વચ્ચે કોલસા સપ્લાય પર અસર પડી છે, કોલસાના ભાવ પણ ઘણા વધી ગયા છે. એવામાં વિજળી સંકટ પેદા થઈ ગયુ છે. આના કારણે એપલ, ટેસ્લા જેવી કંપનીઓ ફેક્ટરીઓ પણ બંધ થવાની કગાર પર આવી ગઈ છે.

ચાંગચુન વિસ્તારમાં ગયા અઠવાડિયે વિજળી માટે ટાઈમિંગ સેટ કરવામાં આવતો હતો જેથી ઘર અને ફેક્ટરીઓને બરાબર વિજળી મળી શકે પરંતુ અહીં રહેનાર લોકોનુ કહેવુ છે કે વિજળી ઘણી વધારે જઈ રહી છે અને લાંબા-લાંબા કટ્સ લાગી રહ્યા છે. ચીન માટે સૌથી મોટુ સંકટ એ છે કે મેન્યુફેક્ચરિંગ પર મોટી અસર પડી છે કેમ કે ફેક્ટરીઓને તેમની જરૂર અનુસાર વિજળી મળી રહી નથી.

ચીનના આ વિસ્તારમાં ઠંડી પણ વધારે છે એવામાં વહીવટીતંત્રની સામે પડકાર એ પણ છે કે લોકોને વિજળી આપવામાં આવી શકે, જેથી ઠંડીમાં મુશ્કેલી ના આવે.

# કેથી વૂડે મસ્કની ટેસ્લાના 27 કરોડ ડોલરના શેરો વેચી દીધા

**ન્યૂયોર્ક**

કેથી વૂડે ટેસ્લાના ૨૭ કરોડ ડોલરના શેર વેચી નાખ્યા છે. તેણે તેની આર્ક ઈન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ કંપની દ્વારા ટેસ્લાના ૩,૪૦,૦૦૦થી વધારે શેર વેચ્યા છે. ત્રણ એક્સ્ચેન્જ ટ્રેડેડ ફંડ (ઈટીએફ) દ્વારા તેણે તેનું વેચાણ કર્યુ છે, એમ ફર્મના ડેઈલી ટ્રેડિંગ અપડેટમાં જણાવાયું હતું. આમ છતાં પણ ઈલોન મસ્કની કંપનીમાં એઆરકે ઈનોવેશન ઈટીએફનું ૧૧ ટકા રોકાણ છે. ટેસ્લામાં કંપનીનો હિસ્સો દસ ટકાથી વધુ થઈ ગયા બાદ તે વધેલા હિસ્સાના શેર વેચવાનું આયોજન ધરાવતી હતી. જ્યારે પણ રેટ સેન્સિટિવ ઈન્વેસ્ટિંગ સાઈકલને વિશ્વસ્તરે ફટકા પડે છે તે સમયે બીજી કંપનીઓની તુલનાએ ટેસ્લા સારી સ્થિતિમાં હોય છે. ટેસ્લા અત્યાર સુધી વૂડની સૌથી ફેવરિટ કંપની રહી છે. કેથીનું એઆરકેકે ફંડ તેમા સૌથી વધારે હોલ્ડિંગ ધરાવે છે. કેથીએ આગાહી કરી છે કે ટેસ્લાના શેરનો ભાવ હાલના ૭૭૮ ડોલરથી વધીને ૩૦૦૦ ડોલર થઈ જશે. આમ છતાં પણ આર્ક ટેસ્લામાં તેનું રોકાણ અમુક હદ કરતાં વધી જાય ત્યારે તેના હિસ્સામાં ઘટાડો કરે છે.

# તાલિબાનના વિજયમાં પાક.ની ભૂમિકા તપાસવા અમેરિકન સંસદમાં બીલ રજૂ

**વોશિંગ્ટન**

અફઘાનિસ્તાનમાં એક પખવાડિયા જેટલા ટૂંકા સમયમાં તાલિબાનોએ અબ્દુલ ગની સરકારને ફગાવીને કરેલા વિજયમાં પાકિસ્તાનની ભૂમિકાની તપાસ કરાવવા માટે અમેરિકાના રિપબ્લિકન સેનેટરોએ માગણી કરી છે. આ માટે તેમણે અમેરિકન સંસદના ઉપલા ગૃહ સેનેટમાં એક બીલ રજૂ કર્યું હતું. આ બીલમાં બાઈડન સરકારને અફઘાનિસ્તાનમાં તાલિબાનોના ત્વરિત વિજયની ગંભીરતાપૂર્વક તપાસ કરવા અને અશરફ ગની સરકારને હટાવવામાં મદદ કરનારા લોકો પર પ્રતિબંધ મૂકવાની માગણી કરાઈ છે.


પાકિસ્તાનના જિયો ટીવીના રિપોર્ટ મુજબ અમેરિકન રિપબ્લિકન સેનેટરોએ રજૂ કરેલા બિલમાં છેક વર્ષ ૨૦૦૧થી લઈને ૨૦૨૦ દરમિયાન તાલિબાનોને ટેકો આપનારા પાકિસ્તાન સહિત સરકાર સમર્થિત અને અન્ય તત્વોના મૂલ્યાંકનની માગણી કરાઈ છે. આ બીલમાં તાલિબાનોને સલામત આશ્રય, નાણાં, ગુપ્ત સમર્થન, તાલિમ, સૈન્ય શસ્ત્ર સરંજામ અને વ્યૂહાત્મક દિશા-નિર્દેશ પૂરા પાડવાના દ્દષ્ટિકોણની તપાસ થવી જોઈએ.

વધુમાં આ બીલમાં અફઘાનિસ્તાનમાંથી અમેરિકન સૈન્યને ઉતાવળે પાછું બોલાવવાના નિર્ણય અંગે બાઈડેન સરકાર પાસેથી જવાબ માગવામાં આવ્યો છે. બીલમાં એવી પણ માગણી કરાઈ છે કે અફઘાનિસ્તાન તાલિબાનોના નિયંત્રણમાં આવ્યું તે પહેલાં અને તે પછી પાકિસ્તાનની ભૂમિકાની સ્વતંત્ર તપાસ થવી જોઈએ.

# બ્રિટનમાં ફ્યુઅલ સંકટઃ પેટ્રોલ પંપ ઉપર ભીડ, બોટલ્સમાં ઈંધણ ભરવા મજબૂર

**લંડન**

બ્રિટનમાં ફ્યુઅલ સંકટ સર્જાયું છે. છેલ્લા એક સપ્તાહમાં દેશના મોટા ભાગના ગેસ સ્ટેશનો પર ફ્યુઅલને લઈ લોકોમાં ભારે ગભરાટ અને બેચેની છે. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સ દ્વારા મળતા અહેવાલો પ્રમાણે દેશભરના મોટા ભાગના પેટ્રોલ પંપ પર અરાજકતાની સ્થિતિ છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા અનેક વીડિયોમાં જોઈ શકાય છે કે, પેટ્રોલ પંપની બહાર અનેક માઈલ લાંબી લાઈનો છે અને ગભરાયેલા લોકો પાણીની નાની-નાની બોટલ્સમાં પણ શક્ય તેટલું પેટ્રોલ જમા કરી રહ્યા છે.




સામાન્ય રીતે દૈનિક 20,000થી 30,000 લીટર ફ્યુઅલ વેચતા ગેસ સ્ટેશન્સ પર હાલ 1,00,000 લીટર કરતા વધારેનું વેચાણ થઈ રહ્યું છે. બ્રિટનના અનેક પેટ્રોલ પંપ પર ફ્યુઅલની ખરીદીને લઈ લોકોમાં દહેશત છે અને અનેક જગ્યાએ તે માટે લડાઈ પણ થઈ રહી છે.

સ્થિતિ એ હદે ભયાનક છે કે, બ્રિટિશ મેડિકલ અસોસિએશને (બીએમએ)એ સ્વાસ્થ્યકર્મીઓને પ્રાથમિકતાના આધારે ફ્યુઅલ સુધી પહોંચવા આહ્વાન કર્યું છે જેથી સ્વાસ્થ્ય પ્રણાલી ધ્વસ્ત ન થઈ જાય તે સુનિશ્ચિત કરી શકાય. સ્થિતિ નિયંત્રણ બહાર જઈ શકે છે તેવા ડરથી બ્રિટિશ સરકારે સંકટનો સામનો કરવા માટે સેનાને તૈયાર રહેવા માટે પણ કહી દીધું છે.

# USમાં ઈરાદાપૂર્વકની હત્યાના બનાવોમાં 30 ટકાનો વધારો

## 77 ટકા જેટલી હત્યાઓ માટે બંદુકોનો ઉપયોગ થયો

**ન્યૂયોર્ક**

ફેરડલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટીગેશન (એફબીઆઈ)ના જણાવ્યા અનુસાર અમેરિમાં ઈરાદાપૂર્વક થતી હત્યાની ઘટનામાં ૩૦ ટકાનો વધારો થયો છે એટલું જ નહી ૭૭ ટકા જેટલી હત્યાઓ માટે બંદુકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ૨૦૧૯ની સરખામણીમાં ૨૦૨૦માં હત્યાના વધેલા બનાવો ચિંતાજનક છે. રિપોર્ટ મુજબ હત્યામાં વધારો થયો તેમાં રાષ્ટ્રીય હતી ક્ષેત્રિય પ્રકારની નહી. દક્ષિણી લુજીયાનામાં હત્યાનો દર દેશમાં સૌથી વધારે છે. ગુના નિષ્ણાતો અને પોલીસ અધિકારીઓ ૨૦૨૦માં હત્યાના બનાવો વધ્યા તેનું વિશ્વલેષણ કરી રહયા છે પરંતુ કોઈ ચોકકસ તારણ પર આવી શકયા નથી.

કેટલાક કોરોનાકાળની શરુઆત થઈ ત્યારે બંદુકોના વધતા વેચાણને જવાબદાર ગણી રહયા છે. ટેકસસ રાજયના હ્યુસ્ટન શહેરમાં બંદૂકોથી થતા હત્યામાં ૫૫ ટકાનો વધારો થયો છે. ૨૦૧૯માં ૨૨૧ હતી જે ૨૦૨૦માં ૩૪૩ નોંધાઈ છે. શસ્ત્રો સાથે રાખીને ફરવાની લાગણીના કારણે પણ હત્યાઓ વધી છે.

# US સરકાર પર શટડાઉનનો ખતરો દેવાંની ચુકવણીમાં કસૂરવાર થવાનુ જોખમ

**ન્યૂયોર્ક**

અમેરિકાની જો બાઈડેન સરકાર પર શટડાઉનનો ખતરો તોળાઈ રહ્યો છે. જ્યારે બીજી તરફ દેવાંની ચુકવણીમાં કસૂરવાર થવાનું જોખમ સર્જાયું છે. સરકાર પાસે ખર્ચ કરવાના પૈસા નથી આથી ગુરુવાર પછી તેને ફરજિયાત લોકડાઉન કરવાની ફરજ પડે તેમ છે. સરકારે ૧૮ ઓક્ટોબરની ડેડલાઈન પહેલાં દેવાંની ચુકવણી કરવાની છે. જો તેમાં નિષ્ફળ જશે તો કસૂરવાર જાહેર થઈ શકે તેમ છે. બાઈડેન સરકાર અને ડેમોક્રેટસ પર હાલ આને કારણે ભારે દબાણ સર્જાયું છે. તેમનો ૩.૫ ટ્રિલિયન ડોલરનો એજન્ડા આને કારણે ખતરામાં મુકાઈ શકે છે.

# કેલિફોર્નિયામાં 37 ખરબ 93 કરોડ 3 લાખમાં એક મકાન વેચવા કઢાયું

**વોશિંગ્ટન**

શું આપ દુનિયાના સૌથી આલિશાન ઘરને પોતાનું બનાવા માગો છો, આ ઘરની સુવિધાઓ જોશો તો આપની આંખો પહોંળી થઈ જશે. અમેરિકામાં બનાવેલું આ ઘર એટલું મોટુ અને સુવિધાથી ભરેલુ છે, તેની સામે રાજા રજવાડાની હવેલીઓ પણ ફેલ છે. દુનિયાનું આ સૌથી મોંઘુ અને આલીશાન ઘરની થોડા દિવસમાં બોલી લાગવાની છે. આપ ઈચ્છો તો આ બોલીમાં ભાગ લઈને સુખ સુવિધાનો આનંદ કાયમ માટે લઈ શકો છો. એક રિપોર્ટમાં જણાવ્યા અનુસાર કેલિફોર્નિયાના સુરમ્ય પહાડી વિસ્તારમાં આવેલા આ ઘરનું નામ The One છે. જેનો એરિયા લગભગ ૧૦ હજાર વર્ગ ફૂટ છે. આ ઘરમાં ૨૧ આલિશાન બેડરૂમ, ૪ સ્વીમીંગ પુલ, ૪૫ સીટોવાળું સિનેમા હોલ, ૩૦ કાર રાખી શકાય તેવું ગેરેજ, દોડવા માટે રનિંગ ટ્રેક, એક ઈંડોર સ્પા, એક બ્યૂટી સલૂન આવેલું છે. આ ઘર ચારેબાજૂથી ખુલ્લુ છે અને ત્યાંથી આખા શહેરનો સુંદર નજારો જોવા મળે છે. આ ઘરની પાડોશમાં હોલીવૂડ સ્ટાર જેનિફર એનિસ્ટન અને ટેસ્લાના બોસ એલોન મસ્ક રહે છે.

# ફ્રાન્સના પૂર્વ પ્રેસિડેન્ટ સરકોઝીને ભ્રષ્ટાચારના આરોપમાં એક વર્ષની કેદ

**પેરિસ**

ફ્રાન્સમાં પેરિસની એક અદાલતે પૂર્વ પ્રેસિડેન્ટ નિકોલસ સરકોઝીને એક કેસમાં દોષિત જાહેર કર્યા હતાં અને એક વર્ષની કેદની અને બે વર્ષની સસ્પેન્ડેડ ઈમ્પ્રિઝનમેન્ટની સજા સંભળાવી હતી. ફ્રાન્સમાં ૨૦૦૭થી ૨૦૧૨ દરમિયાન પ્રેસિડેન્ટ રહેલાં સરકોઝીને ૨૦૧૪મા એક વરિષ્ઠ મેજિસ્ટ્રેટ પાસેથી ગેરકાયદે માહિતી મેળવવાના પ્રયાસ માટે દોષિત જાહેર કરવામાં આવ્યા હતાં. જો કે સરકોઝીએ આ મામલે પોતાને નિર્દોષ ગણાવ્યા છે અને તેઓ હવે આગળની કોર્ટમાં અપીલ કરી શકે છે. સરકોઝી ૨૦૧૨માં પ્રેસિડેન્ટની ચૂંટણી દરમિયાન ગેરકાયદે ધનના ઉપયોગના કેસમાં અન્ય ૧૩ લોકો સાથે આ મહિને વધુ એક સુનાવણીનો સામનો કરશે.

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE
REAL ESTATE GROUP


CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**




- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions... Its that Simple!

**JUST LISTED**
Brock/Hwy 401
Pickering



Redesign, Remodel With Your Own Touches. Attention End Users Or Investors This Is The Home You Have Been Waiting For. All Brick Detached Home Featuring 4 Bed&3 Washrooms, Great Functional Layout, Open Concept Kitchen With Large Eat In Brkfst Area. Walkout Deck To Backyard With No Direct Homes Behind. Spacious Bedrooms. Spiral Stairs.Situated In A Cul De Sac Street. Long Driveway, No Sidewalk.Close To Pickering Village, Parks, Schools, Plaza, Minutes To 401.

**COMING SOON!**
Taunton/Thickson
Whitby



Showstopper. Lots of upgrades and ready to move in. Spacious 3 bedroom with 3 bathrooms, many upgrades including new kitchen and bathrooms. Freshly painted, potlights, Spiral staircase and Finished basement to entertaining guests. Spent $$$ on Backyard interlocking. No neighbours at the back. Coming soon on the market next week. If you are interested to preview this listing before it hits the MLS, please contact us.

Call or DM for further details on this both amazing projects.

## Shamim & Amin Kharodia
**Broker of Record / Sales Representative**
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 | D: (647) 308-2941
F : (416) 298-8303 | P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.



# HUGE SALE AT UK SWEATER HOUSE

**SALE STARTS ON FRIDAY OCTOBER 01 TO SUNDAY OCTOBER 10**



Store hours now Monday to Sunday 12 to 7.00

## U.K. SWEATER HOUSE

હવે યુકેના સ્વેટર યુકેથી શું કામ મંગાવીએ ? યુકે સ્વેટર હાઉસમાંથી જ યુકેના સ્વેટર મેળવીએ

ધમાકા સેલ... ધમાકા સેલ... ધમાકા સેલ...

યુ.કે. સ્વેટર લેવા માટે જે ભાઈબહેનો ઘણા સમયથી યુ.કે. સ્વેટરના સ્ટોર પર જતા હતા પરંતુ તેમને સ્વેટર મળતું ન હતું અને તેમને નિરાશા થતી હતી. પરંતુ આ વર્ષે તહેવારોની સીઝનમાં સ્વેટર અને કૂર્તિનો સેલ લાગી ગયો છે. ૦૧ ઓક્ટોબર થી ૧૦ ઓક્ટોબર સુધી ચાલનારા યુ.કે. સ્વેટરના સેલને બિલકુલ પણ તમે મિસ ન કરતા આ સ્વેટરના શિપમેન્ટમાં અલગ અલગ પ્રકારના વુમન સ્વેટર અને કૂર્તિ મળશે.

**જલ્દી કરો આ ઓફર બીજીવાર નહીં મળે**

- SELECTED LADIES 30 DOLLAR CARDIGAN 4 FOR 100
- SELECTED LADIES 35 DOLLAR CARDIGAN 3 FOR 100
- ALSO 40-50-60 DOLLAR CARDIGAN AVAILABLE


**We ship anywhere in the world.**

Also you can shop online now uksweaterhouse.ca

**સેલનો લાભ ઉઠાવવા શો-રૂમની મુલાકાત લો**

જો તમે ગુજરાત જતા હો તો તમારા સ્વજનો માટે સ્વેટર લેતા જાઓ.
યુકેથી કેનેડા આવતા સ્વજનો જે રીતે યુકે સ્વેટર્સની માંગ કરે છે
તે જ રીતે ગુજરાતના તમારા સગાવહાલાઓ પણ યુકે સ્વેટર્સની માગ કરે છે

NO EXCHANGE
NO REFUND
FINAL SALE



Karol Bagh Plaza, 1098, Peter Robertson Blvd., #18, Brampton, Ontario (Torbram & Peter Robertson)


SALE START THIS WEEKEND

FROM EAST - TAKE 401 W AND 410 N TO BOVAIRD Dr. E AND TURN LEFT ON TORBRAM RD. RIGHT ONTO PETER ROBERTSON Blvd.

**Tel: 905-789-8514**



# CLUB CERAMIC





Lapoto Finish



Matt Fiish

પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from $0.89 per square feet only

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

Ceramic tiles starting from $0.50 per square feet only

સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- પોર્સેલિન ટાઈલ્સ અને સિરામિક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે

-: Available Size :-

24" * 24" | 12" * 24" | 24" * 48" | 4" * 8" | 4" * 12"

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

https://clubceramic.com Email : sales@clubceramic.com



Chapel Ridge
FUNERAL HOME & CREMATION CENTRE

**416.993.0826**
**24/7 # 905.305.8508**



તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઑફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. *(St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)*

**ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત $4270**

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ

1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત $595 એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

* *This is not a general insurance. Applies only in case of a death away from home.*

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com